વર્ષ : ૪૭ ❖ અંક : ૦૨
ફેબ્રુઆરી-૨૦૨૩

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

Retail Price Rs. 5/- Each

## સમ્યગ્દર્શનના આઠ અંગો

- નિઃશંકિત્વ (અંજનચોર)
- નિઃકાંક્ષિત્વ (અનંતમતિ)
- નિર્વિચિકિત્સા (ઉદ્દાયનરાજા)
- અમૂઢદૃષ્ટિ (રેવતી રાણી)
- ઉપગૂહનત્વ (જિનેન્દ્ર ભક્ત શેઠ)
- સ્થિતિકરણ (વારિષેણ મુનિ)
- વાત્સલ્ય (વિષ્ણુકુમાર મુનિ)
- પ્રભાવના (વજ્રકુમાર મુનિ)

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
મો.નં. ૯૪૨૮૯૯૨૩૮૯ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૯૯૨૩૭૯ (રિસેપ્શન / આવાસ)
Mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org

# સંસ્થામાં સંતો / મહાનુભાવોનું શુભાગમન



પૂજ્યશ્રી ૧૦૫ વર્ધસ્વનંદની આર્યિકામાતા (સસંઘ)



પૂજ્યશ્રી ધીરજમુનિ તથા સ્વામી શ્રી અસંગાનંદ સરસ્વતી



પૂજ્યશ્રી રાકેશભાઈ



પૂજ્ય બહેનશ્રી રત્નાપ્રભુ



લંડનથી પધારેલા મહાનુભાવો



પૂ. સંપ્રજ્ઞાજી તથા પૂ. રોહિણીજી (વીરાયતન)




ન્યુજર્સી (અમેરિકા) થી પધારેલા મહાનુભાવો

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

(મો) ૯૪૨૭૦૬૪૪૭૯

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન:૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય/એકાઉન્ટ્સ)

૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન/આવાસ)

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ.............. શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫

(૨) વિવેકની સાચી સમજણ ....... પૂજ્યશ્રી આત્માનંદજી..... ૬

(૩) મેરી ભાવના-એક અનુચિંતન ........ પૂજ્ય બહેનશ્રી.....૮

(૪) સમ્યક્‌તપ ............. બા.બ્ર. સુરેશજી ........... ૧૦

(૫) વિવેક એ જ ધર્મ છે ........ સમણ શ્રુતપ્રજ્ઞજી ....... ૧૨

(૬) નિજ સ્વરૂપનો બોધ! .... પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ ... ૧૫

(૭) શ્રી પૂજ્યપાદ આચાર્ય ..... પ્રા. ચંદાબહેન પંચાલી ..... ૧૭

(૮) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર... ..શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૦

(૯) પરિણામનું અવલોકન ...... શ્રી રમેશભાઈ ખંધાર ..... ૨૪

(૧૦) રામ રતન ધન પાયો ..... શ્રી ભાનુબેન શાહ .... ૨૮

(૧૧) જૈન ધર્મ અને પર્યાવરણ ....... શ્રી પારુલબેન ગાંધી .... ૩૦

(૧૨) બાળવિભાગ ........ શ્રી મિતેશભાઈ શાહ .......... ૩૩

(૧૩) સમાજ-સંસ્થા દર્શન .............................. ૩૫


**વર્ષ : ૪૭ ફેબ્રુઆરી-૨૦૨૩ અંક-૦૨**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય/એકાઉન્ટસ)**

**૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન/આવાસ)**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**બેંકમાં સીધું દાન ભરવા માટેની વિગત**

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

**BANK DETAILS FOR FOREIGN DONORS**

**IN FAVOUR OF :** SHREE SATSHRUT SEVA SADHANA KENDRA

**NAME of BANK :** STATE BANK OF INDIA

**BRANCH :** NEW DELHI, MAIN BRANCH 11, PARLIAMENT STREET-110001

**A/C NO. :** 40102524216 **IFSC CODE :** SBIN0000691

**SWIFT CODE :** SBININBB104

**INCOME TAX EXEMPTION UNDER SECTION (80G) 5 OF THE INCOME TAX ACT, 1961. VIDE NO. CIT / GNR / 80G / GNR89 / 2008-2009**

**INCOME TAX REGISTRATION U/S. 12AA. 041910192**

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**ગ્રાહકોને નમ્ર વિનંતી**

આપના હાલના મોબાઇલ નંબર તેમજ E-mail એડ્રેસ સંસ્થાને આપના ગ્રાહક નંબર સાથે રેકર્ડ અપડેશન માટે તુરત જ મોકલી આપવા વિનંતી.
**મો.નં.** ૯૪૨૮૯૬૨૩૭૬,
**વોટ્સએપ નં.** ૯૩૨૭૦૯૦૩૯૩

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

દરરોજ સવારે આપને પ્રાર્થના કરતાં હું બોલું છું- "શ્રી રાજચંદ્ર કૃપાળુ ભજમન, ભક્તજન સુ શિવકરં; મૈં શરણ આયો આપકી, ભય ભવભ્રમણકો દૂર કરં, મૂઢમતિ મૈં ક્યા કહું, ટાળી તિમિર દુઃખ જ્યોતિ હરં, ગુરુરાજ કરુણાસિંધુ દીન પર, એક બાર કૃપા કરં."

પરંતુ, આજે પ્રથમવાર આ બોલ્યા પછી એવો વિચાર આવ્યો કે, આપની કૃપાને પાત્ર શું હું છું કે ? (અને આપની કૃપાથી) સાંજે જ આ પ્રશ્નનું નિરાકરણ મને એક પ્રાર્થના વાંચતા થઇ પણ ગયું. તેમાં લખ્યું હતું, "હે પરમાત્મા ! આ માનવભવના સ્ટેશન ઉપર હું આવ્યો છું, પણ મને ખબર નથી કે હું શું કરી રહ્યો છું! મને શું જોઇએ છે અને શું નથી જોઈતું એની પણ મને ખબર નથી ! ક્યાંથી આવ્યો છું અને ક્યાં જવાનો છું, એની પણ મને ખબર નથી ! દરેક ક્ષણે હું કંઇક શોધી રહ્યો છું, પણ શું શોધું છું એની પણ મને ખબર નથી ! આવી મારી બેહાલ દશા છે !'

હે પ્રભુ ! મારી આવી બેહાલ દશામાં હું આપને માત્ર એટલું જ કહું છું કે આપની કૃપાને લાયક હું છું કે નહીં એની પણ મને ખબર નથી ! હું અલ્પમતિ છું, હું મૂઢમતિ છું ! આપ કૃપાળુને હું વધુ શું કહું ? હું આપના શરણમાં આવ્યો છું. મારું અજ્ઞાનતિમિર ટાળી, ભવભ્રમણને ટાળી, હે કરુણાસિંધુ! આ દીન અને પામર ઉપર કૃપા કરો તો મારો આ ભવનો ફેરો સફળ થઇ જાય. હે પ્રભુ! એકવાર કૃપા કરો, એકવાર કૃપા કરો અને મને શ્રદ્ધા છે કે એમ બનશે જ - કારણ કે

"કૃપાળુના નામે ભાગ્ય જાગે,
કૃપાળુના નામે ભીતિ ભાગે,
કૃપાળુના નામે સંતાપ વિનાશે,
કૃપાળુના નામે ભવતાપ નાશે."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ


# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક-૫૬૦

મુંબઈ, પોષ, ૧૯૫૧

જો જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે; તો પછી ક્ષણે ક્ષણે આત્મોપયોગ સ્થિર કરવો ઘટે એવો કઠણ માર્ગ તે જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયે પ્રાપ્ત થવો કેમ સુલભ ન હોય ? કેમકે તે ઉપયોગના એકાગ્રપણા વિના તો મોક્ષપદની ઉત્પત્તિ છે નહીં. જ્ઞાનીપુરુષના વચનનો દૃઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે; તો પછી અમે કહીએ છીએ કે આ વૃત્તિઓનો જય કરવો ઘટે છે, તે વૃત્તિઓનો જય કેમ ન થઇ શકે ? આટલું સત્ય છે કે આ દુષમકાળને વિષે સત્સંગની સમીપતા કે દૃઢ આશ્રય વિશેષ જોઇએ અને અસત્સંગથી અત્યંત નિવૃત્તિ જોઇએ; તોપણ મુમુક્ષુને તો એમ જ ઘટે છે કે કઠણમાં કઠણ આત્મસાધન હોય તેની પ્રથમ ઇચ્છા કરવી, કે જેથી સર્વ સાધન અલ્પ કાળમાં ફળીભૂત થાય.



શ્રી તીર્થંકરે તો એટલા સુધી કહ્યું છે કે જે જ્ઞાનીપુરુષની દશા સંસારપરિક્ષીણ થઇ છે, તે જ્ઞાનીપુરુષને પરંપરા કર્મબંધ સંભવતો નથી, તોપણ પુરુષાર્થ મુખ્ય રાખવો, કે જે બીજા જીવને પણ આત્મસાધન-પરિણામનો હેતુ થાય.

'સમયસાર' માંથી જે કાવ્ય લખેલ છે તે તથા તેવા બીજા સિદ્ધાંતો માટે સમાગમે સમાધાન કરવાનું સુગમ પડશે.

જ્ઞાનીપુરુષને આત્મપ્રતિબંધપણે સંસારસેવા હોય નહીં, પણ પ્રારબ્ધપ્રતિબંધપણે હોય, એમ છતાં પણ તેથી નિવર્તવારૂપ પરિણામને પામે એમ જ્ઞાનીની રીત હોય છે; જે રીતનો આશ્રય કરતાં હાલ ત્રણ વર્ષ થયાં વિશેષ તેમ કર્યું છે અને તેમાં જરૂર આત્મદશાને ભુલાવે એવો સંભવ રહે તેવો ઉદય પણ જેટલો બન્યો તેટલો સમપરિણામે વેદ્યો છે; જો કે તે વેદવાના કાળને વિષે સર્વસંગનિવૃત્તિ કોઇ રીતે થાય તો સારું એમ સૂઝ્યાં કર્યું છે; તોપણ સર્વસંગનિવૃત્તિએ જે દશા રહેવી જોઇએ તે દશા ઉદયમાં રહે, તો અલ્પ કાલમાં વિશેષ કર્મની નિવૃત્તિ થાય એમ જાણી જેટલું બન્યું તેટલું તે પ્રકારે કર્યું છે; પણ મનમાં હવે એમ રહે છે કે આ પ્રસંગથી એટલે સકલ ગૃહવાસથી દૂર થવાય તેમ ન હોય તોપણ વ્યાપારાદિ પ્રસંગથી નિવૃત્ત, દૂર થવાય તો સારું, કેમકે આત્મભાવે પરિણામ પામવાને વિષે જે દશા જ્ઞાનીની જોઇએ તે દશા આ વ્યાપાર વ્યવહારથી મુમુક્ષુજીવને દેખાતી નથી. આ પ્રકાર જે લખ્યો છે તે વિષે હમણાં વિચાર ક્યારેક ક્યારેક વિશેષ ઉદય પામે છે. તે વિષે જે પરિણામ આવે તે ખરું. આ પ્રસંગ લખ્યો છે તે લોકોમાં હાલ પ્રગટ થવા દેવા યોગ્ય નથી. માહ સુદ બીજ ઉપર તે તરફ આવવાનું થવાનો સંભવ રહે છે. એ જ વિનંતી.

### પત્રાંક-૮૧૩


મુંબઈ, આસો વદ ૭, ૧૯૫૩

ઉપરની ભૂમિકાઓમાં પણ અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વાસનાનું સંક્રમણ થઇ આવે છે, અને આત્માને વારંવાર આકુળ વ્યાકુળ કરી દે છે; વારંવાર એમ થયા કરે છે કે હવે ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થવી દુર્લભ જ છે, અને વર્તમાન ભૂમિકામાં સ્થિતિ પણ ફરી થવી દુર્લભ છે. એવા અસંખ્ય અંતરાયપરિણામ ઉપરની ભૂમિકામાં પણ બને છે, તો પછી શુભેચ્છાદિ ભૂમિકાએ તેમ બને એ કંઇ આશ્ચર્યકારક નથી. તેવા અંતરાયથી ખેદ નહીં પામતાં આત્માર્થી જીવે પુરુષાર્થદૃષ્ટિ કરવી અને શૂરવીરપણું

**(અનુસંધાન પાના નં. ૯ પર)**

# વિવેકની સાચી સમજણ અને તેનો પુરુષાર્થ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



આત્મકલ્યાણમાં સૌથી મુખ્ય પાયારૂપ ગુણ તે વિવેક છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃતમાં કહ્યું છે કે, "ધર્મનું મૂળ તે વિવેક છે." અત્યારે સમાજમાં મુખ્યત્વે અશાંતિ ફેલાયેલી છે, જેનું મૂળ પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ છે. શ્રી 'અમૂલ્યતત્ત્વ વિચાર'માં શ્રીમદ્જીએ કહ્યું છે,

"એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા."

ઘરના માણસો સાથે ઝઘડો કરીને આવું આધ્યાત્મિક પદ વિચારવાનું નથી. એક શાંતપણું પ્રાપ્ત કરવાથી દ્વાદશાંગીના સારને પ્રાપ્ત કરી શકાય છે એમ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે. આપણે શાંત કરવાની કળા પ્રાપ્ત કરવી જોઈએ. વિચાર અને વિવેક કાંઈ એની મેળે આવતા નથી પણ આપણે કરવા પડે કારણ કે વિચાર અને વિવેકનો કર્તા આત્મા છે. કોઈ એમ કહે કે સાહેબ, મારું કલ્યાણ થવાનું હશે ત્યારે મને સારા વિચારો આવશે. અત્યારે જેવા તેવા વિચારો આવે તો વાંધો નહિ ! ત્યારે શ્રી ગુરુ તેને કહે છે કે હાલતો થા ભાઈ, મોક્ષમાર્ગમાં તારું કાંઈ કામ નથી. ખરાબ વિચારો, બીજાનું અહિત થાય તેવા વિચારો, નિંદા, ઈર્ષ્યા એવા અયોગ્ય વિચારો તે ગમે તે રીતે કાઢવા જોઈએ. ક્યારેક એમ થાય કે સાહેબ ! ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં તેવા વિચારો આવ્યા જ કરે છે તો હું શું કરું ? તેના ઉપાય ગુરુગમથી જાણવા. તેના શારીરિક ઉપાય પણ છે, આહાર વિષયક ઉપાય છે, ક્ષેત્ર વિષયક ઉપાય છે એમ ઘણા ઉપાયો છે.

સંસારના અજ્ઞાની મોહી જીવોને મિથ્યાત્વ મોહનીય નામના કર્મે અનાદિકાળથી એકદમ ઘેરી લીધા છે તો પણ આ કર્મો તે ઘેટાં-બકરા જેવા છે અને જે આત્મા છે તે સિંહ જેવો છે. ઘણા બધા ઘેટાં-બકરાં હોય પણ સિંહ જો એક ત્રાડ પાડે તો તે બધા વેરવિખેર થઈ જાય. ભગવાન કહે છે કે હે ભાગ્યવાન! તું સિંહ છો. તો આ મોહી જીવ કહે છે કે ના પ્રભુ, હું તો બકરો છું, સસલું છું ! આમ, આ જીવ કહે છે કે સાહેબ! હું શું કરું ? કર્મોએ મને ઘેર્યો છે એટલે મારાથી ધરમ થતો નથી. મોહનીય કર્મના બે ભેદ છે-દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીય. ચારિત્ર મોહનીયને મારવા માટે કષાયો ઘટાડવાં. સાદી ભાષામાં પાપ ઓછાં કરવાં. તેના માટે સત્દેવ-ગુરુ-ધર્મની ભક્તિ-સેવા વગેરે કરવાં. ગૃહસ્થના ષટ્આવશ્યક કરવાં. દર્શન મોહનીયને મારવા માટે સર્વપ્રથમ જગતના પદાર્થો અને વ્યક્તિઓનું સ્વામીપણું, માલિકીનો ભાવ, માલિકીની માન્યતા છોડવી અને તે બધાના Care taker, ટ્રસ્ટી, વહીવટ માત્ર કરતાં ધીરે ધીરે મોહનીય કર્મ તૂટે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષમાળા શિક્ષાપાઠ-૫૧ 'વિવેક એટલે શું ?' માં લખ્યું છે કે, **"ગુરુ - ત્યારે એ જ સમજવાનું છે કે જ્ઞાનદર્શનરૂપ આત્માના સત્ય ભાવ પદાર્થને અજ્ઞાન અને અદર્શનરૂપ અસત્ વસ્તુએ ઘેરી લીધા છે."**

અહીં કૃપાળુદેવે 'ભાવ પદાર્થ' લખ્યું છે તેના પાછળ મોટું રહસ્ય છે. એટલે આત્મા એક પદાર્થ, છે જે નવા-નવા ભાવ કર્યા જ કરે છે. નવા-નવા ભાવ થવાં તે દ્રવ્યનું લક્ષણ છે. આપણે જ્ઞાન-દર્શનરૂપ પદાર્થ છીએ, જેને આ મોહકર્મે ઘેરી લીધો છે. આત્માના પ્રદેશે-પ્રદેશે જીવને જગતના પદાર્થો પ્રત્યે આકર્ષણ છે. તે ઘટાડવાં માટે સત્સંગ, સદ્બોધ, સદાચારની આજ્ઞા જ્ઞાની પુરુષોની છે. **"એમાં એટલી બધી મિશ્રતા થઈ ગઈ છે કે પરીક્ષા કરવી અતિ અતિ દુર્લભ છે."** - સદ્ગુરુ આપણને કહે કે ભાઈ! તું આત્મા છે, ત્યારે આ અભાગી જીવ કહે છે કે લો, આ તો મારા રૂપના તો વખાણ જ કરતાં નથી. હું કેટલો ગોરો છું, મારી મૂછો કેટલી સારી છે તેને

તો જોતા જ નથી! કોઈ પૂછે કે તમે કોણ ? તો તરત જ કહેશે કે 'હું મગનભાઈ, છગનભાઈ, નગરશેઠ, મને નથી ઓળખતા ?' આવું માત્ર ગૃહસ્થને જ નથી થતું ત્યાગીઓને પણ થાય છે. 'હું આચાર્ય છું, મુનિ છું, બ્રહ્મચારી છું, આ બધા મારા શિષ્યો છે, આ બધા મારા શાસ્ત્રો છે!' અને શ્રીગુરુ કહે છે કે ભાઈ! તું આત્મા છો પણ આ જડ સાથે એટલી બધી તેને મિશ્રતા થઈ ગઈ છે કે પરીક્ષા કરવી અતિ-અતિ દુર્લભ છે. શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૨૨૯માં કહ્યું છે, "અનંતકાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે. તેમાં એકદમ સત્ સંબંધી સંસ્કાર સ્થિત થતા નથી. જેમ મલિન દર્પણને વિષે યથાયોગ્ય પ્રતિબિંબદર્શન થઈ શકતું નથી, તેમ અસત્ વાસનાવાળા ચિત્તને વિષે પણ સત્ સંબંધી સંસ્કાર યથાયોગ્ય પ્રતિબિંબિત થતા નથી; ક્વચિત્ અંશે થાય છે, ત્યાં જીવ પાછો અનંતકાળનો જે મિથ્યા અભ્યાસ છે, તેના વિકલ્પમાં પડી જાય છે. એટલે તે ક્વચિત્ સત્‌ના અંશો પર આવરણ આવે છે."

આપણે માત્ર પર્યુષણના દિવસોમાં જ ધર્મશ્રવણ કરીએ છીએ અને ત્યારબાદના બધા દિવસો તેનાથી વિપરીતને જ સાંભળીએ છીએ અને તેમાં જ રાચીએ છીએ. પર્યુષણમાં જઇએ છીએ તે પણ અંતરથી જતાં નથી. આ તો હમણાં દુકાન બંધ છે ને ઘરના આખો દિવસ 'કિચ કિચ' કર્યા કરે એટલે તથા લોકલાજથી જઇએ છીએ અને ધર્મ સાંભળીએ છીએ. માટે આપણામાં ધર્મના સંસ્કારો સ્થિર થતાં નથી. તેમાં અનાદિકાળનો મિથ્યા અધ્યાસ તથા અંતરનો પુરુષાર્થ થતો નથી તે મુખ્ય કારણ છે.

**હવે આગળ ફરી પરમકૃપાળુદેવ શિ.પાઠ-૫૧ માં કહે છે કે, "સંસારના સુખો અનંતી વાર આત્માએ ભોગવ્યાં છતાં તેમાંથી હજુ પણ મોહિની ટળી નહીં, અને તેને અમૃત જેવો ગણ્યો એ અવિવેક છે; કારણ સંસાર કડવો છે; કડવા વિપાકને આપે છે; તેમજ વૈરાગ્ય જે એ કડવા વિપાકનું ઔષધ છે, તેને કડવો ગણ્યો; આ પણ અવિવેક છે. જ્ઞાનદર્શનાદિ ગુણો અજ્ઞાન-અદર્શને ઘેરી લઈ જે મિશ્રતા કરી નાખી છે તે ઓળખી ભાવ અમૃતમાં આવવું, એનું નામ વિવેક છે."**

વિવેક માટે બીજા પણ ઘણા શબ્દો છે, જેમ કે, ભેદજ્ઞાન, સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન, સાચી સમજણ, આત્મખ્યાતિ, વિવેકજ્ઞાન, વિવેકખ્યાતિ વગેરે. પરમ અધ્યાત્મ યોગીશ્વર શ્રીકુંદકુંદાચાર્ય 'શ્રી સમયસાર'માં કહે છે કે

"આત્મા અને આસ્રવતણો જ્યાં ભેદ જીવ જાણે નહીં;
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી, અજ્ઞાની એવા જીવની."

આગળ આશીર્વાદ સહિત આજ્ઞા કરે છે કે,

*"અશુચિપણું વિપરીતતા એ આસ્રવોના જાણીને;*
*વળી જાણીને દુઃખ કારણો, તેથી નિવર્તન જીવ કરે."*

જો આ જીવ જાગે તો કર્મો ભાગે, પણ હજુ સુધી આ જીવે શ્રી સત્‌દેવ-ગુરુ-ધર્મને હજુ સુધી પારમાર્થિક આનંદ દેવાવાળા માન્યા નથી. જે માન્યા છે તે, લોકસંજ્ઞાએ, ઓઘસંજ્ઞાએ અથવા સાંપ્રદાયિકપણે માન્યા છે. આ જીવ જાગે તો કર્મો ભાગે. પરંતુ અનાદિના કુસંસ્કારો છે તેને ટાળવાના પ્રયત્નો કરવા કરતાં તેને પોષવાના ઉપાયો જીવ અધિક કરે છે. આપણે કોઈની નિંદા કરવી જોઈએ નહીં. આચાર્ય તેને બોલાવી, તેના દોષ બતાવી તેના ઉપાયો બતાવી શકે પણ આપણે કોઇને ગાળો દેવી કે નિંદા આદિ કરવા જોઇએ નહીં કારણ કે આપણે કાંઈ આચાર્ય નથી. જો આપણી પાસે આવી કોઈ સત્તા હોય તો પણ વિવેકપૂર્વક તેનું સમાધાન કરવું જોઇએ. રાગ-દ્વેષ કરવાં તે આત્માનો સ્વભાવ નથી પણ આપણને અનાદિની ટેવ પડી ગઈ છે. એટલે ભગવાન કહે છે તોપણ આપણે છોડતાં નથી! ખરેખર તો આપણે કહેવું જોઈએ કે હે પ્રભુ! આપે કહ્યું તે સાચું છે. હું મૂઢ, મૂર્ખ, દુષ્ટ, પાપી આપનું કહ્યું કરતો નથી પણ આપે કહ્યું તે સાચું છે, તે કરવા જેવું છે. હું હવે પ્રયત્ન કરીશ. કારણ કે ભગવાન સાચા છે એવો અંતરમાં વિશ્વાસ રાખવો. આમ, અભ્યાસ અને વૈરાગ્ય વધારવાં. આત્માની જાગૃતિ તે જ અભ્યાસ. આમ, કુસંસ્કારોને મંદ કરીએ અને સુસંસ્કારોને સ્થાપિત કરીએ તો ભગવાન આત્મા જાગે છે અને અલ્પકાળમાં જ ઉત્તમ આનંદની પ્રાપ્તિ થાય છે, જે ધીમે ધીમે વધતો જાય છે અને પૂરેપૂરો પ્રગટી જાય છે. આવો ભગવાનનો અનુભવ છે તેને અનુસરવાથી આપણું કલ્યાણ થાય છે.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

શ્રી જુગલકિશોરજી મુખ્તાર 'યુગવીર' વિરચિત

# મેરી ભાવના - એક અનુચિંતન

(આધારઃ પૂજ્યશ્રી આત્માનંદજી કૃત વિવેચન)

પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી

(ગાથા-૬)

**ગુણીજનોં કે દેખ હૃદયમેં,**
**મેરે પ્રેમ ઉમડ આવે,**
**બને જહાં તક ઉનકી સેવા,**
**કરકે યહ મન સુખ પાવે;**
**હોઊં નહીં કૃતઘ્ન કભી મૈં,**
**દ્રોહ ન મેરે ઉર આવે,**
**ગુણગ્રહણ કા ભાવ રહે નિત,**
**દૃષ્ટિ ન દોષોં પર જાવે.**

**શબ્દાર્થ :**

સાધક જીવ બીજાના સદ્‌ગુણો જોઇને, ગુણીજનોને મળીને અત્યંત હર્ષિત થાય છે. વળી, પારમાર્થિક - આત્મિક ગુણો પ્રગટેલા જોઇને તેનો હૃદયથી પ્રેમ ઉભરાઈ જાય છે. તેથી તે કહે છે કે એવા પારમાર્થિક-આત્મિક ગુણોને જોઇને મને તેમની સેવા કરવાનો ઉત્તમ 'ભાવ' આવે છે, જેથી મારામાં પણ એવા ગુણ પ્રગટવાથી મને સુખ-આનંદની પ્રાપ્તિ થશે. હું કોઈ દિવસ કૃતઘ્ન નહીં બનું. હું કૃતજ્ઞ બનીશ. કોઈથી દગો, ઈર્ષા, દ્વેષ, વેર કરીશ નહીં અને ગુણગ્રહણનો જ ભાવ રાખીશ. કોઇના દોષોને નહીં જોઉં-દૃષ્ટિ નહિ કરું.

**વિશેષાર્થ :**

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતમાં વ.પ.૧૦૫ માં સાધકના ઉપરોક્ત ગુણોનું વર્ણન છે. તેમાં તેઓ જણાવે છે કે મહાવીરના બોધને પાત્ર થવું હોય - સમ્યગ્દર્શન પ્રગટાવવું હોય તો ઉપરોક્ત ગુણો જીવનમાં લાવવા પડે, ગુણગ્રાહી થવું પડે. શ્રી ચિત્રભાનુજી પદમાં જણાવે છે,

"ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમળમાં મુજ જીવનનું અર્ઘ્ય રહે."

મહાપુરુષોનાં-સંતોના આત્મિક સદ્‌ગુણો ઘણા છે, પણ થોડા ગુણો જે આત્માના દશધર્મમાં વર્ણવ્યા છે તે નીચે પ્રમાણે છે : "उत्तमक्षमा-मार्द-वार्जव-शौच-सत्य-संयम-तप-स्त्यागा-किचन्य-ब्रह्मचर्याणि धर्मः।"

**- શ્રી તત્ત્વાર્થસૂત્ર (અધ્યાય-૯)**

ઉપરોક્ત ઉત્તમ ગુણો તો સપ્તમગુણસ્થાનવર્તી મુનિ મહારાજમાં પ્રગટે છે પણ ગુણિયલ સાધકોમાં પણ અંશે એવા ગુણ અવશ્ય પ્રગટે છે, પરમકૃપાળુદેવ વ.પ.૯૫૪ માં ફરમાવે છે,

"ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;,
પ્રાપ્તિ શ્રી સદ્‌ગુરુ વડે, જિનદર્શન અનુયોગ.
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ પ્રથમ ભૂમિકા ધાર."

ઉપરોક્ત ગુણો શ્રી સદ્‌ગુરુકૃપાથી આત્માર્થી-સાધકને અવશ્ય પ્રગટે છે કારણ કે તે ગુણો સાધનાની પ્રથમ ભૂમિકામાં અનિવાર્ય કહ્યાં છે. સાધક આત્માને આત્યંતિક ગુણજિજ્ઞાસા હોવાથી કહે છે કે હું ગુણવાન આત્મા પધારશે ત્યારે તેમનો સત્સંગ કરી તેમનામાંથી ક્ષમા, વિનય, ત્યાગ, સેવા, દાન, પરોપકાર, સરળતા, આત્મજાગૃતિ આદિ ગુણો ગ્રહણ કરીશ અને કોઈથી પણ રાગદ્વેષ, નિંદા, ઈર્ષા નહિ કરું.

જે કોઈ મનુષ્યોએ આ જીવનમાં મારા પર ઉપકાર કર્યો છે તે સર્વેનો હું ઋણી છું તથા માતા-પિતા-ગુરુ તેમજ અન્ય ગુણિયલજનો, કે જેમણે મારી સત્પાત્રતા-ધર્મશ્રદ્ધામાં વૃદ્ધિ કરી છે તેમના ચરણકમળોમાં વંદન કરું છું. તેમના ઉપકારનો બદલો કેવી રીતે વાળું ? હું સર્વપ્રકારે તેમના પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. મારો ભાવ નિરંતર ગુણ-ગ્રહણ કરવાનો જ છે. મહાપુરુષો અનેકાનેક ગુણોના ભંડાર છે, પણ કાળદોષે કોઈનામાં કોઈ દોષ કદાચ દેખાય તો પણ તે પ્રત્યે હું ઉપેક્ષાભાવ કરીશ-તેના પર દૃષ્ટિ નહિ કરું.



●●●

**ઉપસંહાર :**

સાધક મહાત્મા-સાચો આત્માર્થી જીવ મહાપુરુષોના કૃપાપાત્ર થવા માટે -ગુણગ્રહણ કરવા માટે નિરંતર ઉદ્યમ કરે છે. કોઈથી દ્વેષ નથી કરતા તથા દોષો ઉપર દૃષ્ટિ નથી કરતા. જેઓએ સદ્‌ગુરુના સાન્નિધ્યમાં રહી તેમની આજ્ઞાને સર્વશક્તિથી ઉપાસવાનો નિર્ણય કર્યો છે તથા તેમની નિશ્રામાં રહી તેમની સેવા કરે છે તે થોડા સમયમાં તેમના જેવો જ થઇ જાય છે.

★ આત્મા વિનયી થઇ સરળ અને લઘુત્વભાવ પામી સદૈવ સત્પુરુષના ચરણકમળ પ્રતિ રહ્યો તો જે મહાત્માઓને નમસ્કાર કર્યા છે તે મહાત્માઓની જે જાતિની રિદ્ધિ છે, તે જાતિની રિદ્ધિ સંપ્રાપ્ય કરી શકાય. **- શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૫૫**

★ જ્ઞાનીના આશ્રયે જ્ઞાન, અજ્ઞથી અજ્ઞતા મળે,
હોય જેની કને જે તે, આપે લોકોક્તિ એ ફળે.
**- ઈષ્ટોપદેશ ગાથા-૨૩**

★ પારસ ઔર સંતમેં, બડો અંતરો જાન,
વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન.

★ સંત બડે પરમારથી, શીતલ વાકો અંગ,
ઔરોં કો શીતલ કરે, દે દે અપનો રંગ.

★ સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઇ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ.
**- શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા-૯**

★ ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે.

**- વચનામૃત પત્રાંક-૧૯૪**

ઉપરોક્ત ન્યાય અનંતગુણ ધારક પરમગુરુ પરમાત્મા તથા તેમના અનન્ય ભક્તને પણ લાગુ પડે છે તે દર્શાવતા પદો :-

★ પ્રભુજીને અવલંબતા,
નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ,
દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચળ સુખવાસ,
ઋષભ જિણંદશું પ્રીતડી

★ સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દરિશણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ, વીર્ય ઉલ્લાસથી,
કર્મ ઝીંપી વસે મુક્તિ ધામે
તાર હો તાર પ્રભુ.
**- પૂજ્યશ્રી દેવચંદ્રજી મહારાજ**

★ પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે, પણ તે ધ્યાવન આત્મા સત્પુરુષના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શકતો નથી એ નિર્ગ્રંથ ભગવાનનું સર્વોત્કૃષ્ટ વચનામૃત છે.

**- શ્રીમદ્ રાજચંદ્ર વ.પ.-૬૨**

આ પ્રમાણે 'મેરી ભાવના' ગાથા નં. ૫/૬ માં સાધક આત્માએ પોતાના જીવનમાં શ્રી સદ્‌ગુરુ, ગુણિયલજનોનો સત્સમાગમ કરીને મોક્ષમાર્ગ માટે આવશ્યક મૈત્રી આદિ ચાર ભાવનાઓ પ્રગટ કરવાનો દૃઢ નિર્ણય કર્યો છે. (મૈત્રી, ગુણપ્રમોદ, કરુણા, માધ્યસ્થભાવના) જેથી વિશ્વપ્રેમ પ્રગટે.

★ સૌ પ્રાણી આ સંસારના સન્મિત્ર મુજ વ્હાલા થજો,
સદ્‌ગુણમાં આનંદ માનું મિત્ર કે વૈરી હજો;
દુ:ખીયા પ્રતિ કરુણા અને, દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા
**- શ્રી અમિતગતિ સામાયિક પાઠ**

**શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ**

●●●

## શ્રી સદ્‌ગુરુપ્રસાદ ...

**પાના નં. ૫ પરથી ચાલુ...**

રાખવું, હિતકારી દ્રવ્ય ક્ષેત્રાદિ યોગનું અનુસંધાન કરવું, સત્શાસ્ત્રનો વિશેષ પરિચય રાખી વારંવાર હઠ કરીને પણ મનને સદ્વિચારમાં પ્રવેશિત કરવું, અને મનના દુરાત્મ્યપણાથી આકુળ-વ્યાકુળતા નહીં પામતાં ધૈર્યથી સદ્વિચારપંથે જવાનો ઉદ્યમ કરતાં જય થઇ ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે, અને અવિક્ષેપપણું પ્રાપ્ત થાય છે. 'યોગદૃષ્ટિસમુચ્ચય' વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.

●●●

# સમ્યક્ તપ (ક્રમાંક-૨૫)

બા.બ્ર. સુરેશજી

## (૪) રૂપાતીત ધ્યાન

રૂપનું અવલંબન છોડીને માત્ર ગુણોનું ચિંતન કરવું રૂપાતીત ધ્યાન કહેવાય છે અથવા રૂપ નામ વિકલ્પનું પણ છે અર્થાત્ ગુણવિચારમાં એટલું તન્મય થઇ જવું કે તે ગુણનું માત્ર ભાવ ભાસન રહે, વિકલ્પ તિરોહિત થઇ જાય તેને પણ રૂપાતીત ધ્યાન કહે છે. આ ધ્યાનનું સ્વરૂપ બાલયતિ શ્રીમદ્ કાર્તિકેયસ્વામીએ પોતાના ગ્રંથ કાર્તિકેયાનુપ્રેક્ષામાં સુંદર રીતે નિરૂપિત કર્યુ છે તેથી શબ્દશ: તેને જ અવતરિત કરીએ :-

"રૂપસ્થ ધ્યાનમાં જેમનું ચિત્ત સ્થિર થઇ ગયું છે અને જેમનો વિભ્રમ નષ્ટ થઇ ગયો છે એવા ધ્યાની અમૂર્ત, અજન્મ અને ઇન્દ્રિયોને અગોચર પરમાત્માના ધ્યાનનો પ્રારંભ કરે છે. *જે ધ્યાનમાં ધ્યાની પુરુષ ચિદાનંદમય, શુદ્ધ, અમૂર્ત્ત, પરમાક્ષરરૂપ આત્માનું આત્મા દ્વારા ધ્યાન કરે છે તેને રૂપાતીત ધ્યાન કહે છે.* ધ્યાનમાં પહેલા પોતાના ગુણોનો વિચાર કરવો, પછી સિદ્ધોના ગુણોનો વિચાર કરવો, પછી પોતાનો આત્મા, બીજા આત્માઓ તથા મુક્તાત્માઓ વચ્ચે ગુણકૃત ભેદને દૂર કરવો, ત્યારબાદ પરમાત્માના સ્વભાવની સાથે એકરૂપથી ભાવિત પોતાના આત્માને પરમાત્માના ગુણોથી પૂર્ણ કરીને પરમાત્મામાં ભેળવી દો. જે ધ્યાની પ્રમાણ અને નયો દ્વારા પોતાના આત્મસ્વરૂપ (આત્મતત્વ) ને જાણે છે તે યોગી કોઇપણ સંદેહ (શંકા) વિના પરમાત્માને જાણે છે. આકાશનો આકાર પરંતુ પૌદ્ગલિક આકારથી રહિત પૂર્ણ, શાંત, પોતાના સ્વરૂપથી ચ્યુત ન થનાર, અંતિમ શરીરથી કાંઇક ન્યૂન, પોતાના ઘનીભૂત પ્રદેશોથી સ્થિર, લોકના અગ્ર ભાગમાં વિરાજમાન, કલ્યાણરૂપ, રાગરહિત અને પુરુષાકાર અમૂર્ત, સિદ્ધપરમેષ્ઠીનું ચિંતન કરો. જેમાંથી મીણ નીકળી ગયું છે, એવી મૂષિકા (બિંબાકાર પ્રદેશ) ના ઉદરમાં જેવો આકાશનો આકાર રહે છે તદાકાર સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરવું. સમસ્ત અવયવોથી પૂર્ણ અને સમસ્ત લક્ષણોથી લક્ષિત તથા નિર્મળ દર્પણમાં પડતા પ્રતિબિંબ સમાન પ્રભાવાળા પરમાત્માનું ચિંતન કરો. આ પ્રકારે નિરંતર અભ્યાસના વશથી જેને નિશ્ચય (પરમાત્માના સ્વરૂપનો) થઇ ગયો છે એવા ધ્યાની સ્વપ્નાદિ અવસ્થામાં પણ તે પરમાત્માને પ્રત્યક્ષ દેખે છે. આ પ્રકારના અભ્યાસથી પરમાત્મા પ્રત્યક્ષ થવા લાગે તો આ પ્રકારે ચિંતન કરો ! તે પરમાત્મા હું છું, હું જ સર્વજ્ઞ છું, સર્વવ્યાપક છું, હું સિદ્ધ છું, હું સાધ્ય છું, સંસારથી રહિત છું. એમ ચિંતન કરવાથી ધ્યાતા અને ધ્યાનના ભેદ રહિત ચિન્માત્ર સ્ફૂરાયમાન થાય છે. તે સમયે ધ્યાની મુનિ પૃથક્પણાને દૂર કરીને પરમાત્માથી એવા ઐક્યને પ્રાપ્ત થાય છે કે જેનાથી તેને ભેદનું ભાન(વિકલ્પ) થતું નથી."

અહીં ધર્મધ્યાનનું કથન પૂર્ણ થાય છે. આશય એ છે કે ધર્મ અર્થાત્ સ્વભાવની પ્રાપ્તિ જ જેનું એકમાત્ર લક્ષ્ય અને ફળ છે એવા કલ્યાણકારી ધર્મધ્યાનને સર્વ પ્રકારે ઉપાદેય માનીને પોતાના ઉપયોગને તેમાં જ વ્યસ્ત અને એકાગ્ર રાખવો જોઇએ, આમાં જ આપણું પરમ શ્રેય છે. આ ધ્યાનની વિશેષતા એ છે કે તેને આપણે બુદ્ધિપૂર્વકના પ્રયત્નથી કરી શકીએ છીએ, બાકીના ત્રણને નહીં, કારણ કે આર્ત્ત અને રૌદ્રધ્યાન તો કર્મોદયથી નિત્ય અજ્ઞાની જીવોને સહજ હોય છે, તેને પ્રયત્નપૂર્વક કરવા પડતાં નથી તથા શુક્લધ્યાન ધર્મધ્યાનના ફળસ્વરૂપ સહજ થાય છે, તેનો પુરુષાર્થ આપણા બુદ્ધિગમ્ય નથી. આપણે સંકલ્પપૂર્વક શુક્લધ્યાન કરી શકતા નથી, તે તો ધર્મધ્યાનરૂપ પુરુષાર્થથી સહજ પોતાના કાળાનુસાર થાય છે. તેથી આપણો બુદ્ધિપૂર્વકનો પુરુષાર્થ તો આ ધર્મધ્યાનમાં જ ચાલે છે. એવો સમ્યક્ નિર્ણય કરીને આપણી બુદ્ધિને સદાય ધર્મધ્યાનરૂપી સાબુથી નિર્મળ કરતા રહેવું જોઇએ, એવો નિર્મળ બુદ્ધિવાળા મહાત્માઓનો

ઉપદેશ છે.

હવે, આપણે ધ્યાનના અંતિમ ભેદ શુક્લધ્યાનની સંક્ષિપ્ત વિચારણા કરીશું. જો કે આ ધ્યાન કરવાનું વર્તમાનમાં આપણું સામર્થ્ય નથી. તેના માટે ઉત્તમ સંહનનની અનિવાર્યતા છે, જે આપણી પાસે હાલ નથી. પરમાર્થથી આપણા દ્રવ્યની તથારૂપ યોગ્યતા નથી. એટલા માટે આપણે શુક્લધ્યાન કરી શકતા નથી. ઉત્તમ સંહનન તો એક નિમિત્ત માત્ર છે, વાસ્તવમાં ધ્યાન સંહનનથી થતું નથી, ઉપયોગની એકાગ્રતાથી થાય છે, પરંતુ આ એકાગ્રતા માટે નિમિત્તરૂપથી સંહનનની આવશ્યકતા રહે છે. ઉત્તમ સંહનનથી ઉત્તમ ધ્યાન થાય છે, આ ઔપચારિક કથન છે. આપણા દ્રવ્યની તથારૂપ યોગ્યતાથી ઉત્તમ ધ્યાન થાય છે, આ જ પારમાર્થિકરૂપથી સત્ય કથન છે. માટે આપણે સારું સંહનન પ્રાપ્ત કરવા તરફ લક્ષ્ય ન રાખીને પોતાની પાત્રતા વિકસિત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ અને પાત્રતા યથાર્થ સત્પુરુષાર્થથી વિકસિત કરાય છે અને તે સત્પુરુષાર્થ છે સમ્યક્રત્નત્રયની પ્રાપ્તિ તથા શુદ્ધિ. આ પુરુષાર્થ તો વર્તમાનમાં પણ અર્થાત્ પંચમકાળમાં પણ કરી શકીએ છીએ કારણ કે રત્નત્રયની સાધના વર્તમાનમાં પણ આ ભરતક્ષેત્રમાં વિદ્યમાન છે. બસ તથાનુરૂપ પુરુષાર્થ હોવો જોઇએ, શેષ સંહનન આદિ તો સ્વયમેવ આપણને આવી મળશે, તેના માટે સ્વતંત્ર પુરુષાર્થની જરૂર નથી. વર્તમાનમાં શુક્લધ્યાનની પ્રાપ્તિ ન હોવા છતાં પણ તેનું જ્ઞાન કરવાથી આપણું શ્રદ્ધાન અને જ્ઞાન નિર્મળ થશે તેથી શુક્લધ્યાનનો સંક્ષિપ્તમાં પરિચય કરીશું.

## શુક્લધ્યાન

**સ્વરૂપ :-** શુક્લનો અર્થ ઉજ્જવળ થાય છે. ઉજ્જવળથી તાત્પર્ય કાલિમા રહિત શુદ્ધતાથી છે અર્થાત્ કષાયકાલિમાંથી રહિત અતિ વિશુદ્ધ પરિણામોથી જે ઉત્પન્ન થાય છે તે શુક્લધ્યાન છે અથવા શુક્લ પરિણામોમાં ચિંતાનિરોધ થવો શુક્લધ્યાન છે અથવા જ્યાં ગુણ અતિ વિશુદ્ધ હોય છે, જ્યાં કર્મોનો ઉપશમ અને ક્ષય થાય છે તથા જ્યાં લેશ્યા પણ શુક્લ હોય છે, તે ધ્યાનને શુક્લધ્યાન કહે છે. આ ધ્યાન આઠમાં અપૂર્વકરણ ગુણસ્થાનથી લઇને (ઉત્પન્ન થઇને) ચૌદમા અયોગ કેવળી ગુણસ્થાન સુધી હોય છે. શુક્લધ્યાનના પાત્રના સંબંધમાં જ્ઞાનાર્ણવ ગ્રંથમાં શ્રી શુભચંદ્રાચાર્ય કહે છે કે, "જેમને પહેલું વજ્રઋષભનારાચ સંહનન છે, જે અગિયાર અંગ અને ચૌદ પૂર્વનો જાણનાર છે અને જેમનું ચારિત્ર શુદ્ધ છે, તે જ મુનિ ચારે પ્રકારના શુક્લધ્યાનને ધારણ કરવા યોગ્ય હોય છે." પરંતુ અપવાદથી અષ્ટ પ્રવચનમાતૃકા (૫ સમિતિ + ૩ ગુપ્તિ) માત્રના ધારી મુનિ પણ શુક્લધ્યાન કરી શકે છે. ક્ષપક શ્રેણી માટે પહેલું વજ્રઋષભનારાચ સંહનન અનિવાર્ય છે પરંતુ ઉપશમશ્રેણી પ્રારંભના ત્રણ સંહનનમાંથી કોઇ એકથી ચઢી શકે છે.શુક્લધ્યાન ચાર પ્રકારનું છે.

## શુક્લધ્યાનના ભેદ

આ ધ્યાન પૃથકત્વ વિતર્ક વીચાર, એકત્વ વિતર્ક અવીચાર, સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ તથા વ્યુપરત ક્રિયાનિવર્તી, આ ચાર ભેદવાળું છે.

**(૧) પૃથકત્વ વિતર્ક વીચાર :-** પૃથકત્વનું તાત્પર્ય ભિન્નતાથી છે, વિતર્ક એટલે શ્રુત તથા વીચારનું તાત્પર્ય સંક્રાન્તિથી છે, સંક્રાન્તિનું તાત્પર્ય અર્થ, વ્યંજન, યોગના પરિવર્તનથી છે અર્થાત્ જ્યાં પૃથક-પૃથક્ અર્થ, વ્યંજન, યોગની સંક્રાન્તિ અને શ્રુત જેનો આધાર છે તે પૃથકત્વ વિતર્ક વીચાર શુક્લ ધ્યાન છે. અર્થનું તાત્પર્ય ષટ્દ્રવ્યોથી છે, વ્યંજનનો અભિપ્રાય શ્રુતજ્ઞાનથી છે તથા યોગ એટલે મન-વચન-કાયની પ્રવૃત્તિથી છે. અર્થાત્ જે ધ્યાન મન-વચન-કાય ત્રણે યોગના આશ્રયથી ષટ્દ્રવ્યોમાંથી કોઇપણ દ્રવ્યને વિષય બનાવીને શ્રુતજ્ઞાનના માધ્યમથી વારંવાર વિષયને બદલતા અર્થાત્ છ દ્રવ્યોમાંથી ક્યારેક કોઇને અને ક્યારેક કોઇને એમ બદલતા રહી તથા તેમાં પણ ક્યારેક સંપૂર્ણ દ્રવ્યને વિષય કરવું, ક્યારેક ગુણને વિષય કરવો તથા ક્યારેક પર્યાયને વિષય કરવો આ પદ્ધતિથી થાય છે, તેથી તેને પૃથકત્વ વિતર્ક વીચાર કહે છે. આ પ્રથમ પૃથકત્વ વિતર્ક વીચાર નામના શુક્લ ધ્યાનનું સ્વરૂપ છે. આ ધ્યાન અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસાંપરાય તથા ઉપશાંત કષાય, આ ચાર ગુણસ્થાનોમાં થાય છે. (ક્રમશઃ)

# વિવેક એ જ ધર્મ છે

**સમણ શ્રુતપ્રજ્ઞજી**

विविगे धम्म माइए । મહાવીરની દેશનામાંથી નીકળેલો આ સ્વર છે. આનો અર્થ થાય છે 'વિવેક એ જ ધર્મ છે.' આ વિષય ઉપર આજે થોડો વિચાર કરીએ. આ વિષય પર વાત કરવાનો મારા મગજમાં કોઈક ધ્યેય રહેલો છે અને ધ્યેય એ છે કે ધર્મની ઘણી બધી પરિભાષાઓ છે. આ પરિભાષાઓ નિયમિત સ્વાધ્યાય કરનારા જાણે છે. એમાં અત્યારે નથી જવું. મહાવીર સ્વામીએ અવસરને જોઈને, વ્યક્તિઓને જોઈને, બદલતા સમયને જોઈને ધર્મની પરિભાષાઓ બદલી છે. આજે ધર્મની એક નવી પરિભાષા પર વિચાર કરીએ. કોઈએ પૂછ્યું ભગવાન મહાવીરને કે ધર્મ શું છે? ભગવાન મહાવીરે ખૂબ સંક્ષિપ્ત જવાબ આપ્યોં, 'વિવેક એ જ ધર્મ છે.'

ધર્મના ક્ષેત્રમાં કંઈ કરવું કે કંઈ ન કરવું કે મહત્ત્વનું હોઈ શકે છે પરંતુ અધ્યાત્મ માર્ગમાં એનાથી પણ ઉપર જઈને એવું કહી શકાય કે કરવા કે ન કરવા કરતા, જે કરો છો એ ક્યારે કરવું અને જે નથી કરતા એ ક્યારે ન કરવું, આ બે વચ્ચેનો વિવેક એ વધારે અગત્યનો છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ધર્મ આપણને વાણીનું મૌન રાખતા પણ શીખવાડે છે અને વાણીનો સંયમ રાખવાની વાત પણ કરે છે. પરંતુ મારી નજરમાં વાણીનું મૌન જેટલું અગત્યનું છે, એનાથી પણ વધુ મહત્ત્વ વાણીનો વિવેક છે.

એટલે આજે આ વિવેક ઉપર થોડી વાત કરીએ કે આ વિવેક શું છે? વિવેક કેટલા પ્રકારના છે અને વિવેકથી શું લાભ થાય? મને એવું લાગે છે કે સમગ્ર જૈન ધર્મના સંસ્કાર બે શબ્દોમાં આવી જાય છેઃ વિનય અને વિવેક. તમારા બાળકોને બીજું કંઈ શીખવાડી શકો કે ન શીખવાડી શકો પરંતુ આ બે શબ્દોનો મર્મ શીખવાડજો. અહીં તો હું આ બે શબ્દોને અલગ કરીને વાત કરું છું.- વિનય અને વિવેક. હકીકતમાં તો વિનયનો પણ વિવેક હોય છે.

વિવેક કોને કહેવાય એ પહેલા સમજીએ. વિવેકની પરિભાષા શું છે? સંસ્કૃત સાહિત્યમાં વિવેકની સુંદર પરિભાષા આપી છેઃ विचिर पृथक भावे विवेकः। એટલે કે વિશેષ રૂપે કોઈ વસ્તુને અલગ અલગ કરીને સમજવી એ વિવેક છે. વિવેકમાં ભેદ કરવાની વાત આવશે, પૃથક કરવાની વાત આવશે અને આ ભેદ કરવો એ જ્ઞાનનું કામ છે. થોડુંક સૂક્ષ્મમાં જઈને વિચારીએ તો ભેદ કર્યા પછી અહીંયા આ બંનેમાંથી મારે કઈ વસ્તુ અપનાવવી જોઈએ અને કઈ વસ્તુ છોડવી જોઈએ જાણવું એ અલગ વાત છે અને જાણ્યા પછી એમાંથી આ પરિસ્થિતિમાં કઈ વસ્તુને લગાવવી એ વસ્તુ અલગ છે. આ વિષય ખૂબ ઉપયોગી છે.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરી જન્મથી બ્રાહ્મણ હતા પરંતુ ભાવથી વીતરાગ માર્ગના પરમ ઉપાસક હતા. કોઈએ પૂછ્યું કે હળુકર્મી અને ભવ્ય જીવ માટે જલ્દી મુક્તિનો ઉપાય શું ? એમણે કહ્યું કે જે ભવ્ય જીવ ઔચિત્યનું પાલન કરશે એની મુક્તિ જલદી થશે. અહીં ઔચિત્ય એટલે વિવેક. ક્યારે શું ઉચિત છે, એનું પાલન કરવું. औचित्य पालनम आसन्न सिद्धः । એટલે એ ઔચિત્યનું પાલન કરનાર નજીકના ભવોમાં જ સિદ્ધ થાય છે.

વિવેકના અનેક પ્રકારો છે. ઘણીવાર આપણે ધર્માત્મા, તપસ્વી, મુમુક્ષુ, પ્રવચનકાર અને શાસ્ત્રજ્ઞ બની જઈએ છીએ, છતાં પણ જીવનમાં વિવેક નથી આવતો. થોડાક વિવેકના પ્રકારો પર વિચાર કરીએ.

**૧. સમયનો વિવેકઃ** ક્યારે શું કરવું એનો વિવેક જોઈએ. સાધુ ગોચરી ક્યારે જાય એનો વિવેક હોવો જોઈએ. ચોથા આરામાં ધર્મ અલગ અને પાંચમા આરામાં ધર્મ અલગ આ પણ વિવેક છે. સાધના કયા સમયે કરવી એનો પણ વિવેક જોઈએ. બપોરે જમ્યા પછી ધ્યાન કરો તો નહિ થાય.

**૨. સ્થાનનો વિવેકઃ** स्थानम् प्रधानम न बलम प्रधानमः। કઈ જગ્યાએ કેમ વર્તવું એનો પણ વિવેક જોઈએ.

**૩. કર્તવ્યનો વિવેકઃ** ધર્મથી પણ વધુ મહત્ત્વ કર્તવ્યનું છે. સંસારી શ્રાવકો માટે ધર્મથી પણ મોટી વસ્તુ કર્તવ્ય છે. આપણે ત્યાં બહુ સુંદર રીતે આ કર્તવ્યના વિવેકને સમજાવ્યું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ- આ ચાર પુરુષાર્થ બતાવ્યા છે. આ ચારેયનો વિવેક રાખવાનું કહ્યું છે. ધર્મ પણ એટલો ન કરો કે જેનાથી અર્થની એટલે કે આર્થિક હાનિ વિશેષ થાય. એટલો અર્થ પણ ન કમાઓ, પૈસાની પાછળ એટલા પાગલ પણ ન બનો કે જેના કારણે તમે આત્માને ભૂલી જાઓ. કામ એટલે કે પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં એટલા આસક્ત પણ ન બનો કે તમે ધર્મ ન કરી શકો. આરાધનામાં પણ એટલા ગળાડૂબ ન થઈ જાવ કે તમારું વ્યવહારિક જીવન પણ તમે જીવી ન શકો. ધર્મ કરવાથી પણ વધુ મહત્ત્વ ધર્મના વિવેકનું છે.

એક યુવાન એમની બહેન જે સાધ્વીજી હતા એમની પાસે ગયો. સાધ્વીજીએ પૂછ્યું કે, તું પૂજા કેમ નથી કરતો? ભાઈએ કહ્યું કે અત્યારે તો માબાપની સેવા એ જ મારી પૂજા છે. આ વિવેક છે, ઔચિત્યનું પાલન છે.

**૪. વ્યયનો વિવેકઃ** કેટલો ખર્ચ ક્યાં કરવો એનો પણ વિવેક જોઈએ. આ માર્ગાનુસારીનો એક ગુણ છે. પૈસાનો વ્યય યોગ્ય જગ્યાએ કરો. સગપણમાં વધુ ખર્ચ કરવો કે લગ્નમાં? ઘણા તો સગપણમાં એટલો બધો ખર્ચો કરે કે લગ્ન પહેલાં જ છૂટાં પડી જાય. પૈસાનું નરવું પ્રદર્શન એ અવિવેક છે. માત્ર દસ ડોલરનું દાન કરવું હોય તો પંદર પ્રશ્નો પૂછે અને લગ્ન વખતે કરોડોનો ધુમાડો કરી નાખશે! આવો સમાજ પતન તરફ જાય.

**૫. વેશનો વિવેકઃ** ઉચિત વેશ પહેરવો. આમાં તો ભયંકર કડાકો બોલાયો છે. હવે તો કપડાં જ નથી રહ્યા, ઉચિત વસ્ત્રની વાત ક્યાં કરવી ! મનોવિજ્ઞાન કહે છે કે શરીર જેટલું ઢંકાયેલું હોય એટલું વધુ આકર્ષક લાગે છે અને જેટલું ખુલ્લું હોય એટલું કુરૂપ લાગે છે. આજની નવી ફેશન પ્રમાણે કપડાં પહેરો એટલે પેટ તો બહાર દેખાવું જ જોઈએ! આમાં વિવેક તો છે જ નહીં, બુદ્ધિ પણ વાપરતા નથી એવું લાગે છે.

**૬. વિવાહનો વિવેકઃ** એક જૈન આચાર્ય ભગવંતે ગૃહસ્થ માટે આ બધું લખ્યું છે. ઉચિત વિવાહ એટલે સંસ્કાર અને આધ્યાત્મિક મૂલ્યો આધારિત જેનું જીવન હોય એમના ઘરમાં લગ્ન કરવા ઉચિત વિવાહ છે. વ્યસન હોય, ફેશન હોય, અભક્ષ્ય ખાતા હોય એ ગમે તેવા ઊંચા કુળનો હોય તો પણ ત્યાં લગ્ન કરવા અનુચિત વિવાહ છે. આર્યકુળમાં વિવાહ કરવા એ જ ઉચિત વિવાહ છે.

**૭. જ્ઞાનનો વિવેકઃ** જ્ઞાની સામે વધુ ના બોલવું પરંતુ એ કહે એ સાંભળવું. જ્ઞાનીની અનુકૂળતા જોઈને એમની સાથે ધર્મચર્ચા કરવી, એમને ન ગમે એવા ફાલતુ વિષયોમાં સમય બરબાદ ન કરવો, જ્ઞાનીની આજ્ઞા લઈ પછી જ એમની સાથે ચર્ચા કરવી - આ જ્ઞાનનો વિવેક છે.

**૮. દર્શનનો વિવેકઃ** કોઈની વાતને સમજ્યા વગર કાપી નાખવી, પોતાની વાતને હઠપૂર્વક પકડી રાખવી, કોઈની સાચી શ્રદ્ધાને ઠેશ પહોંચાડવી, કોઈને એમના ગુરુ છોડાવી. એમને પોતાના પક્ષમાં કરી એમના ગુરુ બની જવું - આ દર્શનનો અવિવેક છે.

**૯. ચારિત્રનો વિવેકઃ** કોઈપણ નિયમ કે બાધા કે પ્રતિજ્ઞા જીવનભર માટે ના લેવી. ક્ષમતા અને સ્થિતિ જોઈને વ્રત લેવું. નિયમ કરતા ભાવના વધુ મહત્ત્વની છે. આ વિવેક એ ચારિત્રવિવેક છે.

**૧૦. તપનો વિવેકઃ** એટલું તપ પણ ન કરો કે શરીર સાધના કરવાને લાયક ન રહે. ઘણા લોકો ખબર નહિ આંખો બંધ કરીને તપની પાછળ પડ્યા છે. તપમાંય ઉપવાસની પાછળ પડ્યા છે. ઉપવાસમાંય ભૂખ્યા રહેવાને જ તપ માની રહ્યા છે. પહેલા તો માત્ર ભૂખ્યા રહેવું એ શાસ્ત્ર પ્રમાણે ઉપવાસ છે જ નહિ, આત્માની નિકટ રહેવું એ ઉપવાસ શબ્દનો 'પોઝિટિવ' અર્થ છે, માત્ર ભોજનથી દૂર રહેવું એ ઉપવાસનો અર્થ નથી.

બીજી વાત એ પણ ધ્યાનમાં રાખો કે ઉપવાસ બાર તપમાંથી પહેલાં નંબરનું અને એ પણ

પાછું બાહ્ય તપ છે. એ તપ તમને સ્વાધ્યાય અને ધ્યાનમાં લઈ જાય તો એ સાચું તપ છે. હવે તો તપના નામે આંધળી પ્રતિસ્પર્ધાઓ થઈ રહી છે. ભગવાન મહાવીરે કહ્યું છેઃ बलम् ठाणम् च पेहाए, सद्धा मारोग्ग मप्पणोः શરીરનું બળ, સ્થાન, શ્રદ્ધા, આરોગ્ય-આ બધાનો વિવેક રાખીને તપ કરવું જોઈએ.

ઉગ્ર તપ કરીને શરીરને 'વિલચૅર'માં ધકેલવું પડે એટલું તપ કોઈ સંજોગોમાં જૈન શાસ્ત્રોની આજ્ઞામાં નથી આવતું. આવા તપને ભગવાન મહાવીરે અજ્ઞાનીનું તપ કે બાલતપ કહ્યું છે. ભગવાને ઉપવાસથી પણ મોટા મોટા તપો બતાવ્યા છે, જેમાં તમારી આત્માની શુદ્ધિ સૌથી વધારે થાય છે પણ આપણું ધ્યાન એ તરફ જતું જ નથી. એક તરફ માસક્ષમણનું ઉગ્ર તપ કર્યું અને પારણામાં મોટા જમણવાર કરીને અસંખ્ય નિર્દોષ જીવોની હિંસાનું પાપ માથે ચઢાવ્યું!

હવે તો લોકોનું તપ કર્મનિર્જરા કરવાના બદલે સામાજિક પ્રદર્શનનું નરવું રૂપ ધારણ કરી ચૂક્યું છે. શરીરને તોડી નાખે એટલું તપ મહેરબાની કરીને કરવા યોગ્ય નથી. થોડી તમારી બુદ્ધિ વાપરીને પછી તપ કરજો. તપ જેવી મહાન આરાધનાને પોતાના અહમ્‌ના પોષણ માટે વગોવતા નહિ. શરીરને કષ્ટ આપવું એ જ કેટલાક લોકો માટે ધર્મની પરિભાષા બની ગઈ છે. તપ કરતા પહેલાં 'ઠાણંગ સૂત્ર'માં આપેલા તપવિવેકના કેટલાક સૂત્રો કોઈ યોગ્ય પ્રજ્ઞાવંત ગુરુ ભગવંત પાસે સમજી લેજો. મારું માનો તો નાના નાના બાળકોને દેખાવ કરવા, સ્ટૅટસ માટે, અહંના પોષણ માટે, સ્પર્ધા અને માનસન્માન માટે ઉગ્ર તપ કે જે શાતા વિના ખેંચી ખેંચીને કરવું પડે એટલું તપ મહેરબાની કરીને ના કરાવશો. તપ કેટલું કરવું એનો સીધો ઉત્તર છેઃ સુખે સ્વાધ્યાય થાય એટલું તપ કરવું.

**૧૧. વિનયનો વિવેકઃ** વિનયનો વિવેક પણ ચૂકો નહિ. કોઈ આવે તો ઊભા થાઓ. બાળકોને વિનય-વિવેકના સંસ્કારો આપજો. વિનય તો જિનશાસનમાં નમસ્કાર પુણ્ય છે.

**૧૨. 'સ્વ - પર' નો વિવેકઃ** 'હું દેહ નથી, આત્મા છું' આ શાશ્વત સત્યને કાયોત્સર્ગ કરીને અનુભવ કરવો એ સ્વ-પરનો વિવેક છે. આમ, આ ૧૨ પ્રકારના વિવેકથી એ સિદ્ધ થાય છે કે સાચો ધર્મ વિવેકમાં છુપાયેલો છે. ક્યારે, શું, કેટલું અને કેવી રીતે કરવું આવો ઔચિત્યપૂર્વકનો વિવેક આવી જાય તો આ ભવે અને પર ભવે જીવ સાચી શાંતિ અનુભવી મુક્તિનું પરમ સુખ પામી શકશે એવી શ્રદ્ધા છે.

## નિજસ્વરૂપનો બોધ...

**પાના નં. ૧૬ પરથી ચાલુ...**

પણ એની પાસે છે.' આ રીતે પહેલું સોપાન થશે આત્મદષ્ટિ, જ્યાં વ્યક્તિ સ્વયંમાં દૃષ્ટિ કરવાનો પ્રયાસ કરશે. બાહ્યજગતમાં દોડતા ચિત્તને આંતરજગત ભણી વાળશે. એ પછીનું એનું બીજું સોપાન એ આત્મનિરીક્ષણનું છે, જ્યાં એ પોતે સ્વ-દોષોનું આત્મનિરીક્ષણ કરશે. એ નિરીક્ષણ માટે કોઈ સાધક રોજનીશી પણ રાખતા હોય છે, તો કોઈ સાધક પોતાનામાં રહેલા વૃત્તિઓના પ્રાબલ્યનો તાગ મેળવતા હોય છે. કારણ એટલું જ કે ક્રોધ હોય, પણ મોહ ન પણ હોય. એનામાં લોભ હોય, પણ દ્વેષ ન હોય. એવું બને કે એક દુર્વૃત્તિની પાછળ બીજી દુર્વૃત્તિ ધીમે પગલે ચાલી આવતી હોય છે, પરંતુ મુખ્યત્વે તો વ્યક્તિમાં એક વૃત્તિનું પ્રાબલ્ય હોય છે.

એ પછી સાધનાનું ત્રીજું સોપાન એ આત્મવિશ્લેષણનું છે, જ્યાં એ વૃત્તિનો ઝંઝાવાત આવતાં પોતાના જીવનમાં, ચિત્તમાં કે આસપાસના કુટુંબ કે જગતમાં કેવાં અવળાં પ્રત્યાઘાત પડે છે એનું એ વિશ્લેષણ કરે છે અને પછી એનું આ જ્ઞાન એને સાચી સમજ આપશે કે હવે મોહ જાગે, ક્રોધ જન્મે એવા પ્રસંગોએ કેવી સાવધાની રાખવી. આ રીતે પોતાની જાતની જાણકારી એ જ વ્યક્તિને માટે સૌથી મોટો બોધ કે ઉપદેશ બને છે.

●●●

પરમનો સ્પર્શ - ૧૩૬

# નિજસ્વરૂપનો બોધ !

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

જન્મ્યા ત્યારથી જ આપણા પર બહારથી, ચોપાસથી કેટલા બધા વિચારો લાદવામાં આવ્યા છે. હજી આંખ ખોલીને આ દુનિયા વિશે કંઈક વિચારીએ, તે પહેલાં તો અન્ય લોકો આપણી આંખને વિચારો, માન્યતાઓ અને ભાવનાઓથી રંગી દેતા હોય છે. પરિણામે મૌલિક વિચાર કરવાની આપણી ઊર્જા નષ્ટ થવા લાગે છે અને એથી ય વિશેષ આત્મપ્રતીતિ વિનાના વિચારો આપણા મન અને જીવન પર પ્રભુત્વ જમાવી દે છે.

જીવનમાં આગળ વધવું હોય, સદ્‌ગુણી બનવું હોય, સારા નાગરિક થવું હોય, કાબેલ ઉદ્યોગપતિ પુરવાર થવું હોય કે પછી આધ્યાત્મિક જગતમાં પ્રગતિ સાધવી હોય ત્યારે સૌથી પહેલી આવશ્યકતા આત્મદૃષ્ટિની રહે છે. જો બહારથી ભીતર તરફ દૃષ્ટિ જશે તો જ માનવી એના વ્યવહારજગતમાં કે અધ્યાત્મજગતમાં પ્રગતિ સાધી શકશે. ભીતરની વૃત્તિને જાણીને એને ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ. માત્ર આંખો મીંચીને આત્મા કે અધ્યાત્મ વિશે સૂત્રો, સૂક્તિઓ કે સુવચનો ઉચ્ચારવાં કરતાં આત્મદૃષ્ટિ કેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. એકવાર ચોપાસના બાહ્યજગતમાંથી ભીતર તરફ દૃષ્ટિ કરશો એટલે પ્રચંડ પરિવર્તન આવશે. ફારસીમાં શબ્સતરીએ કહ્યું છે,

'બૂરૌ એ ખ્વાજા ખુદ રા નેક બેશનાસ' એટલે કે 'જા, એ ખ્વાજા પોતાની જાતને સારી રીતે ઓળખી લે.'

આ આત્મદૃષ્ટિ આવે એટલે આત્મનિરીક્ષણ શરૂ થશે અને આત્મનિરીક્ષણનો પ્રારંભ થતાં પારકાને બદલે પોતાની જાતને તમે સક્રિય રૂપે જોવા માંડશો. આજ સુધી ગ્રંથોના શાસ્ત્રવચનોમાં જીવ્યા, સદ્‌ગુરુ કે સંતની વાણીનું ચિત્તમાં ગૂંજન કરતા રહ્યા, ધર્મશાસ્ત્રોનો બોધ પામ્યા, પરંતુ આ સઘળી ઘટના એ બહારની ઘટના હતી. બહારથી ભીતરમાં જાય એ યોગ્ય ન કહેવાય. ભીતરમાંથી પ્રગટે અને બહાર નીકળે, એ યથાર્થ કહેવાય.

પરિણામે આત્મદૃષ્ટિથી આત્મનિરીક્ષણ કરતાં તમને તમારી જાતની ઓળખ સાંપડશે. તમારી પારાવાર ત્રુટિઓ અને મર્યાદાઓ ઓળખાશે અને સ્વદોષોની જાણ થશે. તમને સ્વયં એની અનુભૂતિ થશે. તમારી એ પ્રતીતિ પર જ તમારું અધ્યાત્મજીવન ઘડાતું હોય છે. એ નિજસ્વરૂપની ઓળખ અત્યંત આવશ્યક છે અને કારણ કે ઘણીવાર વ્યક્તિ મૂળને બદલે પાંદડાં પકડી લેતી હોય છે. એ મૂળનો વિચાર કરતો નથી, અને માત્ર પાંદડાનો વિચાર કરે છે. એ પોતાના મનનો વિચાર કરતો નથી અને તેથી જ ક્રોધ જાગે એવી ઘટના બનતાં એનું મન બેહોશીથી અને સહજ રીતે ક્રોધની જ્વાળામાં કૂદી પડે છે.

એક અર્થમાં કહીએ તો આપણે બહાર લાગેલી આગને બૂઝાવીએ છીએ, પરંતુ અંદરની આગને બૂઝાવતા નથી. જો અંદર લાગેલી આગને વ્યક્તિ બૂઝાવે, તો એ એની આત્મપ્રતીતિ પ્રમાણે વર્તન કરશે. જો એ માત્ર બહારની જ આગ બૂઝાવતો રહે, તો બનશે એવું કે એણે ક્રોધનાં અનિષ્ટ વિશે અનેક વ્યાખ્યાનો સાંભળ્યાં હશે, કેટલીય કથાઓ જાણી હશે, એના ભયાવહ સ્વરૂપ વિશે પૂરો ખ્યાલ હશે. શ્રીકૃષ્ણના મામા કંસનું ચરિત્ર કે પછી ભગવાન મહાવીરને દંશ દેનારા ચંડકૌશિકની કથા એ જાણતો હશે, પરંતુ જો એનો નોકર કોઈ ગફલત કરે કે જો એની પત્ની કોઈ ભૂલ કરે કે જો કોઈ પ્રતિકૂળ ઘટના બને, તો એના ક્રોધનો જ્વાળામુખી ફાટી નીકળશે. ક્યાં ગયું એનું ક્રોધ વિશેનું સઘળું જ્ઞાન ? કારણ એટલું જ કે એ જ્ઞાન હતું એ માત્ર કોરું, શુષ્ક જ્ઞાન હતું, એના હૃદયમાં એવું કોઈ રૂપાંતર સધાયું નહોતું.

બહુ વિલક્ષણ લાગશે પણ એ હકીકત છે કે

આત્મદૃષ્ટિ માટે પીડા સહન કરવી પડે છે. કારણ એટલું જ કે આ પીડાથી વ્યક્તિ પોતાને ઓળખી શકે છે. એના મનમાં એ પીડા થવી જોઇએ કે મોહગ્રસ્ત બનવાથી એના જીવનની આસપાસ અનિષ્ટોએ કેવો ઘેરો ઘાલ્યો છે. એના હૃદયમાં એવો અહેસાસ થવો જોઇએ કે સંપત્તિની આંધળી ઘેલછાએ એના જીવનના સુખને કેવો જાકારો આપ્યો છે. એણે ક્રોધ કર્યો અને કુટુંબમાં કેવી વેર અને અશાંતિની આગ ફાટી નીકળી. એણે કુટુંબના કેટકેટલા લોકોના સુખ અને આનંદમાં પલીતો ચાંપ્યો.

આ રીતે એ આત્મદૃષ્ટિ કરશે તો જ એને બોધ મળશે કે હવે પછી મોહ, દ્વેષ કે ક્રોધ કરવો નહીં. આથી તો સંત કબીરના બીજકની ૯૦મી સાખીમાં તેઓ કહે છે,

**મૂલ ગહે તે કામ હૈ, તૈ મતિ ભરમ ભુલાવ,**
**મન સાયર મનસા લહરિ, બહે કતહું મત જાવ ॥**

'નિજ-સ્વરૂપનો બોધ તથા સ્થિતિગ્રહણ કરવાથી જ કલ્યાણ છે. હે માનવ ! તું અનેક પ્રકારની વાણી તેમજ માન્યતાઓના ભ્રમમાં પડીને પોતાના સ્વરૂપને ભૂલીશ નહીં. મન સમુદ્ર છે અને તેની ઇચ્છાઓ તરંગ છે એમાં તણાઈને ક્યાંય ન જવું.'

માણસે એના નિજસ્વરૂપને સમજવું જોઇએ. જો એ સ્વરૂપને સમજે નહીં તો ગમે તેટલા પૂજાપાઠ કરે, રોજેરોજ સત્સંગ કરે તો પણ એના મનમાંથી મોહ અને ક્રોધના વિકાર જશે નહીં. આ બધા વિકારો અંદર યથાતથ ભરેલા અને વકરેલા હોય અને બહાર માત્ર પારકા ઉપદેશવચનો કે શાસ્ત્રગ્રંથો-બોધના સંગ્રહિત બોજથી જીવવાનું હોય તો તેનો કશો અર્થ નથી.

આમ, પોતાને ભૂલીને પારકા પાસે જનાર કશું પામતો નથી. બીજી વ્યક્તિ પાસેથી કદાચ સમજ મળે, સારા-નરસાનો ખ્યાલ સાંપડે, થોડી વિચારદૃષ્ટિ કે વિવેક પ્રાપ્ત થાય, પરંતુ પોતાના ભીતરની ચિકિત્સા તો વ્યક્તિએ સ્વયં કરવાની હોય છે અને એથી જ જીવનમાં જેમ આત્મવિશ્વાસ મહત્ત્વનો છે, એ જ રીતે સાધનામાં આત્મદૃષ્ટિ મહત્ત્વની છે. આવી આત્મદૃષ્ટિ પામવા માટે હિંદીના કવિ અજ્ઞેયજીએ કહ્યું છે કે 'આત્મપીડન આત્મદર્શનનું માધ્યમ છે.' અહીં પીડા એટલે પોતાની જાતને ઓળખવા માટેની તૈયારી.

માણસની વૃત્તિ બીજાની પીડા જોઇ આનંદ પામવાની હોય છે, પરંતુ પોતાના જીવનમાં જાગેલી પીડાઓને જોઇને આત્મદૃષ્ટિ કેળવવાની હોતી નથી અને એથી જ વ્યક્તિએ કોઇપણ બોધ પ્રાપ્ત કરવા માટે પહેલા સ્વયં આ પ્રયાસ કરવો જોઇએ. આ સ્વયં પ્રયાસ એટલે આત્મનિરીક્ષણ, પોતાને મોહ જાગે ત્યારે કઇ વસ્તુ જોઇને મન નાચવા લાગે છે ! પોતાને ક્રોધ થયો ત્યારે વાણીમાં અપશબ્દો, ચહેરા પર વિકૃતિ અને અવાજમાં ગુસ્સો કઇ રીતે પ્રગટ થયો હતો. દ્વેષની વૃત્તિ જાગી એટલે મન ક્યાંય પણ બીજાના જીવનમાં પોતાનાથી વધુ સારું કે ચડિયાતું જુએ ત્યારે કેવું અમળાય છે ! પોતાની વૃત્તિની વાત વ્યક્તિ પોતે જ જાણી શકે અને પોતાની વૃત્તિને પણ વ્યક્તિ પોતે જ વશમાં રાખી શકે.

વૃત્તિનું દમન એ સૌથી વધુ જોખમી છે અને વૃત્તિની ઓળખ એ સૌથી સાચો માર્ગ છે. દમનથી રાખેલી વૃત્તિ પ્રસંગ મળતાં જ એકાએક ભભૂકી ઊઠે છે, કોઇ નિમિત્ત મળતાં એ તરત બહાર પ્રગટ થાય છે. એ વૃત્તિની ઓળખ હશે તો તરત જ હૃદય જાગ્રત થઇ જશે. જૈન ગ્રંથોએ આથી જ 'અપ્રમાદ' ની વાત કરી છે. સંત કબીર જેવાએ આને કારણે જ સાવધાનીની વાત કરી અને આવી સાવધાની પ્રગટ્યા પછી વ્યક્તિ આત્મવિશ્લેષણ તરફ જશે.

આથી તો પ્રસિદ્ધ શાયર ઇકબાલે માર્મિક રીતે કહ્યું,

*ઢૂંઢતા ફિરતા હૂં એ 'ઈકબાલ' અપને-આપકો ।*
*આપ હી ગોયા મુસાફિર, આપ હી મંજિલ હૂં મૈં ॥*

અહીં શાયર કહે છે કે 'અહીં હું જ મુસાફર છું અને હું જ મંઝિલ છું. વ્યક્તિએ પોતે જ ભીતરની સફર શરૂ કરવાની છે અને એ સફર માટેનો માર્ગ

**(અનુસંધાન પાના નં. ૧૪ પર)**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૯૪)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

અધ્યાત્મ રાજમાર્ગમાં સત્યમ્, કારુણ્યમાં શિવમ્ અને વિદેહ ભૂમિમાં સુંદરમ્ એવા પરમકૃપાળુદેવ અધ્યાત્મની સૌંદર્યમૂર્તિ છે. પરમકૃપાળુદેવની અમરભારતી વ્યાખ્યાનસાર-૨ આંક-૧૧ માં જણાવે છે કે "જ્ઞાનીઓએ માનેલું છે કે આ દેહ પોતાનો નથી; તે રહેવાનો પણ નથી; જ્યારે ત્યારે પણ તેનો વિયોગ થવાનો છે. એ ભેદવિજ્ઞાનને લઈને હંમેશાં નગારાં વાગતાં હોય તેવી રીતે તેના કાને પડે છે, અને અજ્ઞાનીના કાન બહેરા હોય છે એટલે તે જાણતો નથી..." હવે આંક ૧૦.. "તમારે કોઈ પ્રકારે ડરવા જેવું નથી; કારણ કે તમારા માથે અમારા જેવા છે; તો હવે તમારા પુરુષાર્થને આધીન છે. જો તમે પુરુષાર્થ કરશો તો મોક્ષ થવો દૂર નથી. મોક્ષ પ્રાપ્ત કર્યો તે બધા મહાત્મા પ્રથમ આપણા જેવા મનુષ્ય હતા; અને કેવળજ્ઞાન પામ્યા પછી પણ (સિદ્ધ થયા પહેલાં) દેહ તો તે ને તે જ રહે છે; તો પછી હવે તે દેહમાંથી તે મહાત્માઓએ શું કાઢી નાખ્યું તે સમજીને કાઢી નાખવાનું કરવાનું છે, તેમાં ડર શાનો ? વાદવિવાદ કે મતભેદ શાનો? માત્ર શાંતપણે તે જ ઉપાસવા યોગ્ય છે." આ આશ્ચર્યકારી વાણીમાં બ્રહ્માંડના ભાવો ભર્યા છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત સમાધિતંત્રમાં સમ્યક્ સમાધિ કેમ પ્રાપ્ત થાય તેનું ઉત્કૃષ્ટ માર્ગદર્શન છે. બહિરાત્મા પરમાત્મા થાય એવી અલખ વાણીનો આરાધ આ ગ્રંથમાં ઠાંસી ઠાંસીને ભર્યો છે. આપણે શ્લોક ત્રેસઠમાં અભ્યાસ કર્યો કે બુધજન જેમ જાડું વસ્ત્ર પહેરવાથી હું જાડો થયો એવું માનતો નથી તેમ અંતરાત્મા શરીર જાડું થતાં આત્મા જાડો થયો એમ માનતો નથી. જ્ઞાનીને ભેદજ્ઞાન નિરંતર રહ્યા કરે છે. આત્માની પુષ્ટિ થયા કરે છે. સરળ શૈલીમાં વાત સમજાવી છે. હવે શ્લોક ચોસઠમાં આચાર્યદેવ લખે છે કે.,

**'जीर्णे वस्त्रे यथाऽऽत्मानं न जीर्णं मन्यते तथा ।**
**जीर्णे स्वदेहेऽप्यात्मानं न जीर्णं मन्यते बुधः ॥ ९४॥**

**અન્વય** : यथा वस्त्रे जीर्णे बुधः आत्मानं जीर्णं न मन्यते तथा स्वदेहे अपि जीर्णे बुधः आत्मानं जीर्णं न मन्यते ॥

**શબ્દાર્થ : यथा** = જેવી રીતે, **वस्त्रे जीर्णे** = પહેરેલું વસ્ત્ર જીર્ણ થતાં, **बुधः** = ડાહ્યો માણસ, **आत्मानं जीर्णं न मन्यते** = પોતાના શરીરને જીર્ણ માનતો નથી, **तथा** = તેવી રીતે, **स्वदेहे अपि जीर्णे** = પોતાનું શરીર જીર્ણ થતાં પણ, **बुधः** = અંતરાત્મા, **आत्मानं** = આત્માને જીર્ણ માનતો નથી.

**ભાષાંતર :** જેવી રીતે પહેરેલું વસ્ત્ર જીર્ણ થતાં ડાહ્યો પુરુષ પોતાના શરીરને જીર્ણ માનતો નથી, તેવી રીતે પોતાનું શરીર જીર્ણ થતાં પણ અંતરાત્મા આત્માને જીર્ણ માનતો નથી.

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય સુગમ અને સરળ શૈલીથી ચાર દૃષ્ટાન્તે ભેદજ્ઞાનની દિવ્યતાને દર્શિત કરે છે. જેમ જાડું વસ્ત્ર પહેરવાથી શરીર જાડું થતું નથી તેમ પોતાનું શરીર જાડું થતાં આત્મા પુષ્ટ થતો નથી. બન્ને ભિન્ન ભાવને પામેલા છે.

હવે કહે છે કે પહેરેલું વસ્ત્ર જીર્ણ થાય તો બુદ્ધિમાન માણસ પોતાના શરીરને જીર્ણ માનતો નથી તેવી રીતે બુદ્ધિમાન વ્યક્તિ શરીર જીર્ણ થતાં આત્મા જીર્ણ થયો તેમ માનતા નથી. જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન છે તેમ શરીર અને આત્મા ભિન્ન છે. બહિરાત્માને શરીર સાથે એકતાબુદ્ધિ હોવાથી શરીરની પ્રતિકૂળતામાં એકમેક થઈ જાય છે. શરીરને જે કાંઈ થાય તે મને થયું છે એવી એકતાબુદ્ધિ રહે છે.

જેમ વસ્ત્ર જીર્ણ થાય કે ફાટી જાય તેથી કાંઈ શરીર જીર્ણ થતું નથી, ફાટી જતું નથી. તેમ આ શરીર જીર્ણ થતાં આત્મા જીર્ણ થતો નથી. શરીર જીર્ણ થાય, રોગી થાય, ઘરડું થાય, ત્યાં હું જીર્ણ થયો, રોગી થયો કે વૃદ્ધ થયો તેવું અંતરાત્મા - જ્ઞાની માનતો નથી. હું સ્વયંસિદ્ધ અનાદિ અનંત જ્ઞાતા દૃષ્ટા છું. બાલ, યુવાન કે વૃદ્ધપણું આત્માને નથી. આત્માની અજ્ઞાન દશામાં બાલપણું હતું. હવે આત્મભાન રૂપ સાધક દશા તે ધર્મની યુવાનદશા છે. એટલે પુરુષાર્થની દશા છે ને કેવળજ્ઞાન તથા સિદ્ધપદ પ્રાપ્ત થાય તે આત્માની વૃદ્ધાવસ્થા છે. અર્થાત્ ત્યાં જ્ઞાન પરિપક્વ થયું છે. આ સિવાય શરીરની બાલ-યુવા-વૃદ્ધાવસ્થા આત્માની નથી. શરીર વૃદ્ધ થાય ને શરીરની શક્તિઓ ક્ષીણ થઇ જાય તેથી કંઇ આત્માની જ્ઞાનશક્તિ હણાઈ જતી નથી. જ્ઞાન તો જાણે છે કે આ શરીરમાં પહેલા આવી શક્તિ હતી ને હવે શરીરમાં એવી શક્તિ નથી. શરીરમાં શક્તિ હો કે ન હો તે કાંઇ મારું કાર્ય નથી. હું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ તેજોમય આત્મા છું. શુદ્ધાત્મામાં મારું અસ્તિત્વ છે. શરીરમાં મારું અસ્તિત્વ નથી.

જેમ વસ્ત્ર જીર્ણ થાય ત્યારે શરીર જીર્ણ થતું નથી. બંને દ્રવ્ય ભિન્ન છે. સ્વયં સત્તાથી ટક્યા છે. શરીર જીર્ણ થતાં આત્મા જીર્ણ થતો નથી. બહિરાત્માને દેહ અને ઇન્દ્રિયોથી જીર્ણ થતો નથી. બંને દ્રવ્ય ભિન્ન છે. બહિરાત્માને દેહ અને ઇન્દ્રિયોથી પાર ચૈતન્ય તત્ત્વ લક્ષમાં આવતું નથી. આ દેહ અને ઇન્દ્રિયો મોળી પડે ત્યાં બહિરાત્મા એમ માને છે કે મારી શક્તિ નબળી પડી ગઇ. બહિરાત્માને દેહદૃષ્ટિ હોવાથી દેહમાં વેદના વધતાં આકુળવ્યાકુળ થઈ જાય છે. દેહની અનુકૂળતા હોય તો 'હું સુખી' એમ દેહ સાથે એકત્વબુદ્ધિ કરે છે અને પ્રતિકૂળતા હોય ત્યારે 'હું દુઃખી' એમ વેદનામાં મૂંઝાઈ જાય છે. અંતરાત્મા શરીર અને આત્માની ભિન્નતાને માણતો હોવાથી સહજ ચિદાનંદમાં કેલિ કરે છે.

જ્ઞાની જાણે છે કે શરીર જીર્ણ હોય, રોગગ્રસ્ત હોય છતાં આત્મહિત સાધી શકાય છે. શરીરની અનુકૂળતામાં કે પ્રતિકૂળતામાં આત્મપ્રવૃત્તિ ચાલુ જ હોય છે. બહિરાત્માને શરીર સાથે એકત્વપણું હોવાથી શરીરની પ્રતિકૂળતામાં આત્મહિત માટે પોતાને અસમર્થ સમજે છે. 'હું શરીરથી સાજોનરવો હોવ તો જ ધર્મ કરી શકું' એવી માન્યતામાં જીવે છે. પરમકૃપાળુદેવની અમૃતભારતી લખે છે,

"પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ."
"હોત આસવા પરિસવા, નહિ ઈનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિ કી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહિ."

જ્ઞાનીની દૃષ્ટિ સુદૃષ્ટિ છે. અજ્ઞાનીની દૃષ્ટિમાં - દર્શનમાં દોષ-ભૂલ છે. લોકવ્યવહારમાં કહેવાય છે કે જેની નજર ચોખ્ખી તે ચોખ્ખા છે. દૃષ્ટિ શ્રદ્ધા સાથે મેળવાળી છે. દૃષ્ટિ એટલે માન્યતા, અભિપ્રાય. જેની માન્યતા છે કે શરીર અને આત્મા ભિન્ન છે, એવો અનુભવ વર્તે છે તેને બધું સમ્યક્ જણાય છે. દૃષ્ટિ સમ્યક્ છે તેનું જ્ઞાન સમ્યક્ છે. જેનું જ્ઞાન સમ્યક્ છે તેનું ચારિત્ર અને અનંતગુણો સમ્યક્ રૂપે પરિણમ્યા કરે છે. અંતરાત્મા દૃષ્ટિથી નિર્મળ, નિરાવરણ છે તેથી મુક્તિ પામી શકે છે.

**વિશેષાર્થ :** હવે શબ્દોના વિશેષભાવ સમજવા અભ્યાસ કરીએ

(૧) **जीर्णे वस्त्रे** - વસ્ત્ર જીર્ણ થતાં

(૨) **बुधः आत्मानं जीर्णं न मन्यते** - વસ્ત્ર જીર્ણ થાય તેની સાથે શરીર જીર્ણ થતું નથી. શરીર જીર્ણ થાય તેથી આત્મા જીર્ણ થતો નથી. પરમકૃપાળુદેવ લખે છે, "દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે તે મહાપુરુષોને જીવન અને મરણ બંને સમાન છે." અને "ચિત્તમાં દેહાદિ ભયનો વિક્ષેપ પણ કરવા યોગ્ય નથી" દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતાં નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે એમ સમજો એ જ દૃષ્ટિ કર્તવ્ય છે."

(૩) **स्वदेहे अपि जीर्णे** - પોતાનું શરીર જીર્ણ થતાં પણ

(૪) **बुधः आत्मानं जीर्णं न मन्यते** - બુધપુરુષો આત્માને જીર્ણ માનતાં નથી. જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન છે. એકના પરિણમનથી બીજાનું પરિણમન થતું નથી તેમ શરીર અને આત્મા પરસ્પર ભિન્ન હોઈ શરીરના જીર્ણ રૂપ પરિણમનથી આત્માનું જીર્ણરૂપ પરિણમન થતું નથી.

શ્રી યશોવિજયજી મહારાજે શ્રી અનંતનાથ ભગવાનના સ્તવનમાં ગાયું છે,

"સાચો રંગ તે ધર્મનો સાહેલડીયા,

બીજો રંગ પતંગ રે ગુણવેલડીયા.

ધર્મરંગ જીરણ નહિ સાહેલડીયા,

દેહ તે જીરણ થાય રે ગુણવેલડીયા."

પરમકૃપાળુદેવની વાણી છે, "આપને વિજ્ઞાપન છે કે વૃદ્ધમાંથી યુવાન થવું અને આ અલખ વાર્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવું. થોડું લખ્યું ઘણું કરી જાણશો." કેવળ જેને ભેદજ્ઞાન પ્રાપ્ત છે તે શરીરની અવસ્થાને પોતાની માનતા નથી. અંતરાત્મા સ્વભાવની શુદ્ધ અવસ્થાને પોતાની માને છે.

ગ્રંથાધિરાજ સમયસારના કળશ ૧૩૨માં શ્રી અમૃતચંદ્રાચાર્ય લખે છે, "ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ, શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિથી રાગના સમૂહનો વિલય થયો. રાગના સમૂહનો વિલય કરવાથી કર્મનો સંવર થયો અને કર્મનો સંવર થવાથી જ્ઞાનમાં નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન ઉદય પામ્યું. જે જ્ઞાન પરમ સંતોષને-પરમ અતીન્દ્રિય આનંદને ધારણ કરે છે. જેનો પ્રકાશ નિર્મળ છે, જે અમ્લાન છે - કરમાયેલું નથી જે એક છે, જેનો ઉદ્યોત શાશ્વત છે." આવું ભેદજ્ઞાન મોક્ષપ્રાપ્તિનું કારણ છે. ભેદજ્ઞાન મોક્ષ પામવાનો ઉપાય છે.

અંતરાત્મા ભેદજ્ઞાની છે. તે જાણે છે કે જેમ જીર્ણ વસ્ત્રથી શરીર જીર્ણ થતું નથી તેમ શરીર જીર્ણ થતાં આત્મા જીર્ણ થતો નથી. સ્વભાવથી રહેનાર આત્મા સ્વભાવમાં રહે છે.

"ભેદવિજ્ઞાન કલા પ્રગટે તબ શુદ્ધ સ્વભાવ લહૈ અપનાહી,

રાગ-દ્વેષ-વિમોહ સબહી ગલિ જાય ઈમૈ દુઠ કર્મ રુહાઈ;

ઉજ્જવલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ ધરૈ પરમાતમમાહી,

યોં મુનિરાજ ભલી વિધિ ધારત, કેવલ પાય સુખી શિવ જાહીં."

દેહ સુખદુઃખ અનુભવતો નથી તેથી જીર્ણ થવું તે શરીરની અવસ્થા છે. બુધજનો તેમાં પોતાની પરિણતિ માનતાં નથી. સહસ્રકિરણોધારક સૂર્ય વાદળાઓથી ઢંકાઈ જાય તો પણ તેની ભીતરી જ્યોતિ તેવીને તેવી જ રહે છે. તેનો પ્રકાશ ગુણ વાદળા ઢંકાવાથી ઢંકાઈ જતો નથી. વાયુના ઝપાટાથી વાદળા વિખરાઈ જતાં સૂર્યના કિરણો એવો જ પ્રકાશ પાથરે છે. તેમ અંતરાત્મા જ્ઞાની કહે છે કે હે જીવ ! રાગાદિના પ્રબળ વાદળા વડે આત્માના જ્ઞાનાદિ ગુણો આવરણ પામે છે છતાં આત્મા જ્ઞાન સ્વરૂપે સ્વભાવમાં તો અનંતગુણાત્મક પ્રકાશી જ રહ્યો છે. માટે સ્વભાવ પ્રતિ દૃષ્ટિ કર, જેથી નિરંતર સ્વભાવને પામી મુક્તિનગરમાં પહોંચી જઈશ.

શ્રી અમિતગતિ આચાર્ય 'તત્ત્વભાવના' શ્લોક-૪૫ માં લખે છે "આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ આત્માની સેવા કરવામાં આવે તો ઉત્કૃષ્ટ નિર્મળ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જ્યારે શરીર જ્ઞાનરહિત છે. શરીરની સેવા કરવામાં આવે તો અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જગતમાં આ વાત પ્રસિદ્ધ છે કે જેની પાસે જે હોય તે મળે છે." અંતરાત્મા જ્ઞાની પાસે જ્ઞાયક છે ત્યાંથી જ્ઞાયકભાવ મળે છે.

પૂ.બેનશ્રી ચંપાબેનની અમૃતગિરા લખે છે કે વસ્તુનું સ્વરૂપ બધા પડખાથી જ્ઞાનમાં જાણી અભેદ જ્ઞાન પ્રગટ કર. અંદરમાં સમાયા તે સમાયા; અનંત અનંત કાળ સુધી અનંત અનંત સમાધિસુખમાં લીન થયા. 'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે'. માટે તું તે જ્ઞાનપદને પ્રાપ્ત કર. તે અપૂર્વ પદની ખબર વગર કલ્પિત ધ્યાન કરે, પણ ચૈતન્યદેવનું સ્વરૂપ શું છે ? આવા રતનરાશી જેવા અનંત ગુણોનો સ્વામી કેવો છે ? તે જાણ્યા વગર ધ્યાન કેવું ? જેનું ધ્યાન કરવું છે તે વસ્તુને ઓળખ્યા

**(અનુસંધાન પાના નં. ૨૩ પર)**

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૩૩)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

**કમઠનો ઉપસર્ગ અને પાર્શ્વ પ્રભુની નિશ્ચલતા-૩**

● **મૂળ શ્લોક** : (વસંતતિલકા)

**ध्वस्तोर्ध्वकेश विकृताकृति मर्त्यमुंड,**
**प्रालम्ब भृद्भयद वक्त्रविनिर्यदग्निः ।**
**प्रेतव्रजः प्रति भवन्तम पीरितो यः,**
**सोऽस्याऽभवत्प्रतिभवं भवदुःख हेतुः ॥३३॥**

● **અન્વયાર્થ** :
ध्वस्त उर्ध्वकेश विकृत आकृति मर्त्यमुंड प्रालम्ब भृत् भयदवक्त्र विनिर्यत् अग्निः प्रेतव्रजः भवंतम् प्रति यः इरितः सः अपि अस्य प्रतिभवं भवदुःख हेतु अभवत् ॥

● **શબ્દાર્થ** : **ध्वस्त** - નીચે લટકતા, **उर्ध्वकेश** - વીખરાયેલાં લાંબા કેશવાળા, **विकृत** - વિકરાળ, રૌદ્ર, ભયાનક, **आकृति** - આકૃતિવાળા, **मर्त्य** - મૃત માનવની, **मुंड** - ખોપરીની, **प्रालंब** - છાતી સુધીની લાંબી માળા, **भृत्** - ધારણ કરનાર, **भयद**- ભય આપનારા, ભયંકર, **वक्त्र** - મુખમાંથી, **विनिर्यत्** - નીકળતો, **अग्निः** - અગ્નિ, **प्रेतव्रजः** - પ્રેતનો, દૈત્યનો, પિશાચનો સમૂહ, **अपि** - પણ, **भवन्तम्** - આપની, **प्रति** - તરફ, **इरितः** - પ્રેરાયો, વિકુર્વીને ઉપસર્ગ કરવા (પિશાચોનો સમૂહ) છોડાયો, **यः** - જે, **सः** - તે, **अस्य** - આને, કમઠાસુરને, મેઘમાળીને, **अभवत्** - બન્યો, થયો, **प्रतिभवं** - ભવે ભવે, દરેક ભવે, **भव** - ભવના, સંસારના, **दुःख** - દુઃખનું, **हेतुः** - કારણ.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ** :

(હરિગીત)

**વિકરાળ ઊંચા કેશ લટકે, માળ શબના શિરની,**
**ભયકારી અગ્નિ મુખ વિષેથી નીકળે જેના વળી;**
**એવો સમૂહ પિશાચનો જે આપ પ્રતિ પ્રેરિયો,**
**હે દેવ ! પ્રતિભવ દુઃખકારી તેહને તે તો થયો.**

(મંદાક્રાંતા)

**નીચા કેશે વિરૂપ જનના મુંડને ધારનારા,**
**અગ્નિ જેના મુખથકી અહા ચાલતી વેરનારા;**
**મૂક્યા દૈત્યો કમઠ અસુરે આપને દુઃખ દેવા,**
**તે પોતાને દુઃખરૂપ થયા શું કહું દેવદેવા.**

● **ભાવાર્થ** : હે પ્રભુ ! કમઠાસુર વડે, નીચે લટકતાં વિખરાયેલાં ઊંચા કેશવાળા, વિકરાળ ભયંકર આકૃતિવાળા, માનવની ખોપરીવાળી લાંબી માળાઓને ધારણ કરનાર, જેના ભયાનક મુખથી અગ્નિ નીકળી રહ્યો છે એવા જે પ્રેતોનો (પિશાચોનો) સમૂહ (વિકુર્વીને) તમારી સામે મોકલ્યો અને અનેક ઉપદ્રવો કર્યા. આનાથી આપની ધ્યાન અવસ્થામાં તો ભંગ ન થયો પણ તે પ્રેતસમૂહ તે જ કમઠને ભવોભવમાં સંસારના (જન્મ-મરણના) દુઃખોનું કારણ બન્યું.

● **વિશેષાર્થ / પરમાર્થ** : **કલ્યાણમંદિર સ્તોત્ર**માં પ્રથમના ૩૦ શ્લોકમાં જેઓ શુભ ભાવ કરે છે, પ્રભુના આશ્રયે તથા પ્રભુની આજ્ઞામાં રહે છે, પ્રભુ જે માર્ગે ચાલ્યા તે માર્ગે ચાલે છે તેના પરિણામરૂપે કેવા કેવા શુભ સંજોગોની પ્રાપ્તિ થાય છે, કેવી શાતા પામે છે તથા કેવી રીતે મુક્તિને પામે છે તે દર્શાવે છે. શ્લોક ૩૧ થી ૩૩ ના ત્રણ શ્લોકમાં વિરુદ્ધ અને તીવ્ર પરિણામે વર્તનારની કેવી બૂરી દશા થાય છે તે સમજાવે છે.

બે ઉપસર્ગમાં પરાભવ પામવા છતાં પણ કમઠનું વેર શાંત થયું નહોતું. તેને લાગતું હતું કે આ ત્રીજા પ્રેતજનિત ઉપસર્ગથી તે સફળ થશે, પરંતુ તેને ક્યાં ખબર હતી કે તે મુષ્ટિપ્રહારથી હિમાલય તોડવા જઈ રહ્યો છે ! અથવા કાગળની નાવથી સમુદ્ર તરવા ઇચ્છે છે ! તેના અજ્ઞાનના કારણે પાર્શ્વપ્રભુની પ્રેતજનિત આશાતનાથી આગળના સેંકડો ભવો સુધી આ પાપ તેના દુઃખનું કારણ બનશે અને નરકાદિ ગતિમાં પરિભ્રમણ કરાવશે. ન તો કમઠનું વેર શાંત થયું કે ન તો પ્રભુ ધ્યાન-સમાધિથી ચલિત થયા ! આ ઉપસર્ગ પરમાત્મા માટે પરમ નિર્જરાનું કારણ બન્યો અને આ ઉપસર્ગ કમઠ માટે મહાપાપબંધક

મહાદુઃખનું કારણ બન્યો.

કમઠ બે ઉપસર્ગ (ગરમ રેતીનું તોફાન અને ગાજવીજ સાથે મુશળધાર વરસાદ) કરીને તેની નિષ્ફળતાથી અટકી જતો નથી. તે તો પોતાની નિષ્ફળતાથી વિશેષ ક્રુદ્ધ થઈ, વધુ આકરા ઉપસર્ગ કરવા પ્રતિ વળે છે અને વિશેષ ગાઢા આકરા કર્મબંધના ફંદામાં ફસાય છે.

ગાજવીજ સાથેના વરસાદથી પણ પોતાનું કાર્ય સરતું નથી એ જોતાં કમઠનો ક્રોધાગ્નિ વિશેષ પ્રદીપ્ત થયો અને તેના પરિણામે તે વધુ ભયંકર ઉપસર્ગ કરવા તત્પર બન્યો. તેનું વર્ણન સિદ્ધસેન દિવાકરસૂરિજી આ પ્રમાણે કરે છે : "હે દેવ ! જેના માથા ઉપર ઊંચા બરછટ વાળ લટકી રહ્યાં છે, જેણે મરી ગયેલા માણસોના માથાની ખોપરીઓના લાંબા હાર પહેરેલા છે, જેના મુખમાંથી ભયાનક અગ્નિ લાવારસની જેમ નીકળી રહ્યો છે અને તીક્ષ્ણ ધારવાળા દાંત બહાર દેખાતા હોય એવા ભૂતોનો જે સમૂહ આપના તરફ તે કમઠ દૈત્યે મોકલ્યો હતો તેથી આપને તો કાંઇ જ થયું નહીં પરંતુ ઊલટું તે તેનેજ ભવપરંપરાએ દુઃખનું કારણ થઇ પડ્યો."

કમઠે પિશાચના સમૂહને વિકુર્વીને પ્રભુને ડરાવવા અને હેરાન કરવા મોકલ્યા. અત્યાર સુધી પ્રભુ પર ઉપસર્ગ કરવા તે નિર્જીવ સાધન અથવા એકેન્દ્રિયનો આશ્રય લેતો હતો, પણ હવે તેણે ભુવનપતિ દેવગતિના તથા અશુભ કૃત્યોમાં જ રાચનારા સંજ્ઞી પંચેન્દ્રિય એવા ભૂત-પ્રેત-પિશાચનો આશ્રય લીધો. શુભ કે અશુભ ફળ આપવાની શક્તિ એકેન્દ્રિય કરતાં સંજ્ઞી પંચેન્દ્રિયમાં અનેકગણી હોય છે. આ પિશાચો બીજાને પરેશાન કરવામાં, દુઃખ આપવામાં જ આનંદ માનનારા હોય છે. તેઓ દેખાવમાં ખૂબ જ બિહામણા તથા ભયાનક હોય છે. તેમના બિહામણાપણામાં વિકૃત મુખ તથા વાળની ભયંકરતા ઉમેરો કરે છે.

આ ઉપસર્ગોથી પાર્શ્વપ્રભુ પાર ઊતર્યા હતા. તેઓ ઉપસર્ગોથી જરાય ભયભીત થયા વિના ધ્યાનથી લેશપણ ચલિત થયા નહોતા. ભૂત-પ્રેત-પિશાચોનો સમૂહ વિવિધ રીતે પ્રભુને હેરાન કરતો હોવા છતાં તેમની વૃત્તિ જરાય ડગી ન હતી અને નહોતા આવ્યા જરાય કષાયભાવ. વળી, થતા ઉપસર્ગોનો પ્રતિકાર કરવાની શક્તિ પ્રભુને પ્રાપ્ત થઇ હોવા છતાં પ્રતિકાર કરવાનો ભાવ સુધ્ધાં પણ તેમણે નહોતો કર્યો. તેઓ તો સર્વથી પર બની આત્માને પરમ શુદ્ધ કરવાના પુરુષાર્થમાં જ લીન રહ્યા હતા. કમઠનો તીવ્ર કષાયભાવ અને ઉપસર્ગો પ્રભુને જરા પણ નુકસાન કરવા સમર્થ ન બન્યા. જે સંજોગોમાં સામાન્ય જીવ કષાયવશ બની અનેક પ્રતિક્રિયા કરે તે સંજોગોમાં પણ પ્રભુ તો સ્થિર અને અડોલ જ રહ્યા હતા.

ચાલો આપણે આ પ્રસંગ ઉપરથી પ્રારબ્ધ અને પુરુષાર્થનો સિદ્ધાંત સમજીએ. આપણી આજુબાજુના સંજોગો એ તો સાંસારિક પ્રારબ્ધ (પૂર્વે બાંધેલા કર્મ) અનુસાર પ્રાપ્ત થાય છે. પરંતુ પ્રાપ્ત થયેલા સંજોગોને કેવી રીતે સ્વીકારવા તથા તે માટે કેવા **'ભાવ'** રાખવા તે જીવનો પારમાર્થિક પુરુષાર્થ અને જીવની પોતાની સ્વતંત્રતાની વાત છે. સામો જીવ અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગ કરે તે વખતે નિમિત્તને આધીન થઇ વર્તવું (ઔદયિકભાવ) કે સ્થિર અને અડોલ રહેવું (ઔપશમિકભાવ) એ વિષે જીવ સ્વતંત્ર છે. ધારે તો નિમિત્તાધીન થઈ વિશેષ કર્મોપાર્જન કરે અને ધારે તો પોતાનું વીર્ય ફોરવી સ્થિર અને અડોલ રહી, પૂર્વકર્મની નિર્જરા કરે. કમઠે જ્યારે પ્રાણઘાતક ઉપસર્ગો કર્યા ત્યારે પાર્શ્વમુનિમાં તેનો સફળ પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતા સંજોગો અને ઉદયોના નિમત્તને વશ ન થતાં, તેઓ પ્રચંડ પુરુષાર્થથી અડોલ અને સ્થિર રહ્યા. પરિણામે કર્મની અનંતી નિર્જરા થઈને અલ્પકાળમાં પૂર્ણતા (પ્રભુતા) પ્રાપ્ત કરી. આ પ્રમાણે જીવ પોતાની સ્વતંત્રતાનો યથાર્થ સદુપયોગ કરી પુરુષાર્થથી આત્મામાં સ્થિર રહીને અલ્પકાળમાં શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે.

હવે આપણે ઉપસર્ગનું વિશ્લેષણ કરીએ. ઉપસર્ગમાં ઉપસર્ગકર્તા અને ઉપસર્ગભોક્તા હોય છે. પરિસ્થિતિ કર્મજનિત હોય છે. એક પક્ષે કર્મનો ઉદયભાવ છે અને બીજા પક્ષમાં કર્મનો ઉપશમ ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ છે. ઉદયભાવ વિકારીભાવ

છે અને ક્ષાયિકભાવ અવિકારી આત્મિકભાવ છે. બે ભાવોનો પરસ્પર સંઘર્ષ છે. સામાન્ય સાધકને વીર્યાંતરાયનો ક્ષયોપશમ ઓછો હોય તો તે વિચલિત થઇ જાય. "ઉપાસકદશાંગ સૂત્ર" માં કામદેવ છેલ્લે વિચલિત થઈ જાય છે, જ્યારે સુદર્શન શેઠ અચળ રહે છે.

ઉપસર્ગકર્તા અને ઉપસર્ગભોક્તાની ચતુર્ભંગી પણ વિચારી શકાય. ઉપસર્ગકર્તાના બે પ્રકાર : (૧) ઉપસર્ગ પછી પશ્ચાત્તાપ કરીને શરણાગત થાય, જેમ કે ચંડકૌશિક નાગ (૨) ઉપસર્ગ પછી પણ વૈરબુદ્ધિથી દુર્ગતિ પ્રાપ્ત કરે છે, જેમ કે સંગમદેવ. ઉપસર્ગભોક્તાના પણ બે પ્રકાર છે : (૧) એક સાંગોપાંગ ઉપસર્ગ સહન કરીને સાધનાના શિખરને સ્પર્શે છે, જેમ કે પાર્શ્વમુનિ (૨) બીજો ઉપસર્ગના આતંકથી વિચલિત થઈ દુષ્પરિણામી બને છે, જેમ કે સંભૂતિ મુનિ.

ઉપસર્ગકર્તામાં ક્રોધ મોહનીયનો ઉદયભાવ હોય છે. તે વખતે જ્ઞાનાવરણીય અને મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ હોય તો ક્રોધમુક્ત થઈને સદ્ગતિને પ્રાપ્ત કરે છે. પરંતુ તે વખતે જો મિથ્યાત્વ મોહનીયનો ગાઢ ઉદય હોય તો ભવસાગરમાં ડૂબાડી દે છે.

કલ્યાણમંદિર સ્તોત્રમાં સિદ્ધસેન દિવાકરસૂરિજીએ ભિન્ન ભિન્ન પદાર્થોના અવલંબન લઈને ભક્તિને સ્ફુરાયમાન કરી છે. અષ્ટ પ્રાતિહાર્ય અને સ્વયં પરમાત્માના વૈભવનું અવલંબન લીધું. ત્યારપછી કમઠના ત્રિવિધ ઉપસર્ગોનું અવલંબન લઈને ભક્તિયોગને સજાવ્યો છે. આ ૩૩મા શ્લોકમાં ત્રીજા ઉપસર્ગનો ઉલ્લેખ કરીને ભૂત-પ્રેતનો ભય ઘાતક હોવા છતાં પણ પરમાત્મા માટે તે ઉપસર્ગનો પરાજય ભગવાનનો અલંકાર બની ગયો છે અને સાથે સાથે આચાર્યશ્રીએ કુકર્મનું ફળ અનેક જન્મો સુધી દુઃખદાયક હોય છે તે દર્શાવેલ છે.

પરમાત્મા પાર્શ્વનાથને કમઠાસુરે ઉપદ્રવ કરવા પોતાની તમામ શક્તિ કામે લગાડી. વૈક્રિય શક્તિ દ્વારા પિશાચનાં અનેક ભયંકરરૂપ વિકુર્વ્યા અને પરમાત્માની સામે દોડાવ્યા. આ બીભત્સ આકૃતિવાળા પિશાચો પણ જેને ડરાવી ન શક્યા કે અંશમાત્ર ચલિત ન કરી શક્યા. આ છે પ્રભુની અપ્રતિમ અનંત શક્તિનું સામર્થ્ય. અનંતબલિ પ્રભુ અભયપદ ઉપર સ્થિત હતા. મહાસંવર્તક વાયરો જે મેરુને ન ડગાવી શક્યો તે મેરુને પરમાત્મા મહાવીરે એક અંગૂઠો દબાવીને હલાવી દીધો. આવી તાકાત સર્વે તીર્થંકરોની હોય છે. અત્રેશ્રી પાર્શ્વનાથ પ્રભુની મહાન શક્તિનો પરિચય આપ્યો છે. નમસ્કાર હો અપ્રતિમ શક્તિના સ્વામી શ્રી પાર્શ્વનાથ પ્રભુને !

એક દુહો છે :

**બૂરું ચાહે બીજા તણું, બૂરું પોતાનું થાય;**
**ખાડો ખોદે તે પડે, કહેવત એ કહેવાય.**

તેથી શ્લોક ૩૧-૩૨-૩૩ નો સાર એ છે કે કોઇનું બૂરું કરવાનું તો દૂર રહ્યું પણ મનથીય કોઇનું બૂરું ચિંતવવું નહિ. અહીં આચાર્યશ્રી રાજાવીર વિક્રમ તથા તેના દરબારીઓને કોઇનું બૂરું ન કરવાનો કે ન ચિંતવવાનો બોધ આપે છે.

આવા પ્રાણાંતક કષ્ટો સહન કરવા છતાં પાર્શ્વનાથ પ્રભુના મનમાં પણ કમઠ પ્રત્યેનો સમભાવ ચલિત થયો નથી કે દ્વેષભાવ આવ્યો નથી. તે ઉપસર્ગો વખતે સ્વેચ્છાએ આવીને પ્રભુની પર્યુપાસના કરનાર ધરણેન્દ્રદેવ અને પદ્માવતી દેવી પ્રત્યે પ્રભુને રાગભાવ ઉપજ્યો નથી. પાર્શ્વનાથ પ્રભુ તો પોતાના સમભાવમાં, વીતરાગ દશામાં સ્થિર રહીને કાઉસગ્ગ ધ્યાનમાં અવિચળ રહ્યા છે. તે બતાવતી નીચેની ગાથા છે :

**કમઠે ધરણેન્દ્રે ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ ।**
**પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ શ્રી પાર્શ્વનાથ શ્રિયે સ્તુવઃ ॥**

**અર્થ :** કમઠે અને ધરણેંદ્રે પોતપોતાની લાયકાત પ્રમાણે પ્રભુ પ્રત્યે કાર્ય (ઉપસર્ગ અને રક્ષા અનુક્રમે) કર્યું. પણ પાર્શ્વ પ્રભુએ તો બન્ને પ્રત્યે સમાન જ માધ્યસ્થભાવ રાખ્યો, તેવા પરમ વીતરાગી શ્રી પાર્શ્વનાથ પ્રભુની હું ભાવથી સ્તુતિ કરું છું.

આ શ્લોકમાં કમઠ દ્વારા જે ભૂત-પ્રેત-પિશાચોનો સમૂહ પ્રભુ તરફ મોકલાયો તેનું વર્ણન પાંચ વિશેષણોથી કરેલું છે : (૧) બરછટ કેશ નીચે

લટકતાં - વિખરાયેલાં ઊંચા છે, (૨) આકાર-દેખાવ બિભિત્સ-રૌદ્ર છે, (૩) જેણે મનુષ્યના મસ્તકની-ખોપરીની લાંબી માળા ગળામાં ધારણ કરી છે, (૪) જેઓ ભય આપનારા - ભયંકર છે, (૫) તેઓના મુખમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળી રહી છે.

● **ઉત્થાનિકા :** હવે પછીના શ્લોક-૩૪ માં આચાર્યશ્રીનું ભક્તહૃદય પ્રભુભક્તોને ધન્યવાદ આપે છે કે જેઓ પ્રભુભક્તિમાં લીન છે. જિનેશ્વરની સ્તુતિની સાથે સાથે ઉપાસકોની પણ સ્તુતિ કરી છે.

● **અંતમંગળ :** અંતમાં સહુ જીવ જાણતા-અજાણતા થયેલ પ્રભુની આશાતનાથી દૂર રહીને, ભાવથી પ્રભુભક્તિ કરીને આત્મકલ્યાણ કરે તેવી મંગલભાવના સાથે જિનાજ્ઞાથી કાંઇ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

## સમાધિતંત્રનું અમૃતરસપાન ...

**પાના નં. ૧૯ પરથી ચાલુ...**

વિના, તે ગ્રહણ કર્યા વિના ધ્યાન કોના આશ્રયે થશે ? એકાગ્રતા ક્યાં જામશે ? એક સત્ લક્ષણ આત્મા એનો જ પરિચય રાખજે. જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ.''

''જીર્ણ વસ્ત્રે ન પોતાને, જીર્ણ જાણે વિવેકી કો,
જીર્ણ દેહ થતાં તેમ, આત્મા જીર્ણ ન માનવો.''

**- પૂ. બ્રહ્મચારીજી**

''होता यदा वसन है यदि जीर्ण-शीर्ण
कोइ तदा समझते निज को न शीर्ण ।
काया जरा समय में यदि कान्ति हीन
ज्ञानी तदा समझते निज को न क्षीण ॥''

**- પૂ. આચાર્યશ્રી વિદ્યાસાગરજી**

''જીર્ણ વસ્ત્રથી જે રીતે, જીર્ણ ન ગણે શરીર,
જીર્ણ દેહથી જ્ઞાનીજન, જીર્ણ ન માને જીવ.''

**- શ્રી છોટાલાલ ગાંધી**

(ક્રમશઃ)

## પરિણામનું અવલોકન, લક્ષણો ...

**પાના નં. ૨૭ પરથી ચાલુ...**

આત્મલક્ષી આલોચના એ જ સદ્‌ભૂતવ્યવહાર છે. તેવો દોષ નહિ કરવાનો ભાવ અને નિર્ણય એ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાનરૂપ છે. દૃઢપ્રહારીએ ચાર જીવોની હત્યા કરી પણ તુર્તજ આલોચના કરી કર્મબંધને અત્યંત હળવો કરી નાખ્યો અને જાત્યાંતર પણ કર્યુ. અગ્નિશર્માએ રૌદ્રધ્યાન કરી આલોચના ન કરી, પાછો ન વળ્યો તો ભવોભવના દુઃખની પરંપરા સર્જાઈ. નંદમણિયારે તપનું અભિમાન કરી આલોચના ન કરી તો દેડકાના ભવમાં જવું પડ્યું.

આશય તો એવો હોવો જોઈએ કે દોષ થતા પહેલા જ જાગૃત થઈ જવું એવી આત્મજાગૃતિ કેળવવાની છે. કારણ કે, કર્મતંત્રએ આપણા અંતરના ભાવ-પરિણતિ પર સી.સી.ટી.વી. કેમેરા મૂકેલ છે, આપણી દૈહિક ક્રિયા પર નહિ. ઉદયના પ્રતિકારરૂપ અસ્વીકાર એ જ અનાદિનો દોષ છે. તેથી આત્મલક્ષે, ધ્યેયના લક્ષે, છૂટવાના ભાવે, ભાવશુદ્ધિ અર્થે શુભક્રિયા કરવાની છે. લક્ષ વિનાની શુભક્રિયા વંધ્યાવત છે, લક્ષ વિનાના બાણ જેવી છે, આકાશકુસુમવત્ છે. આત્મલક્ષી શુભક્રિયારૂપ ચિંતન, આત્મનિરીક્ષણ વગેરે મોક્ષમાર્ગની કેડી અંકારે છે. ઈલાયચીકુમાર નટના દોરડા પર આત્મનિરીક્ષણમાં સરકી ગયા અને પામી ગયા. જીરણશેઠની ભગવાન મહાવીરને પારણું કરાવવાની ભાવના સફળ ન થઈ અને સ્વદોષનિરીક્ષણમાં ડૂબી ગયા, ગહન આત્મચિંતન કરી બારમાં દેવલોકનું આયુષ્ય બાંધ્યું.

ઊંડું તાત્ત્વિક અવલોકનરૂપ આત્મનિરીક્ષણ કરીએ તો સમજાય કે આવો દુર્લભ મનુષ્યભવ અનાદિના દોષોના બચાવ અર્થે નહિ, તેમજ ભોગઉપભોગ અર્થે પણ નહિ, પણ ભાવપૂર્વક આલોચના કરી કર્મક્ષય કરવા અર્થે જ મળેલ છે. પૂર્વનો હિસાબ ચૂકતે કરી, ઋણમુક્ત થઈ નિજસ્વરૂપની પ્રાપ્તિ અર્થે દુર્લભ મનુષ્યભવ મળેલ છે. સંગ શું છે અને કેવી રીતે કરેલ છે તથા આત્મલક્ષી શુભભાવની અગત્યતા વગેરેની વિચારણા આવતા અંકમાં કરીશું.

# પરિણામનું અવલોકન, લક્ષણો અને સાધના (ભાગ-૧૧)

**રમેશભાઈ કાંતિલાલ ખંધાર**

**કર્મધારાને અવગણવાની નથી.**

સર્વથા ઉપાદેય તો જ્ઞાનધારા જ રહે છે અને કર્મધારા હેયરૂપ હોય છે. જ્ઞાનધારાની મુખ્યતા રાખી, તેમાં સ્થિર થઈને વસ્તુવ્યવસ્થા જુએ તો કર્મધારા સહજપણે ક્ષીણ થતી જાય છે.

અંતરપરિણતિમાં સ્વ-પરના વિવેકરૂપ જ્ઞાનધારાની મુખ્યતા રહેતી હોવાથી સાધકની દશા જલકમળવત્ રહે છે. તેઓ કર્મધારામાં લેપાતા નથી. જ્ઞાનધારાની સાક્ષાત્ ઉપલબ્ધિ ન થાય ત્યાં સુધી યોગ્યતા અનુસાર તત્ત્વત્રયની તથા શુભક્રિયાની આવશ્યકતા હિતકારી છે. અશુભથી બચાવે છે અને અંતરપરિણતિમાં પ્રગટેલ જ્ઞાનધારાને સહચરી થાય છે. જ્ઞાનધારાની વૃદ્ધિ તો આત્મલક્ષ, તીવ્ર સંવેગ અને આત્મલીનતાથી થાય છે તો પણ શુભ કર્મધારારૂપ ધાર્મિક ક્રિયા અંતરંગદશાને વધુ અનુકૂળ રહે છે. અંતરંગજ્ઞાનધારાને આવરણરૂપ થતી નથી, બલ્કે સહાયકારી નીવડે છે.

ટૂંકમાં શુભ કર્મધારા હેયબુદ્ધિએ ઉપાદેય છે અને અંતરંગ સમ્યક્પરિણતિને સહચરી છે. સાંસારિક પ્રવૃત્તિરૂપ કર્મધારાનો સંક્ષેપ કરવો ઘટે. માત્ર પ્રયોજનભૂત પ્રવૃત્તિ કરવી ઘટે. શુભક્રિયા રૂપ કર્મધારા આત્મલક્ષે થવી ઘટે. આત્મલક્ષથી શુભને અનુબંધ પડે છે. બાહ્ય શુભક્રિયાથી પુણ્યબંધ થાય છે તે અપેક્ષાએ તેને કર્મધારા કહેવાય છે. અશુભ કર્મધારા તો સર્વથા હેય છે. જ્ઞાનીને અંતરંગ ભૂમિકા અનુસાર બાહ્યમાં શુભ ભાવ-ક્રિયા વર્તતી જ હોય છે. આગળની વધતી દશામાં યોગની ક્રિયા સહજપણે ઘટતી જાય છે અને મનની ક્રિયારૂપ આત્મનિરીક્ષણ વગેરે વધતા જાય છે.

જ્ઞાની જેવા જ્ઞાની પણ કર્મધારારૂપ પરભાવના પરિચયથી દૂર રહે છે. અનાદિની વૃત્તિના મૂળ છેદાયા હોવા છતાં તેના સંસ્કારની છાયા અવચેતન મનમાં પડેલી છે. તેથી 'હું જાણું છું અને યોગ્ય સમયે છોડી દઈશ' એવા વિચારે કરી પરભાવનો વિશેષ પરિચય કરે તો અનાદિની વૃત્તિરૂપ સંસ્કાર જાગૃત થઈ જાય છે અને વ્યામોહ ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. સિંહગુફાવાસી સાધુ એવા બફમમાં રહ્યા કે મારી જ્ઞાનધારા બળવાન છે તેથી હું રૂપકોશાનાં રૂપ, લાવણ્ય, હાવભાવથી લેપાઈશ નહિ એવા વિચારે રૂપકોશાનાં સાન્નિધ્યમાં ચોમાસુ કરવાના ભાવે તેમને પરાજિત કર્યા. નીચલી અવસ્થારૂપ મુમુક્ષુદશામાં તો વિશેષ વિશેષ જાગૃતિ રાખવાની ભલામણ કૃપાળુદેવે કરી છે.

**કયો સંયોગ હાનિકારક છે?**

જીવના અન્ય જીવ-અજીવ તત્ત્વોના સંયોગમાં વિવેક કરી લક્ષણો વડે ભિન્ન જાણવાનો વિવેક કરવાનો છે. સંયોગ ત્રણ પ્રકારના હોય છે, ભિન્ન ક્ષેત્રાવગાહી ધન, કુટુંબ, પરિવાર આદિ, બીજો એકક્ષેત્રાવગાહી સ્થૂળ શરીર સંબંધ, અને ત્રીજો ક્ષણિક સમયવર્તી એકમેક થયેલ રાગાદિરૂપ સૂક્ષ્મ શરીર. આ સૂક્ષ્મ શરીર જ વાસ્તવિક બંધન છે. તેના આધારે અન્ય બંને સંયોગો નિર્મિત થાય છે. આત્મા પોતે એકલો કર્મક્ષય કરી શકે નહિ. દેહના માધ્યમ દ્વારા જ આત્માનું કરણવીર્ય પ્રવર્તે છે. અર્થાત્, દેહ તો કર્મક્ષય કરવાના સાધનરૂપે મળેલ છે. અજ્ઞાની કર્મક્ષય કરવાને બદલે દેહ, સ્ત્રી, પુત્ર, ઈન્દ્રિયોના વિષયો વગેરેમાં લુબ્ધ થઈ અનંત સંસારને લંબાવે છે.

એકક્ષેત્રાવગાહ સંબંધ એટલો હાનિકારક નથી. માત્ર દેહની વ્યાધિ કાળે હાનિરૂપ થાય છે. માનસિક સંયોગ વધુ હાનિકારક છે અને તે જ આત્મશાંતિનું ઘાતક છે. આ માનસિક સંયોગ પરમાં સુખબુદ્ધિરૂપ જોડાણ છે અને તે જ દર્શનમોહ છે, મિથ્યાદર્શન છે, આત્મભ્રાંતિ છે. કૃપાળુદેવે આ માનસિક જોડાણને અંતરસંબંધીય સંયોગ કહેલ છે. 'જેમાં મતિની મગ્નતા, તેની થાય પ્રતીત; થાય પ્રતીતિ જેહની, તેમાં થાય મન લીન'- સમાધિશતક. જ્યાં બુદ્ધિ નિર્ણય લે તે નિર્ણય અનુસાર તેની શ્રદ્ધા ઉત્પન્ન

થાય છે અને જેની શ્રદ્ધા થાય ત્યાં જ ઉપયોગરૂપ ચિત્ત લીન થાય છે. ચિત્ત તે તરફ ખેંચાય છે. જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા અનુસાર ઉપયોગનું પરિણમન થાય છે. અજ્ઞાનીને દેહાધ્યાસના કારણે ઉત્પન્ન થયેલ પરમાં સુખબુદ્ધિ જ ઉપયોગને બહિર્મુખ રાખે છે. તેથી ઉપયોગ બાહ્ય પદાર્થો પ્રત્યે ખેંચાયેલો રહે છે અને એ જ અંતરસંબંધીય સંબંધ છે. ભવદત્તે મોટાભાઈ (મુનિના) ભાવને સ્વીકારી દીક્ષા તો લીધી પણ અંતરના ભાવમાંથી નવપરણિત નવોઢાને દૂર ન કરી શક્યા. અનાદિથી આજ સુધી આવા માનસિક સંગના યોગે જ જીવ પોતાના સહજસ્વરૂપને ભુલતો આવેલ છે. સંગની નિવૃત્તિએ પોતાનું સહજ સ્વરૂપ પ્રકાશે છે, અર્થાત્ જીવની સહજસ્વરૂપે સ્થિતિ થાય છે.

**જ્ઞાનનું જાણવું બે પ્રકારેઃ**

જ્ઞનનું જાણવું ત્રિકાળ સ્વચ્છ જ છે પણ દર્શનમોહને લઈને જ્ઞાનમાં જાણવું બે પ્રકારે થાય છે. પહેલો પ્રકાર 'માત્ર જાણવું છે, જેને જ્ઞપ્તિ ક્રિયા કહે છે અને બીજો પ્રકાર મિથ્યા માન્યતાપૂર્વક પરમાં પોતાપણાની કલ્પના કરી જાણવું. પ્રથમ પ્રકાર એ આત્માનો જ્ઞાનસ્વભાવ છે. આત્મા માત્ર જાણનાર-દેખનાર છે, જ્ઞાતા - દ્રષ્ટા છે. બીજા પ્રકારમાં પરમાં સુખબુદ્ધિરૂપ મિથ્યાત્વને લઈને પરવસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિપૂર્વક પરને જાણવું થાય છે અને એ જ સ્વરૂપભ્રાંતિ છે. પોતાના મૂળસ્વરૂપને જાણવા સાથે પરવસ્તુનું જાણપણું યથાર્થ હોય છે અને એ ચેતનનો 'ઊર્ધ્વતા' ગુણ છે. વેદન અપેક્ષાએ જ્ઞાન સ્વપ્રકાશક છે. સ્વને યથાર્થપણે જાણ્યા વિના માત્ર પરને જાણીને તેમાં ઈષ્ટાનિષ્ટપણું કરવું એ જ આત્માના ઊર્ધ્વતા ગુણના વિકારરૂપ અધોગુણ છે અને સંસારપરિભ્રમણનું કારણ બને છે.

સ્વની સભાનતામાં જ પરનું જાણવું યથાર્થ હોય છે. કદાચિત્ અસ્થિરતાના દોષને લઈને રાગદ્વેષ થાય તો પણ નિષેધપૂર્વકના વિધેયાત્મક વલણ હોય તો એ અતિચાર સહિત યથાર્થ જાણવું થાય છે. કેટલી જલ્દીથી પોતાના સ્વરૂપ તરફ પાછા વળીએ છીએ એ મહત્ત્વનું છે. દૃઢપ્રહારી તુર્તજ પાછા વળ્યાં અને અંતરના ભાવથી આલોચના કરી. રૂક્મી સાધ્વી પાછા ન વળ્યાં અને એક લાખ ભવનું પરિભ્રમણ વધારી દીધું. સંભૂતિમુનિ પાછા ન વળ્યાં અને નરકગતિના બારણાં ખટખટાવ્યા ! જલ્દીથી પાછા વળવાના હેતુએ જ આત્મનિરીક્ષણ અને નિજાવલોકન કરવાનું હોય છે. તેથી તે રાગદ્વેષ સંસ્કારરૂપ ન થાય. સ્વરૂપના અજ્ઞાનમાં પરવસ્તુનું વિશાળ જ્ઞાન પણ અનાચારરૂપ મિથ્યા જાણવું છે. ભૌતિક જગતમાં તે જ્ઞાનની ગમે તેટલી બોલબાલા હોય તો પણ પરમાર્થદૃષ્ટિમાં તે જાણવું મિથ્યા છે, મોક્ષમાર્ગમાં કલ્યાણકારી બનતું નથી.

**પર સાથેનું માનસિક જોડાણરૂપ સંયોગ જ સંસારનું મૂળ છેઃ**

સર્વ વિકલ્પોનું મૂળ શરીરમાં પોતાપણાનો અધ્યાસ છે. દેહનો સંયોગ હાનિકારક નથી પણ દેહ પ્રત્યેનો મિથ્યા અભિગમ હાનિકારક છે. પોતે અજ્ઞાનદશામાં ઊભો કરેલો પરવસ્તુઓ સાથેનો માનસિક સંયોગ જ હાનિકારક છે. અજ્ઞાનદશામાં દેહની ઈષ્ટતા માટે જ સર્વ વિકલ્પો થાય છે. ધન ઉપાર્જનનો વિકલ્પ પાંચ ઈન્દ્રિયોના વિષયની પૂર્તિ અર્થે થતો હોય છે. વિશેષ ધનની આકાંક્ષા સ્વજનો પ્રત્યેના રાગના કારણે થાય છે. તેથી પણ વધુ ધનની ઈચ્છા લોકદૃષ્ટિના કારણે થતી હોય છે. આમ, જીવ પોતે જ વધુ વિકલ્પો, ચિંતા, આધિ-વ્યાધિ-ઉપાધિ ઊભી કરે છે. 'ઊપજે મોહવિકલ્પથી સમસ્ત આ સંસાર.' તેનો અચૂક અને અમોઘ ઉપાય 'અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર'. આત્મનિરીક્ષણ અને નિજાવલોકન એ ઉપયોગને અંતર્મુખ કરવાની ભેદજ્ઞાનની પ્રક્રિયા છે.

જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે તેથી બાહ્ય જ્ઞેયો સહજપણે જ્ઞાનમાં પ્રતિભાસે છે તે જ્ઞાન સ્વભાવભૂત છે. પરંતુ, પર જ્ઞેયને જ્ઞેયરૂપે જોવાને બદલે તેમાં ઈષ્ટાનિષ્ટપણું કરીને તે જ્ઞેયાકારોમાં ઉપયોગને ભમાવવો, તેના સંબંધી વિકલ્પો કરવા એ દૃષ્ટિની વિપરીતતા સહિતની ચંચળતા છે, અસ્થિરતા છે. જ્ઞેય અને જ્ઞાયકની ભિન્નતા ન કરવાને લીધે જ્ઞેયજ્ઞાયક સંકરદોષ ઉત્પન્ન થાય છે. જ્ઞેય તો જ્ઞેય હોવા છતાં જીવ તેને જ્ઞેયરૂપે જોવાને બદલે ઈષ્ટ-અનિષ્ટરૂપે જુએ છે. તેથી જ્ઞાયકભાવ પણ અવરાય છે અને જીવ જ્ઞેયલુબ્ધ બને છે. ભેદજ્ઞાનનો અભાવ વર્તે છે તેથી જ્ઞેયરૂપ પરવસ્તુમાં એકત્વ

મમત્વ કરે છે. જ્ઞેયલુબ્ધતા જ્ઞાનના કારણે નથી પણ જ્ઞાન સાથે રહેલ દર્શનમોહના સદ્‌ભાવમાં જ્ઞાન મિથ્યાજ્ઞાન કહેવાય છે. તે જ્ઞેયોમાં જેટલા અંશે મોહાસક્તિ છે, અહં-મમ છે તેટલા અંશે મળ છે, મલિનતા છે અને તે ભાવિ સંસારના હેતુરૂપ છે.

**કલ્પનારૂપ માનસિક સંયોગને નિર્મૂળ કરવાનો ઉપાયઃ**

અંતરના ભાવપૂર્વક સત્સંગ-સ્વાધ્યાય-સત્સમાગમ કરી ચિંતન-મનનની ભૂમિકામાં આવવું અનિવાર્ય છે. આત્મવિચારે કરી 'આ આત્મભાવ છે અને પરના લક્ષે થતા ભાવો અન્યભાવ છે' એવો તત્ત્વનિર્ણય કરે ત્યારે મોહાસક્તિરૂપ દર્શનમોહ મંદ પડે છે. આગળના લેખોમાં જણાવ્યું તેમ તત્ત્વનિર્ણય અનુસાર ભેદજ્ઞાનના અભ્યાસથી આત્મજાગૃતિ વધે છે અને જ્ઞાન ઉપયોગ પર જ્ઞેયોથી ન્યારો થતો જાય છે, પર જ્ઞેય સંબંધી વિકલ્પો ઘટતા જાય છે. ભેદજ્ઞાનનો પ્રયોગાત્મક અભ્યાસ ઉદય સમયે કરવાનો હોય છે. અંતરપરિણતિમાં સ્વ-પરનો વિવેક કરી બાહ્યમાં સર્વ ઉદયનો પ્રતિકારરહિત શાંતભાવે સ્વીકાર કરવો એ જ ભેદજ્ઞાનનો અભ્યાસ છે, સાક્ષીભાવનો અભ્યાસ છે. અવચેતન મનમાં રહેલી વૃત્તિઓ ક્ષીણ થતી જાય છે. પૂર્વગ્રહ આદિ વૃત્તિઓ ગળવા માંડે છે અને આત્મવૃત્તિનું સર્જન થવા લાગે છે. તેથી ક્રમે કરી અવચેતન મનનું ચેતન મનમાં રૂપાંતરણ થતું જાય છે, અર્થાત્, આત્મજાગૃતિ વધતી જાય છે. બુદ્ધિનું પ્રજ્ઞામાં રૂપાંતરણ થતું જાય છે, પ્રજ્ઞાના અંશો વધતાં જાય છે. ભેદજ્ઞાનનો વિષય અત્યંત મહત્ત્વનો હોવાથી તેનો વિસ્તાર આગળ ઉપર કરીશું.

**ષટ્‌કારકથી ભેદજ્ઞાનની સિદ્ધિ છે.**

'હું દેહથી ભિન્ન છું, સ્વજનો સાથે મારે કોઈ સંબંધ નથી' એવું બોલવામાત્રથી ભેદજ્ઞાન થાય નહિ અને કાર્યસિદ્ધિ પણ ન થાય. પૂરા ષટ્‌કારકથી ભેદજ્ઞાનની સિદ્ધિ છે. અર્થાત્, હું પરનું કામ કરી શકતો નથી, અને પરદ્રવ્ય મારું કામ કરી શકે નહિ, હું અન્ય પદાર્થ દ્વારા કંઈ કરી શકું નહિ, હું પરના પરિણામને કરી શકું નહિ, બે દ્રવ્યો મળીને એક પરિણામરૂપ કાર્ય કરી શકે નહિ, હું પરના સ્વભાવપણે પરિણમી શકું નહિ વગેરે સર્વે ષટ્‌કારક ભેદજ્ઞાનરૂપ છે. દરેક દ્રવ્ય પોતે, પોતા વડે, પોતામાં, પોતાથી, પોતા માટે, પોતા દ્વારા પરિણમે છે. મહાવીર ગોવાળ અને સંગમ જેવા અશુભ નિમિત્તથી નિરાળા રહ્યા અને પોતે પોતાના સમ્યક્ પુરુષાર્થ વડે પોતામાં જ લીન રહ્યા. સુદર્શનશેઠ અભયા રાણીના માયામૃષાથી નિર્લેપ રહી પોતે પોતાના પુરુષાર્થ દ્વારા પોતામાં સ્થિર રહ્યા. નિમિત્તથી પ્રભાવિત થાય તો જ્ઞેયજ્ઞાયક સંબંધ નિર્દોષ ન રહે. દ્રવ્યની કાર્યવ્યવસ્થામાં અન્ય દ્રવ્ય નિમિત્તરૂપ હોવા છતાં સ્વભાવદૃષ્ટિમાં તેનું કોઈ સ્થાન નથી. નિમિત્તને અવગણવાની વાત નથી પણ નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવીને ઉપાદાનદૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે.

**પાંચ સમવાયથી કાર્ય**

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા હોય તેવા વિચારવાન જીવનો પુરુષાર્થ મંદ ન પડે પણ વધુ વેગથી પુરુષાર્થ ઉપડે. ભેદજ્ઞાન થયા પછી પુરુષાર્થની ધારા તો ચાલુ જ રહે છે. વાસ્તવમાં પુરુષાર્થથી જ સહજ જ્ઞાતા-દૃષ્ટાપણું ટકી રહે છે. કોઈ એક સમવાયથી કાર્યની સિદ્ધિ કદી થતી નથી. પાંચ સમવાય મળે ત્યારે કાર્યની સિદ્ધિ થાય છે. કોઈ પણ પાંચ સમવાયમાંથી એક સમવાયને મુખ્ય કરી કથન કર્યું હોય ત્યારે પણ અન્ય સમવાયો ગૌણપણે અંતરગર્ભિત હોય છે. 'કાળલબ્ધિ પાકે ત્યારે સમ્યગ્‌દર્શન થાય' એવા કથનમાં પણ અન્ય સમવાયો ગૌણપણે રહેલા જ છે. સ્વભાવનો પુરુષાર્થ એ મુખ્ય નિયામક કારણ છે અને તેની સાથે કાળલબ્ધિ, ભવિતવ્યતા, કર્મનો અભાવ વગેરે સમવાયો સાથે હોય છે. કાર્ય ન થાય ત્યાંસુધી અપેક્ષાએ 'જીવની તત્સમયની યોગ્યતા એવી જ હતી' એમ કહેવામાં આવે છે. અથવા કાળલબ્ધિ ન પાકે ત્યાંસુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ નથી એમ પણ કહેવામાં આવે છે. કોઈ એક સમવાયને મુખ્ય કરીને કથન કરેલ હોય ત્યાં જીવ અપેક્ષા ન સમજે તો પ્રાયે પુરુષાર્થહીન થવાનો સંભવ રહે છે. જીવના હાથમાં નિયામક કારણ-પુરુષાર્થ જ છે. સમ્યક્ પુરુષાર્થના નિમિત્તે અન્ય સમવાયોનો પરિપાક થાય છે. ચિંતન, આત્મનિરીક્ષણ આદિમાં પુરુષાર્થની મુખ્યતા છે ત્યારે પણ અન્ય સમવાયો ગૌણપણે અંતરગર્ભિત છે. જીરણશેઠ આત્મનિરીક્ષણ કરી અંતરમાં ઊંડા ઉતરી લીન થયા ત્યારે કર્મનો ઉદય અને અભાવરૂપ નિમિત્ત પણ અનુકૂળ હોય અને તત્સમયની યોગ્યતારૂપ

ભવિતવ્યતા પણ એને અનુરૂપ જ હોય.

**કરવાપણાનો ભાવ છોડવો દુષ્કર છે:**

દેહથી અતિકષ્ટરૂપ આકરી તપશ્ચર્યા કરવી સહેલી છે. દેહનું સંઘયણ એવું હોય અને એવા બાહ્યતપથી સુખની પ્રાપ્તિ થશે એવી મિથ્યામાન્યતાનું જોર હોય છે તેથી તપ કરવાની વૃત્તિ પણ જોર કરે છે. પરંતુ, દેહથી ઉત્પન્ન થયેલા પુત્રો આદિ અને અન્ય સંબંધો પ્રત્યે રાગદ્વેષ ન કરવાં, છોડવાં એ અતિ દુષ્કર છે. પહેલા પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં અને તેને ભોગવવામાં સુખ માણ્યું. પછી વ્રત-તપથી સુખ મળશે એવી માન્યતાથી દેહને પોતાનો માન્યો. પછી ભાવેન્દ્રિયમાં કર્તાપણાના ભાવને પકડી રાખે છે. આમ, કોઈ ને કોઈ રીતે 'કરવાપણા' ના ભાવને છોડતો નથી, છોડી શકતો નથી. કર્તૃત્વપણું છોડવા જેવું છે એવી સમજણ કરવાનો પુરુષાર્થ પણ કરતો નથી. કર્તવ્ય અને ફરજના બહાને પણ મોહદયારૂપી 'કરવાપણું' ચાલુ જ રહે છે. ભૂતકાળની સ્મૃતિમાં અને ભાવિની આકાંક્ષામાં જ ડૂબેલો રહે છે, સૂતો રહે છે. તે મોહનિદ્રામાંથી જાગીને વર્તમાનમાં જીવતો નથી. ભૂત-ભાવિના વિકલ્પો અને ઉદયનો અસ્વીકારરૂપ પ્રતિકાર એ અનાદિની વૃત્તિનો ખોરાક છે, પ્રાણ છે, કર્તા-ભોક્તાપણાનો પ્રાણ છે. ઉદયનો પ્રતિકાર, ઉદયમાં ફેરફાર કરવાની બુદ્ધિથી અહંકાર જીવંત કહે છે. વિપરીત બુદ્ધિ અને અહંકાર એકબીજાને પુષ્ટ કરે છે. અનાદિની જુગલ જોડીએ જીવને સંસારકારાગ્રહમાં કેદ કરેલ છે. વેરની ગાંઠ બાંધવી એ પણ ઉદયમાં ફેરફાર કરવાની વૃત્તિને બળ આપે છે. કમઠ વર્તમાન ઉદયમાં પાર્શ્વકુમારથી પરાજિત થયો તો ભાવિમાં 'હું તેને જોઈ લઈશ' એવા ભાવથી વેરની ગાંઠ બાંધી. ઈચ્છા પ્રમાણે ઉદય ન પરિણમ્યો અને પોતાના બાળતપની હાંસી થઈ ત્યારે તો કમઠે વેરની ગાંઠ બાંધી.

**ભેદજ્ઞાનનો અભ્યાસ એ ભાવપરાવર્તનનો કાળદેવતા છે:**

અનાદિની વિકલ્પધારા એ જ ભાવપરાવર્તન છે. તેથી નિર્વિકલ્પરૂપ આત્મલીનતા એ ભાવપરાવર્તનનો કાળદેવતા છે. પાંચ ભાવોમાં ઔદયિકભાવ એ ભાવપરાવર્તનનું મુખ્ય કારણ છે. ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવરૂપ ભાવત્રય એ મોક્ષમાર્ગ છે અને ભાવપરાવર્તનના નિવારણના સાધનરૂપ છે. આત્મલીનતા એ જીવના પારિણામિકભાવરૂપ થવાની સાધના છે. જ્ઞાન ઉપયોગનું ઉપયોગવાનરૂપ શુદ્ધાત્મા સાથે અભેદ થવું, એકરૂપ થવું એ પંચમભાવ પ્રગટાવવાની સાધના છે. સુદર્શનશેઠ અત્યંત પ્રતિકૂળ સંયોગમાં પણ સંયોગથી નિર્લેપ રહી પોતાના આત્મભાવમાં ટકી રહ્યા અને ભાવપરાવર્તનના અંતને વેગ આપ્યો.

મિથ્યાત્વ સહિતનો કર્મબંધ ભાવપરાવર્તનને લંબાવે છે. મિથ્યા માન્યતાથી અશુભનો અનુબંધ પડે છે, જે પાપનો અનુબંધ છે. અશુભ અનુબંધથી મોક્ષમાર્ગની કેડીને અંકારી શકાય નહિ. સમ્યક્ માન્યતારૂપ શુભ અનુબંધથી જ મોક્ષમાર્ગની કેડી અંકારાય છે. શુભ અનુબંધના સદ્‌ભાવમાં સંસ્કારવશ અશુભ ક્રિયા પણ મોક્ષમાર્ગને બાધક બનતી નથી. જેમ કાદવમિશ્રિતિ પાણી સ્વભાવથી શુદ્ધ છે એમ માન્યા વિના બંનેને જુદા કરવાનો પુરુષાર્થ ઉપડતો નથી તેમ આત્મા અને કર્મને માત્ર સંયોગસંબંધ છે, સંયોગરૂપ અવસ્થા છે એમ માન્યા વિના કર્મક્ષયનો પુરુષાર્થ થતો નથી. સંયોગ અવસ્થાથી નિપજતા ભાવો અન્યભાવ છે અને તે અન્યભાવને અન્યભાવરૂપે જાણનાર જ્ઞાનક્રિયા આત્મભાવ છે એવો દઢ તત્ત્વનિર્ણય અને તેના અનુસારે થતો ભેદજ્ઞાનનો અભ્યાસ મોક્ષમાર્ગ છે. અનંતકાળથી સ્વરૂપનું અજ્ઞાન વર્તતું હોવાથી અન્યભાવને સ્વભાવરૂપ માનવાનો અનાદિનો અભ્યાસ એ જ અનંતાનુંબંધીરૂપ સંસારમાર્ગ છે. ભાવપરાવર્તન ચાલુ રહે છે. કૃપાળુદેવ કહે છે કે દીર્ઘકાળ સુધી સત્સંગમાં રહી બોધભૂમિકાનું સેવન કરવાથી અન્યભાવથી ઉદાસીનપણું પ્રગટે છે. આત્મભાવ અને અન્યભાવની ભિન્નતા જાણવી એ જ બોધભૂમિકા છે અને ઉદય પ્રસંગે તેના સેવનરૂપ ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યે જ ભાવપરાવર્તનના અંતના શ્રીગણેશ થાય છે. કૃપાળુદેવ સાત વર્ષની કાચી ઉંમરે કુટુંબી કાકાની ચિતાને બળતી જોઈને ચિંતનમાં ડૂબી ગયા અને આત્મસિદ્ધિના, ભાવપરાવર્તનના અંતના શ્રીગણેશ કર્યા.

ચારિત્રમોહરૂપ રાગદ્વેષ થયા પછી આલોચના કરવાથી દોષ નિર્માલ્ય બની રહે છે.

**(અનુસંધાન પાના નં. ૨૩ પર)**

# રામ રતન ધન પાયો

**ભાનુબેન શાહ**

'ધન' શબ્દ દુનિયાના લોકોને અતિ પ્રિય છે. તેને મેળવવા માટે લોકો રાતદિવસ એક કરે છે. લોહીનો પસીનો પાડે છે. જ્યાં ત્યાંથી ધન કમાવાની મળતી તકને જવા ન દેતા તેનો ઉપયોગ કરીને ખજાનામાં વધુ ને વધુ ભરતી કરવાના પ્રયત્નોમાં સૌ રચ્યાપચ્યા રહે છે. ધનવાનને લાખના કરોડ અને કરોડને અબજ કરવાની ચિંતા સતત લાગેલી રહે છે. જ્યારે નિર્ધનને ભવિષ્યમાં પોતાના નસીબ આડેનું પાંદડું ખસીને ભગવત્કૃપાથી ધન મળશે એવી આશામાં જીવ્યા કરે છે. દુન્યવી ધન જે રૂપિયા, પૈસા, શેરનો સ્ટોક, બેંક નાણું, કિંમતી ધાતુ સોનાચાંદીના ઘરેણાં, સ્થાવર-જંગમ મિલકત વગેરે ગણાય છે. તેના માટેની ભાગદોડમાં સૌ અજંપાથી જીવ્યે જાય છે.

ભૌતિક નાણું રોજિંદા વ્યવહારમાં ઘણું ઉપયોગી છે. તેનાથીજ જગતની સઘળી પાર્થિવ વસ્તુઓ મળી રહે છે પણ આના માટેના લોભ, લાલચ, લાલસા જે માણસને પોતાના નૈતિક સ્તરથી નીચો પાડીને દુષ્પ્રવૃત્તિઓ કરાવે છે, જે યોગ્ય નથી અને ઘણા કર્મબંધનું કારણ બની જાય છે.

બીજા પ્રકારનું નાણું 'રામ રતન ધન' છે. જે ભૌતિક નાણાંથી અતિ મૂલ્યવાન છે. પૈસાથી તેની કિંમત આંકી શકાતી નથી. રામ રૂપી રતન-ધન મેળવવા માટે ઈશ્વરની અવિરત ભક્તિ, સેવા, પૂજા, અર્ચના, દેવદર્શન, સ્તવનો અને ભજનોથી કરાતું કીર્તન, ગાયન, સ્મરણ અતિ આવશ્યક છે. પ્રભુ સાથે તન્મય, તલ્લીન, એકરૂપ, એકાકાર થવાનું હોય છે. "મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ" આવી ભાવના મનમાં સતત ઘોળાવી જોઇએ. આ ભાવના કૃષ્ણની યાદમાં સદૈવ રમતાં, રમણ કરતાં, રમમાણ થતાં મીરાંબાઈએ પોતાનાં દૃષ્ટાંતથી ઈશ્વર પ્રાપ્તિ કેમ થાય તે આપણને સમજાવ્યું છે.

સાત વર્ષની નાની, નાદાન ઉંમરે તેઓ કૃષ્ણને પોતાના પતિ માનતા હતા. પ્રભુની મૂર્તિને સાથે લઈને ફરતાં. તેનાથી દૂર પોતાને ક્યાંય રાખતાં નહોતાં. કોઈને આપતાં પણ નો'તા. તો આ રામ રતન ધન પ્રભુ પ્રત્યેનો પોતાની જાતનો સમર્પણભાવ છે. કૃષ્ણમાં અખૂટ શ્રદ્ધા, પારાવાર વિશ્વાસ, અહોનિશ આસ્થા, ભારોભાર ભક્તિ, મનથી સમસ્ત સંબંધો પ્રત્યે અનાસક્તિ, દુન્યવી વ્યવહારોમાં સંપૂર્ણ વિરતિ, વૈરાગ્ય, રાગ-દ્વેષ રહિતતા એ તેમનું આંતરિક વ્યક્તિત્વ હતું, ભીતરી ખજાનો હતો, ભાવનાત્મક મૂડી હતી.

મીરાંબાઈ સંત પ્રકૃતિના અને કેવળ શ્રીકૃષ્ણનેજ ચાહતા એક અલગારી ક્વયિત્રી હતા. તેમનાં ભજનો કૃષ્ણને ઉદ્દેશીને જ લખાયા છે. હોઠ પર રમતું નામ હૈયાનાં ઊંડાણમાંથી નીકળતું હોય છે. સંસારની અનેક વિપત્તિઓ-રાણાની દુષ્ટતા, વૈધવ્ય, સંતો સાથેની ઉઠબેસને કારણે લોકોનાં મહેણાંટોણાં, ટીકા-ટીપ્પણી તેમણે ખૂબ સહન કર્યા છે, પણ પોતાની ભક્તિથી તસુભાર ડગ્યાં નથી. તેમનો કૃષ્ણપ્રેમ સર્વોચ્ચ હતો. ઉપલું ભજન પણ તેમણે જે રચ્યું છે. તેમને રામરૂપી રતન મળી ગયાં પછી હવે પ્રભુશ્રદ્ધા, સેવા, પૂજામાંજ જીવનની ઈતિશ્રી કરવાની છે એ તેમનું નિશ્ચિત કરેલું જિંદગીનું ધ્યેય હતું.

મીરાંબાઈ કહે છે કે મને રામરૂપી રતન-ધન મળ્યું છે, જે મારી વાંચ્છા હતી, જે મારી પામવાની અભીપ્સા હતી તે મને પ્રાપ્ત થયું છે. હું અહોભાગી છું, આનંદઘન છું, હવે મારે આ જગતમાંથી મેળવવા જેવું કાંઈ બાકી રહ્યું નથી. મને જે મળ્યું છે તે દુનિયાનું સર્વોત્તમ તત્ત્વ ઈશ્વર-મારા નંદલાલા છે, જેની સામે બીજું સર્વ તુચ્છ અને ક્ષુદ્ર છે.

ઈશ્વર પ્રાપ્તિ એ દુનિયાની અનુપમ, અતુલ્ય

બાબત છે. તેનો તોલમોલ થઈ શકતો નથી, કારણકે દુનિયાની સમગ્ર ચીજવસ્તુઓ, જર ઝવેરાત સામે ઈશ્વર તત્ત્વનું પલ્લું હંમેશાં નીચે રહે છે. સદ્‌ગુરુએ મીરાંબાઈને લોકોત્તર, અલૌકિક, દિવ્ય, અભૌતિક, દૈવી વસ્તુ અર્પણ કરી છે. તેથી તેઓ શ્રીકૃષ્ણ પ્રત્યે કૃતજ્ઞ છે, ઉપકૃત છે અને પ્રેમથી સ્વીકૃતિ કરી છે.

ઈશ્વરપ્રાપ્તિનો યોગ સદ્‌ગુરુ દ્વારા જ પામી શકાય છે. ગુરુ યોગ્ય અને સાચી દિશાનું માર્ગદર્શન આપીને ઈશ્વર-પ્રાપ્તિના પંથ સુધી દોરી જાય છે. સદ્‌ગુરુ એ આત્મા છે, પરમાત્મા છે અને પ્રભુ સાથે તદ્રુપ કરનાર પણ તેઓજ છે. એટલે જ ઈશ્વરને નિરાકાર ગુરુ અને ગુરુને સાકાર ઈશ્વર માનવામાં આવે છે. ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિમાં ગુરુનેજ ઈશ્વરથી પ્રથમ સ્થાન આપવામાં આવેલ છે.

મીરાંબાઈને ભવોભવની અવિનશ્વર મિલકત મળી ગઈ છે, જે કોઇપણ જન્મમાં ખોવાય એમ નથી, લૂંટારા લૂંટી શકે નહીં, ગેરમાર્ગે વેડફાય તેમ નથી, દુન્યવી વ્યવહારોમાં વપરાઈને ખૂટી જાય કે ઓછી થાય તેમ નથી. મનુષ્યજીવનની આ શ્રેષ્ઠ, મહત્તમ, અકળ મૂડી છે કે જેનો પાર પામી શકાય તેમ નથી. આ પૂંજી આત્માને પરમાત્મા સાથે મેળવીને જન્મ-મરણના ફેરા કાયમને માટે મિટાવી દેનાર છે. મીરાંબાઈ જેવી કોઈ વિરલ વ્યક્તિને જ "રામ રતન ધન" મળે છે.

આ મૂડી પ્રભુ પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા, આસ્થા, ભક્તિ, સમર્પણ જેવા સર્વોત્કૃષ્ટ ભાવોથી મેળવેલી ભાવાત્મક મૂડી છે. આ મેળવવા માટે જીવનની સર્વ બાબતોને ગૌણ કરવી પડે છે, માનવસર્જિત મુશ્કેલીઓમાંથી શ્રેષ્ઠતમ થઈને પાર ઉતરવું પડે છે. મીરાંબાઈએ ઘણું સહન કર્યું છે પણ કૃષ્ણમાંથી તલ્લીનતા તેમણે ઓછી કરી નથી. "પગ ઘુંઘરું બાંધ મીરાં નાચી રે" ઈશ્વર સામે પોતાનું અસ્તિત્વ ભૂલી જઈને અને તેમાં તન્મય થઈને ભાવવિભોરતા સાથે તેમનું તન, મન નૃત્ય કરવા માંડે છે. મીરાંબાઈમાં પણ આવી સહજતા, સ્વાભાવિકતા હતી.

ઈશ્વર પ્રત્યે જેમ જેમ ભક્તિ, આસ્થા, શ્રદ્ધા વધતાં જાય તેમ તેમ આ પૂંજી વધતી જાય છે. આ પૂંજી સવાયી થાય છે અને જગતને ભૂલીને જગદીશ પ્રત્યે ઓળઘોળ કે ઓતપ્રોત થઈ જવાય છે.

સત્ એટલે સત્ય, અસ્તિત્વ, આત્મા-તેની નાવમાં બેસીને મીરાંબાઈ કહે છે કે હું ભવસાગર તરીને સામે કિનારે પહોંચી ગઈ છું, પાર ઉતરી ગઈ છું, કારણ કે મને ભવપાર કરનાર મારા સદ્‌ગુરુ છે, પરમાત્મા છે. તે જો નાવને ચલાવે તો પ્રવાસીને કોઈ ચિંતા હોતી નથી. જેમ મહાભારતના યુદ્ધમાં અર્જુનનના સારથિ શ્રીકૃષ્ણ હતા તો તેઓ નિશ્ચિત હતા. તે રીતે મીરાંબાઈની જીવનનૌકાના નાવિક, સારથિ, સુકાની પણ શ્રીકૃષ્ણ જ છે. તેમના આરાધ્યદેવ છે. તેથી તેઓ નિષ્ફિકરપણે ભવોદધિની પાર ઉતરી ગયા છે. ભવસાગર તરી ગયા છે.

મીરાંબાઈ પોતાના પ્યારા પ્રભુ ગિરિધરનાગરને ઉદ્દેશીને કહે છે કે તમને પામીને હું ધન્ય થઇ ગઈ છું, તેઓ અતિ આનંદલીન, હર્ષઘેલાં થઇને પ્રભુનો જશ ગાય છે. અનેક આપત્તિ-વિપત્તિમાંથી તેઓ પસાર થયા છે. ભક્તિમાર્ગમાં વેરાયેલાં કે વેરવામાં આવેલા અનેક કંટકોની વેદના તેમણે વેદી છે, સહી છે. જિંદગીના જોખમે પણ પ્રભુ પ્રત્યેના સમર્પણભાવને તેમણે તસુભાર છોડ્યો નથી, અને પ્રભુએ પણ સર્પનો ફૂલહાર કરીને અને વિષને અમૃતમાં ફેરવીને તેમની સુરક્ષા કરી છે. "હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને" તથા "શિર સાટે નટવરને વરીએ" એટલે માથું મૂકીને, મોતને મૂઠ્ઠીમાં રાખીને પ્રભુને નિરંતર ભજી શકાય છે. જિંદગી તો ક્ષણભંગુર ક્ષણજીવી છે, તેનો તો ગમે ત્યારે નાશ થવાનો છે. એટલે ભક્તજનોએ "જિંદગી અને પ્રભુપ્રાપ્તિ" એ બેમાંથી બીજો વિકલ્પ પસંદ કર્યો છે અને પ્રભુને મેળવવાની ઉત્કટ ઈચ્છા, તાલાવેલી, ઝંખનાને કારણે જિંદગીની પરવા કરી નથી. "સહન કરે તે સિદ્ધિ મેળવે" તેથી મીરાંબાઈએ તમામ વિટંબણાઓ સહીને અનન્ય અજોડ સિદ્ધિ સાધ્ય કરી છે. ભક્તોએ દાસ થવાનું પસંદ કર્યું છે પણ હતાશ થવાનું પસંદ કર્યું નથી.

ધન્ય છે મીરાંબાઈને, તેમની પ્રભુપ્રીતને, પ્રભુ મેળવવાની લગનને.

●●●

# જૈન ધર્મ અને પર્યાવરણ

## (ધર્મના પાલન દ્વારા ચાલો, પર્યાવરણની રક્ષામાં જોડાઈએ...

પારુલબેન બી. ગાંધી

પૃથ્વી પર સાર્વત્રિક પ્રદૂષણ વધતા તેની થયેલ અસરોનું વરવું સત્ય આપણે નિહાળી રહ્યા છીએ, જેના માટે આપણે સૌ કોઈ વધતા-ઓછા અંશે જવાબદાર છીએ. આધુનિકતા, વસ્તીવધારો, ઘટતી જમીન, વૃક્ષોનું નિકંદન, સિમેન્ટના જંગલરૂપી મકાનો, ઉદ્યોગો દ્વારા વાયુનું પ્રદૂષણ, ધીમા ઝેર સમાન એ.સી.નો વપરાશ, ખેતીમાં રાસાયણિક દવા-ખાતરોનો ઉપયોગ, વરસાદી પાણી જમીનમાં ન ઉતારી બેફામ પાણીનો દુરુપયોગ, પ્લાસ્ટિકનો વપરાશ, વાહનોનો બેફામ ઉપયોગ, આધુનિક રહેણીકરણી વગેરેને લીધે પૃથ્વી પર દરેક જીવસૃષ્ટિના અસ્તિત્વ પર ખતરો પેદા થયો છે.

જમીનમાં ખારાશ વધવી, સ્વચ્છ, શુદ્ધ હવાનો અભાવ, વૃક્ષો ઓછા થવાથી ગરમીનું વધતું પ્રમાણ, ધરતીકંપ, ત્સુનામી,જ્વાળામુખી ફાટવા, હિમપ્રપાત,અનિયમિત વરસાદ , વાવાઝોડા વગેરે કુદરતી આફતોનું પ્રમાણ વધારવામાં આપણે જ કારણભૂત છીએ. ઘણી જીવસૃષ્ટિ નાશ પામી છે, દરિયાઈ જીવો ખતરામાં છે, જીવલેણ રોગો વધતા જાય છે, કુદરતી નયનરમ્ય સ્થાનો પણ ભયમાં છે. પક્ષીઓનો કલરવ, ઝરણાઓનો નિનાદ સંભળાતો ઓછો થયો છે. પર્યાવરણને નુક્સાન થવાથી ભાવિ પેઢી માટે વિકટ સમસ્યાઓ પેદા થઈ છે. શહેરીકરણ અને વિકાસને નામે આમ જ રહ્યું તો શુદ્ધ હવા પણ વેચાતી લેવી પડશે. જો કે કહેવાતું શુદ્ધ પાણી તો વેચાતું મળે જ છે. **પર્યાવરણ વિષે વિચારીએ કે વાતો કરીએ તેના કરતા અમલમાં મૂકવું જરૂરી છે.** સરકારી યોજનાઓ અનેક હોવા છતાં પર્યાવરણ પ્રદૂષિત થતું જાય છે કારણ કે આયોજનમાં ભ્રષ્ટાચારરૂપી સૂર્યગ્રહણ લાગેલ છે. આજના સમયમાં એ ખૂબ જ અગત્યનું છે કે દરેક પોતપોતાની ફરજ સમજીને પર્યાવરણને થતું નુક્સાન અટકાવે. વિકાસશીલ દેશોને આ સત્ય સમજવાની જરૂર છે. પૃથ્વીને અગનગોળો બનતા અટકાવવા દરેક સમૃદ્ધ દેશો, બુદ્ધિજીવીઓ વિચારે અને નક્કર પગલા ભરે.

વર્ષાઋતુ આવે ત્યારે વ્યક્તિદીઠ એક વૃક્ષ ઊછેરીએ, પડતર જમીનોમાં ગાઢ વનીકરણ કરીએ, વરસાદી પાણીને જમીનમાં ઉતારીએ, ગાય આધારિત સજીવ ખેતીને પર્યાવણ સાથે જોડીને જીવલેણ રોગોથી બચીએ. સમગ્ર માનવજાતને બચાવીએ, જળ, જમીન, વાયુનું પ્રદૂષણ અટકાવી સમગ્ર માનવજાતને બચાવીએ.

પર્યાવરણ પ્રદૂષિત થવાના મૂળમાં જોઈએ તો અધિક આવશ્યકતા, અધિક માગ, અધિક ખપત અને અધિક ઉપભોગ રહેલા છે. સૃષ્ટિની સમગ્ર પદ્ધતિ તાલબદ્ધ ચાલી રહી છે. સૃષ્ટિના તમામ પદાર્થો માનવી માટે જ સર્જાયા છે એવી ખોટી માન્યતાને કારણે એક નવી જ ઉપભોક્તા સંસ્કૃતિનો ઉદય થયો. માનવી પોતાને આવશ્યકતા હોય ત્યારે તો કુદરતી સંપત્તિ વાપરતો જ પણ જરૂરી ન હોય ત્યારે પણ આડેધડ કુદરતી સંપત્તિ વાપરવા લાગ્યો. આથી જરૂરિયાતો વધી, વિવેક વગરનો વિકાસ, સ્વસંયમનો અભાવ અને કુદરતી સાધનોના અમર્યાદ શોષણે પ્રકૃતિ પર આક્રમણ કર્યું. **અહિંસા, સંયમ અને અપરિગ્રહ એ જૈનદર્શનના સિદ્ધાંતો પર્યાવરણ સંતુલનમાં સહાયક છે. તેની વિરુદ્ધ હિંસા, અસંયમ અને પરિગ્રહ પર્યાવરણને પ્રદૂષિત કરવામાં મદદરૂપ બને છે.**

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચેય સજીવ છે. તે જીવોના અસ્તિત્વનો સ્વીકાર કરી તેની હિંસા ન થાય તે માટે જૈનદર્શને ઊંડુ ચિંતન કર્યું. પાણી, વાયુ, માટી, વૃક્ષો અને પ્રાણીઓના

સંયોજનથી પર્યાવરણ રચાય છે. આ બધાનું પરસ્પર સંતુલન ન જળવાય તો પ્રદૂષણ ઉત્પન્ન થાય. જમીન એ વર્ષોથી માનવજાતિ માટે કેન્દ્રબિંદુ રહ્યું છે. આ જમીન (પૃથ્વી) માટે ભૂતકાળમાં અનેક મહાન યુદ્ધો થયા છે. ઈતિહાસ તેનો સાક્ષી છે. "જર, જમીન ને જોરુ, ત્રણેય કજિયાના છોરુ" એ કહેવતની પૂર્તિ કરતાં લોહિયાળ જંગો તેના સાક્ષી છે. સામ્રાજ્યવાદની ઘેલછાએ જ હિરોશીમા અને નાગાસાકી પર બોમ્બ વિસ્ફોટ થયા, જેને કારણે થયેલા એસિડના વરસાદથી હજારો માણસો મર્યા, લાખો અપંગ બન્યા. આજ સુધી હજી તે વિસ્ફોટની અસરો ગર્ભમાં બાળકો પર જોવા મળે છે. આ તો જમીનની માલિકી માટેનું એક યુદ્ધ દૃષ્ટાંતરૂપ છે. આવા તો હજારો યુદ્ધો અહીં લડાયા છે, તેનું કારણ કબજો મેળવવાની વૃત્તિ છે.

એ જ રીતે જળ, ઈરાન-ઈરાક ખાડી યુદ્ધે સમુદ્રમાં ભયંકર જળપ્રદૂષણ થયું, જેનાથી અનેક જળચરોને પ્રાણથી હાથ ધોવા પડ્યા. એટલું જ નહિ માનવજાતને પણ ખૂબ સહન કરવું પડ્યું. આવું તો વિવેકહીન ઉપભોગ અને ઉત્પાદન વધારવાની આંધળી ઘેલછાને કારણે ઠેર ઠેર બની રહ્યું છે. ઔદ્યોગિકરણની આંધળી દોટે અનેક મહાકાય કારખાનાઓને જન્મ આપ્યો. આ કારખાનાઓના પ્રદૂષિત પાણીએ અનેક મહાનદીઓના પાણીને દૂષિત કર્યાં, જેની અસરથી અનેક જળચર જીવો તો મૃત્યુ પામ્યા જ પરંતુ માનવીઓનું સ્વાસ્થ્ય પણ જોખમાયું. મનુષ્યો અનેક રોગોનો ભોગ દૂષિત પાણી પીવાથી બન્યા. આજે સમય એવો આવ્યો છે કે તળાવો, ડેમો, નદીઓના પાણી ફિલ્ટર કર્યા વિના પી શકાય તેવા રહ્યા જ નથી. વળી, આ ઔદ્યોગિક કચરો જમીનને પણ દૂષિત કરે છે, જેની અસરરૂપે જમીનના રસકસ ઓછા થાય છે. અમુક હાનિકારક પદાર્થો દ્વારા જમીનમાં ઊગાડાતી ખેતીને પણ ખરાબ અસર થાય છે.

અગ્નિમાં પણ જીવ છે. કોલસા, પેટ્રોલ, ઈલેક્ટ્રીસીટી વપરાય ત્યારે આ જીવોની હિંસા થાય છે. આથી જ જૈન ધર્મના આગાર અને અણગાર ધર્મમાં આ તમામ વસ્તુઓ વાપરવા પર નિષેધ છે; જેમાં અગ્નિ, પાણી વગેરેનો મહાઆરંભ-સમારંભ હોય તેવા ધંધા પણ બતાવ્યા છે અને શ્રાવકોને તે કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. આજે ઊર્જાના આડેધડ વપરાશથી તેના સ્રોતો સમાપ્તિના આરે પહોંચ્યા છે. ખનિજભંડારો ખાલી થવા લાગ્યા છે. આમ છતાં માનવ હજુ જાગ્યો નથી. તે તો દિવસે દિવસે આ બધા ખનિજોના ઉપભોગ માટેના નવા નુસ્ખા શોધ્યે રાખે છે, જેને કારણે કદાચ ભાવિ પેઢી આ ખનિજોને જોઈ શકશે નહિ કે તેનો ઉપભોગ કરી શકશે નહિ તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. માત્ર જૈનો જ નહિ; આદિવાસીઓ, પારસીઓ પણ અગ્નિને પવિત્ર માને છે અને તેનો બેફામ ઉપયોગ કરવા સામે લાલબત્તી ધરે છે.

વાયુ એટલે હવામાં પણ જીવ છે. આથી વાયુ પ્રદૂષિત ન થાય તે માટે કાળજી રાખવી જોઈએ. આજે પર્યાવરણવિદોના મતે વાયુમંડળમાં ઓઝોન પડને નાઈટ્રોજન ઓક્સાઈડને કારણે હાનિ થવાનું જોખમ ઊભું થયું છે. છેલ્લા સો વર્ષમાં વાયુમંડળમાં કાર્બનડાયોક્સાઈડના પ્રમાણમાં ૧૯% ની વૃદ્ધિ થઈ છે, જે માનવીના આરોગ્ય માટે હાનિકારક છે. વળી, માનવ જ્યારે શ્વાસ લે છે ત્યારે વાતાવરણમાંથી ૨૫૦ મિલીલિટર ઓક્સિજન લે છે. અને ૨૦૦ મિલીલિટર કાર્બનડાયોક્સાઈડ બહાર કાઢે છે. માનવીને જોઈતો ઓક્સિજન પેદા કરવા માટે ૫૦ વર્ષનું આયુષ્ય તથા ૫૦ ટન વજન ધરાવતા પાંચ - છ વૃક્ષો જોઈએ. ઔદ્યોગિક ક્રાંતિ પહેલા આ પ્રમાણ સરભર થઈ જતું હતું, કારણ કે પ્રકૃતિ સાથે ઓછામાં ઓછા ચેડાં થતા હતા. પરંતુ ખનિજોના બેફામ ઉપયોગો અને વૃક્ષો-જંગલોને કાપતા જવાની માનવની ઘેલછાએ આ પ્રમાણને અસંતુલિત કરી દીધું છે. વિમાનોનું બળતણ વાયુને પ્રદૂષિત કરે છે.

વૃક્ષોમાં પણ ચેતનતત્ત્વ એટલેકે જીવ છે. આજે ઔદ્યોગિકરણ વધતાં જંગલોનો ખાતમો બોલાવી દેવામાં આવે છે. જંગલો ઘટવાથી જમીનની

જળસંગ્રહ કરવાની ક્ષમતા ઘટી જાય છે, વરસાદનું પ્રમાણ ઘટે છે અને રણનો વિસ્તાર થાય છે. યુવાચાર્ય મહાપ્રજ્ઞજીના મતે વૃક્ષવિહીન ધરતી લોકોમાં ક્રૂરતા અને જંગલીપણાના બીજ રોપે છે. વન પ્રાણવાયુનો ભંડાર છે. માનવીને રોજિંદા ઉપયોગમાં જોઈતો ઓક્સિજન વૃક્ષો દ્વારા જ મળે છે. વૃક્ષને કાપવા તે પરોક્ષ રીતે એક વ્યક્તિને પ્રાણવાયુથી સદંતર વંચિત કરી દેવી-એટલે તેનો શ્વાસ રૂંધી હત્યા કરવા બરાબર છે. આમ, વૃક્ષો અને જીવસૃષ્ટિને ક્યારેય અલગ પાડી શકાતા નથી. વૃક્ષ માનવીને રહેઠાણ, ફર્નિચર, ઔષધ, બળતણ, કાગળ, ખોરાક વગેરે બધું જ પૂરું પાડે છે. આજે પર્યાવરણના પ્રદૂષણને ઘટાડવા વધારે વૃક્ષો વાવવા જોઈએ તેને બદલે વૃક્ષોને કાપી નંખાય છે. થોડા-ઘણા બચેલા વૃક્ષો પર્યાવરણના આવા પ્રદૂષણોને કેવી રીતે દૂર કરી શકશે ? આ પાંચેયનો બેફામ ઉપયોગ માનવીને શારીરિક રીતે જ નહિ પરંતુ માનસિક અને ભાવાત્મક આરોગ્યની દૃષ્ટિએ પણ આગળ જતાં ખૂબ ખરાબ અસર કરશે. વધતી જતી માનવવસ્તીને કારણે કુદરતી સંપત્તિનો વપરાશ અતિશય વધ્યો છે. સામે સ્રોતો વધ્યા નથી. આ અસમાનતાના કારણે અનેક પ્રકારના કુદરતી સંકટો વધ્યા છે. આ કુદરતી આફતોમાં અપૂરતો વરસાદ (અનાવૃષ્ટિ) , અતિવૃષ્ટિ, વાવાઝોડા, ત્સુનામી, ધરતીકંપ વગેરે છે. હિમાલયમાં પણ માનવીના ચંચુપાતે ભૂસ્ખલન, નદીઓનાં પૂર જેવી સમસ્યાઓનું સર્જન કર્યુ છે.


આમ, જૈનદર્શને આ પાંચ પ્રકારના જીવોની હિંસા ન થાય તે માટે તેના સુંદર ઉપાયો પણ સૂચવ્યા છે. ટૂંકમાં કુદરતી સંપત્તિનો ઉપયોગ વિચારીને કરો. એક બાલટી પાણીની જરૂર હોય ત્યાં પાણી બાલટી વાપરશું તો જ સમગ્ર જીવસૃષ્ટિ બચી શકશે. જેટલી જાગૃતિ પર્યાવરણની રક્ષા બાબતે આવી છે તેની સામે વાસ્તવિકતા એ છે કે તેના ઉપાયો પ્રયોજાતા નથી. પર્યાવરણીય સુરક્ષાને નામે આંખ આડા કાન થઈ રહ્યા છે. કુદરતી આફતો પર આપણું નિયંત્રણ નથી. પરંતુ તેને નાથવાના તાત્કાલિક લાભ આપનારા કાર્યક્રમોનો મોહ છોડી કાયમી સુરક્ષાની યોજનાઓને પ્રાધાન્ય આપવું પડશે.

ઈચ્છા અને ભોગ, સુખવાદી અને ભૌતિક દૃષ્ટિકોણે હિંસાને ભડકાવી છે. પાંચ સ્થાવર જીવોની અમર્યાદ હિંસાએ પર્યાવરણનું સંતુલન છિન્નભિન્ન કર્યુ છે. અહિંસાનો સિદ્ધાંત જ આત્મશુદ્ધિની સાથે પર્યાવરણશુદ્ધિનો છે. સુવિધાના સાધનોના નિર્માણની હોડ સાથે અનિવાર્ય આવશ્યકતાઓ ગૌણ બની ગઈ છે. તેથી નિરર્થક હિંસા વધી છે. આ બધા તરફ આંખમીચામણા કર્યા વિના જો પર્યાવરણની રક્ષા કરવી હશે તો કુદરતી સંપત્તિના ઉપયોગ પર સંયમ લાવવાની તાતી જરૂરિયાત છે. ઉપભોક્તાવાદ પર નિયંત્રણ એ પર્યાવરણ સંતુલિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. ચાલો, આજથી જ નહિ, અત્યારથી જ પર્યાવરણની સુરક્ષા માટે સજ્જ બની કાર્ય કરવા લાગી જઈએ.


## હે ગુરુવર !

**રચયિતા : બા.બ્ર.અલકાદીદી**

હે ગુરુવર ! હે હૃદયવર શત-શત નમન (૨)
પલ પ્રતિપલ આપકે ઉપકાર અગણીત કરતે સ્મરણ.
શત-શત નમન (૨)
ઝરતી પ્રશમતા મુખ પર સદા,
મંદ મધુસ્મિત નિર્દોષતા,
દૃષ્ટિ સરલ સૌમ્ય સમદર્શિતા;
વ્યક્તિત્વ કી યે અનમોલતા,
પ્રેમપૂરિત દિવ્ય નયન કરતે સ્મરણ હરએક ક્ષણ.
ભક્ત હૃદય જ્ઞાન ગાંભીર્યતા,
અદ્ભુત સદ્ગુણ સુમેલતા,
વચનોં મેં બહતા અમૃત સદા;
પાવન સમાગમ માધુર્યતા,
અવનિ રતન હે સંત વિરલ યાદ આતે હર એક ક્ષણ..
ચરણોં કી રજકણ મૈં હૂં ચેરા,
તુઝ બિન સુના જીવન મેરા,
નજરે નિહારે બસ પથ તેરા;
તુઝકો પુકારે ચિત્ત યે મેરા,
હે જીવનધન ! હે પ્રિયતમ યાદ આતે હર એક ક્ષણ..



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## (૧) હૃદયથી કરેલ પ્રાર્થના

ડૉ. માર્ક વિખ્યાત કેન્સર સ્પેશ્યાલીસ્ટ હતા. એકવાર એક કૉન્ફરન્સમાં ભાગ લેવા માટે જઇ રહ્યા હતા. કોઈ ટૅકનિકલ ક્ષતિને કારણે વિમાનને ઇમરજન્સી લેન્ડીંગ કરવું પડ્યું. આ વિમાન હવે આગળની ઉડાન ભરી શકે તેમ નહોતું એટલે ડૉ. માર્કે રીસેપ્શન પર જઈને આગળની સફર માટે પૂછપરછ કરી. રીસેપનીસ્ટે જણાવ્યું કે આપને જે શહેરમાં જવું છે ત્યાં જવા માટેની ફ્લાઇટ હવે ૧૨ કલાક પછી જ મળી શકે તેમ છે. જો આપને ઉતાવળ હોય તો આપ ટેક્સી ભાડા પર લઈને સેલ્ફ ડ્રાઇવીંગ કરીને જઈ શકો છો.

કૉન્ફરન્સમાં પહોંચવું બહુ જ જરૂરી હતું આથી ડૉ. માર્ક આ વિસ્તારથી સાવ અજાણ્યા હોવા છતાં ટેક્સી ભાડા પર લઇને નીકળી પડ્યા. જીપીએસ સીસ્ટમ પર તે શહેરમાં ચાર કલાકમાં પહોંચી જવાશે એવો સંદેશો જોઇને ડૉ. માર્કને હાશકારો થયો. હજુ તો એકાદ કલાક પસાર થયો ત્યાં જોરદાર વરસાદ અને વાવાઝોડું શરૂ થયું. જીપીએસ કામ કરતું બંધ થઇ ગયું અને ડૉક્ટર સાવ અજાણ્યા વિસ્તારમાં ફસાઇ ગયા. એમણે ધીમે ધીમે ગાડી ચલાવવાની ચાલુ જ રાખી.

લગભગ ૫-૬ કલાકના સતત ડ્રાઇવીંગ પછી પણ ક્યાં પહોંચ્યા એની કંઇ ખબર પડતી નહોતી. સાવ ઉજ્જડ વિસ્તાર હતો. એક નાનું મકાન દેખાયું એટલે ડૉ. માર્ક ત્યાં પહોંચી ગયા. એ ખૂબ થાકેલા હતા અને ભૂખ પણ ખૂબ લાગી હતી. ઘરમાં જઇને જો કંઇ ખાવાનું હોય તો આપવા માટે ડૉ. માર્કે ઘરના માલિકને વિનંતી કરી. માલિક બહુ માયાળુ સ્વભાવના હતા. એમણે તુરંત જ રસોઈ બનાવી અને નવા અજાણ્યા મહેમાનને જમવા માટે બોલાવ્યા.

ડૉ. માર્કની સાથે ઘરનો માલિક પણ જમવા માટે બેઠો. જમતાં પહેલાં એ ભગવાનને કંઇક પ્રાર્થના કરતો હતો. લગભગ ૩-૪ વખત પ્રાર્થના કરી એટલે ડૉ. માર્કને થયું કે આ માણસ કોઈ મુશ્કેલીમાં લાગે છે. ડૉ. માર્કે ઘરના માલિકને પૂછ્યું, “આપ શું પ્રાર્થના કરી રહ્યા છો? અને તમને એવું લાગે છે કે ભગવાનને તમારી આ પ્રાર્થના સંભળાતી હશે?” ઘરના માલિકે કહ્યું “હું ઘણા સમયથી નિયમિત પ્રાર્થના કરું છું. અત્યાર સુધી તો ભગવાને મારી પ્રાર્થનાનો પ્રતિસાદ આપ્યો નથી. પણ મને ભગવાન પર શ્રદ્ધા છે કે એ મારી પ્રાર્થના એક દિવસ જરૂર સાંભળશે”. ડૉ. માર્કે પૂછ્યું, “પણ તમે પ્રાર્થના શું કરતા હતા?” ઘરના માલિકે ખૂણામાં રહેલી એક પથારી બતાવીને કહ્યું, “આ મારો દીકરો છે એને કેન્સર છે અને આ એ પ્રકારનું કેન્સર છે, જેની સારવાર માર્ક નામના કોઈ ડૉક્ટર જ કરી શકે તેમ છે. એમની પાસે જવાના કે સારવાર કરાવવાના મારી પાસે પૈસા નથી. આથી હું રોજ ભગવાનને પ્રાર્થના કરું છું કે એ કોઈ મદદ કરે અને મારા દીકરાને રોગમુક્ત કરે.”

ડૉ. માર્કની આંખો પહોળી થઇ ગઇ. ક્યાં જવા નીકળ્યા અને ક્યાં પહોંચી ગયા એ સમગ્ર ઘટના એમની સ્મૃતિપટ પરથી પસાર થઈ અને એટલું જ બોલ્યા, “ખરેખર ભગવાન મહાન છે અને હૃદયથી થયેલી પ્રાર્થના સાંભળે છે.”

મિત્રો, આપણા જીવનમાં બનતી તમામ ઘટનાઓ માત્ર અકસ્માતો નથી હોતા, દરેક ઘટનામાં કુદરતની કોઈ કરામત હોય છે.

## (૨) સજ્જની સમજણ

કરાંચીના નગરવિકાસમાં જેમનો અમૂલ્ય ફાળો હતો તે જમશેદજી નસરવાનજી મહેતા ત્યાંના એક લોકસેવક તરીકે ખૂબ પ્રખ્યાત હતા. એમની સજ્જનતાની સુવાસ સિંધના સીમાડા ઓળંગી અન્ય પ્રાંતોમાં પણ વાયુવેગે પ્રસરી ગઈ હતી.

એમની લોકસેવાની ભાવના અને ગરીબો

પ્રત્યેની સહાનુભૂતિ તથા દયાભાવ પણ અનન્ય હતાં. ઘરના નોકરો પ્રત્યેની લાગણી તો કંઇ ઓર જ હતી. એકવાર એમનો એક નોકર છાનોમાનો ભાગી ગયો. ઘરના માણસોને થયું કે, એ જરૂર કશુંક ચોરીને નાસી ગયો હોવો જોઇએ. આથી ઘરના માણસોએ ઘરની બધી વસ્તુઓ તપાસવા માંડી. પણ કોઈ વસ્તુ ચોરાઈ હોય એવું એમને જણાયું નહિ.

એ લોકો આમ ઘરની તપાસ કરી રહ્યાં હતાં ત્યારે જમશેદજી નિરાંતે ખુરશીમાં બેઠા હતા ! એ જોઇને એકે કહ્યું, "તમે તો નિરાંતે બેઠા છો ! કોઇ વસ્તુ ચોરાઈ હોત તો તમને ખબર પડત કે આમ નિરાંતે કઇ રીતે બેસી શકાય !"

જમશેદજી બોલ્યા, "વસ્તુ તો ચોરાઈ જ છે, પરંતુ તમે એ નથી જાણતા કે, હું એ હકીકત જાણું છું છતાંય નિરાંતે બેઠો છું !"

"હેં ! ઘરમાંથી શું ચોરાયું છે ?"

જમશેદજી બોલ્યા, "મારી બેગમાંથી અઢારસો રૂપિયા ચોરાયા છે. તમને એની કશી જ ખબર નથી."

એમ કહીને એમણે પોતાની બેગ એ લોકોને બતાવી.

"અરે, અઢારસો રૂપિયા ચોરાઈ ગયા તોય આમ નિરાંતે બેઠા છો !"

"હા, નિરાંતે બેઠો છું અને તે એટલા માટે કે એ નોકરની ભીડનો આપણે કદી ખ્યાલ કર્યો નહિ. એ ગરીબ તો હતો અને તેનો આપણને આછો ખ્યાલ પણ હતો, છતાં આપણે એનો પગાર વધાર્યો નહિ. એના કામની કદર કરીને પાંચ-દસ રૂપિયા પણ આપણે વધાર્યા નહિ. પછી એ ગરીબ માણસ ચોરી કરીને અહીંથી નાસી ન જાય તો બીજું કરે પણ શું ? મને પૈસા ગયાનો જરા પણ અફસોસ નથી. એ પૈસા એ સુમાર્ગે વાપરે એ જ એક પ્રાર્થના છે. ઇશ્વર એને સદ્બુદ્ધિ આપે."

## (૩) અભ્યાસનિષ્ઠા

જયપ્રકાશ નારાયણ અમેરિકા અભ્યાસ કરવા ગયા હતા એ સમયની વાત છે. પોતાની પાસે ફીના પૈસા તો નહોતા, એટલે કંઇક મહેનતધંધો કરીને પૈસા કમાવાનું તેમણે વિચાર્યું. બહુ વિચારીને અંતે તેમણે એક ધંધો શોધી કાઢ્યો. શિકાગો શહેરની ગલીઓમાં ઘૂમીને હિમાલયની જડીબુટ્ટીઓ અને સૌંદર્ય-પ્રસાધનો જેવાં કે સ્નો, ક્રિમ, પાવડર વગેરે તેમણે વેચવા માંડ્યાં.

એકવાર તેઓ હબસીઓના એક વિસ્તારમાં જઈ પહોંચ્યા. ત્યાં એક હબસી યુવતીએ તેમની પાસેથી સ્નો વગેરેની ખરીદી કરી. જ્યારે જયપ્રકાશે પૈસા માગ્યા ત્યારે તેણે પૈસા લેવા બીજે દિવસે આવવા કહ્યું. પૈસા લીધા વિના જયપ્રકાશ તે દિવસે ત્યાંથી પાછા ફર્યા.

બીજે દિવસે તેઓ પૈસા લેવા ગયા તો યુવતીએ તેમને માટે ચા-નાસ્તો ધર્યો અને વળી બીજે દિવસ પૈસા લેવા આવવા કહ્યું.

જયપ્રકાશને સમજાયું નહિ કે, આ યુવતી પૈસા કેમ આપતી નથી અને રોજ બીજે દિવસે પૈસા લેવા આવવાના વાયદા પર વાયદા શા માટે કરે છે? પણ એક દિવસે તેમને આ વાતનું રહસ્ય સમજાઈ ગયું.

એ દિવસે તે યુવતી જયપ્રકાશને પોતાના ઓરડામાં લઈ ગઈ અને તેમની સમક્ષ અશ્લીલ ને બીભત્સ ચેનચાળા કરવા લાગી. હવે જયપ્રકાશને સાચી વાત સમજાઈ ગઈ કે, આ યુવતી પોતાના દેહનો ઉપભોગ કરવા માટે મને પોતાના ઘેર આ રીતે બોલાવે છે !

આ સમજાતાં જયપ્રકાશ નારાયણને થયું કે, ભારતથી લાંબો પંથ કાપીને હું આટલે દૂર અમેરિકામાં અભ્યાસ કરવા આવ્યો છું. મોજવિલાસ ભોગવવા આવ્યો નથી અને એ મારા સંસ્કારોને છાજતું પણ નથી. આવા મોજવિલાસમાં પડી જાઉં તો મારો અભ્યાસ રઝળી પડે. મારું લક્ષ્ય અભ્યાસ કરવાનું છે, વિલાસ કે મોજશોખ મારું લક્ષ્ય નથી. તરત જ તેઓ તે ઓરડામાંથી બહાર નીકળી ગયા અને ફરીથી એ યુવતીના ઘેર તો શું, એ વિસ્તારમાં પણ કદી ડોકાયા નહિ. પૈસા પૈસાને ઠેકાણે રહી ગયા.

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૪-૦૪-૨૦૨૩ | ચૈત્ર સુદ-૧૩ | મંગળવાર | ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ |
| ૧૧-૦૪-૨૦૨૩ | ચૈત્ર વદ-૫ | મંગળવાર | પરમકૃપાળુદેવ સમાધિદિન |
| ૩૦-૦૪-૨૦૨૩ | વૈશાખ સુદ-૧૦ | રવિવાર | સંસ્થા સ્થાપના દિન અને મહાવીર કેવળજ્ઞાન કલ્યાણક |
| ૨૦-૦૬-૨૦૨૩ | અષાઢ સુદ-૨ | મંગળવાર | શ્રી જિનમંદિરમાં નૂતન ધ્વજા - રોહણ |
| ૦૧-૦૭-૨૦૨૩ થી ૦૩-૦૭-૨૦૨૩ | અષાઢ સુદ પૂનમ | શનિવાર થી સોમવાર | ગુરુપૂર્ણિમા શિબિર |
| ૧૨-૦૯-૨૦૨૩ થી ૧૯-૦૯-૨૦૨૩ | શ્રાવણ વદ-૧૩ થી ભાદરવા સુદ-૪ | મંગળવાર થી મંગળવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૧૯-૦૯-૨૦૨૩ થી ૨૮-૦૯-૨૦૨૩ | ભાદરવા સુદ-૪ થી ભાદરવા સુદ-૧૪ | મંગળવાર થી ગુરુવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૨૯-૧૦-૨૦૨૩ | અસો વદ-૧ | રવિવાર | શ્રી આત્મસિદ્ધિ રચના દિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૧૧-૧૧-૨૦૨૩ થી ૧૪-૧૧-૨૦૨૩ | આસો વદ-૧૩ થી કારતક સુદ-૧ | શનિવાર થી મંગળવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧૮-૧૧-૨૦૨૩ | કારતક સુદ-૫ | શનિવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૨૭-૧૧-૨૦૨૩ | કારતક સુદ-૧૫ | સોમવાર | પરમકૃપાળુદેવ જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૦૧-૧૨-૨૦૨૩ થી ૦૩-૧૨-૨૦૨૩ | કારતક વદ-૪ થી કારતક વદ-૬ | શુક્રવાર થી રવિવાર | પૂજ્યશ્રીની જન્મતિથિ |

## વિશિષ્ટ દિવસો

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૩૦-૦૩-૨૦૨૩ | ચૈત્ર સુદ-૯ | ગુરુવાર | રામનવમી |
| ૨૮-૦૪-૨૦૨૩ | વૈશાખ સુદ-૮ | શુક્રવાર | લઘુરાજસ્વામી દેહવિલય દિન |

## સંસ્થા દ્વારા યોજાનાર નિઃશુલ્ક છાશવિતરણ તથા રાહતદરે ચોપડા-વિતરણ અંગે વિજ્ઞપ્તિ

આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સંસ્થા દ્વારા સમાજસેવાની પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. શ્રી પ્રભુ-ગુરુની અસીમ કૃપા, પૂજ્ય સાહેબજી અને પૂજ્ય બહેનશ્રીના આશીર્વાદથી તેમજ દાનવીર મહાનુભાવો અને મુમુક્ષુ ભાઈ-બહેનોના સહકારથી લગભગ છેલ્લા વીસેક વર્ષોથી સંસ્થા દ્વારા જરૂરતમંદ લોકો માટે છાશવિતરણ તેમજ રાહતદરે સારી ક્વોલીટીવાળા ફુલસ્કેપ ચોપડાઓના વિતરણની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ચાલુ વર્ષે એપ્રિલ માસથી આ બન્ને પ્રવૃત્તિઓનો શુભારંભ થશે. વિદ્યાર્થીઓ માટે ૧ નંગ ચોપડાની કિંમત રૂા. ૨૦/- રહેશે. સંસ્થા દ્વારા ૬ જેટલા વિતરણ કેન્દ્રો પરથી જરૂરતમંદો માટે દરરોજ લગભગ ૯૦ લિટર દૂધની છાશનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે, જેનો એક દિવસનો નકરો રૂા. ૫૦૦૦/- છે. આ શુભ પ્રવૃત્તિઓમાં આર્થિક સહયોગ આપવાની ભાવનાવાળા દાનવીર મહાનુભાવોને સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા નમ્ર વિનંતી છે.

## 'દિવ્યધ્વનિ સહાયક અનુદાતા' બનવા અંગે વિજ્ઞપ્તિ

સમાજમાં સાત્ત્વિક/તાત્ત્વિક સત્સાહિત્યનો પ્રચાર થાય અને તેના ચિંતન-મનન-નિદિધ્યાસન દ્વારા જનમાનસની અંતરંગ શુદ્ધિ થાય તેમજ સુસંસ્કારી આધ્યાત્મિક સમાજનું નિર્માણ થાય તેવા શુભ આશયથી પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજીની પાવન પ્રેરણાથી છેલ્લા ૪૭ વર્ષોથી 'દિવ્યધ્વનિ' નામનું માસિક આધ્યાત્મિક મુખપત્ર સંસ્થા દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે. છેલ્લા થોડા સમયથી ટાઈપસેટિંગ, કાગળ, પ્રિન્ટિંગ વગેરેમાં તોતિંગ વધારો થયો છે; જેને કારણે સંસ્થા પર મોટો આર્થિક બોજો આવી પડેલ છે. આના નિરાકરણ માટે સંસ્થા દ્વારા 'દિવ્યધ્વનિ સહાયક અનુદાતા' ની યોજના બહાર પાડવામાં આવી છે. આ યોજના અંતર્ગત આપશ્રી માત્ર રૂા. ૨૧૦૦/- નું યોગદાન આપીને સંસ્થા દ્વારા ચાલતા આ જ્ઞાનયજ્ઞમાં સહયોગ આપી શકશો. આપ સહુના સાથ-સહકાર અને શુભેચ્છાઓથી 'દિવ્યધ્વનિ' સુપેરે પ્રકાશિત થઈ રહ્યું છે. આપશ્રીનો નાનકડો આર્થિક સહયોગ સત્સાહિત્ય પ્રકાશન માટે અમારા ઉત્સાહમાં વૃદ્ધિ કરશે. 'દિવ્યધ્વનિ સહાયક અનુદાતા' ની શુભ નામાવલિ 'દિવ્યધ્વનિ' ના જે તે અંકમાં પ્રકાશિત કરવામાં આવશે. સંસ્થા દ્વારા ચાલતા જ્ઞાનયજ્ઞમાં યથાશક્તિ યોગદાન આપીને પુણ્યાર્જનનો લાભ લેવા સૌને નમ્ર વિનંતી કરીએ છીએ.

## આપણી સંસ્થામાં પૂજ્ય સાધુ-સાધ્વીજી તથા સંતનું શુભાગમન

(૧) બોટાદ સંપ્રદાયના પૂજ્ય ધીરજમુનિ તા. ૨૮-૦૧-૨૦૨૩ ના રોજ આપણી સંસ્થાની મુલાકાતે પધાર્યા હતા. આશ્રમદર્શન સહિત તેઓશ્રીએ શ્રી આત્મસ્મૃતિમંદિર (મ્યુઝિયમ) ના દર્શન કર્યા હતા. તેઓશ્રીએ સૌને માંગલિક સંભળાવીને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

(૨) તા. ૨૯-૦૧-૨૦૨૩ ના રોજ આચાર્ય ચંદનાજી (વીરાયતન)) ના બે શિષ્યાઓ સાધ્વીશ્રી સંપ્રજ્ઞાજી અને સાધ્વીશ્રી રોહિણીજી સંસ્થાની મુલાકાતે પધાર્યા હતા. તેઓશ્રીએ મ્યુઝિયમની મુલાકાત લીધી અને રાત્રે સૌને ભક્તિ તથા સત્સંગનો લાભ આપ્યો હતો.

(૩) તા. ૨૮-૦૧-૨૦૨૩ ના રોજ સ્વામીશ્રી અસંગાનંદ સરસ્વતીજી બે દિવસ માટે સંસ્થામાં પધાર્યા હતા. તેઓશ્રી સ્વામી સત્યાનંદ સરસ્વતીના શિષ્ય તેમજ જ્ઞાનવિહાર આશ્રમ, હેરંજ (તા. વસો, જિ. ખેડા) ના પ્રેરણામૂર્તિ છે. દેશ-વિદેશમાં યોગ તથા ધ્યાન વિષયક તેઓશ્રીના પ્રવચનો યોજાતા રહે છે. સ્વામીજીએ ગુરુકુળના બાળકોને અચૌર્ય તથા જાતમહેનત કરવાની પ્રેરણા આપી હતી. સ્વામીજીએ 'પતંજલિ યોગસૂત્ર'

પર સ્વાધ્યાય આપ્યો હતો અને ધ્યાનનો પ્રયોગ કરાવ્યો હતો.

સંસ્થામાં પધારેલા ઉપરોક્ત સંતોનું ભાવવાહી સ્વાગત કરવામાં આવ્યું હતું.

## આપણી સંસ્થામાં પૂજ્યશ્રી રાકેશભાઈ તથા પૂજ્ય બહેનશ્રી રત્નાપ્રભુનું શુભાગમન

આપણી સંસ્થામાં તા. ૦૩-૦૧-૨૦૨૩ ના રોજ પૂજ્ય બહેનશ્રી રત્નાપ્રભુ (દિલ્હી) પધાર્યા હતા. કોબા પરિવારે તેઓશ્રીનું હાર્દિક સ્વાગત કર્યું. પૂજ્ય બહેનશ્રી સાથે ધર્મવાર્તા બાદ શ્રી આત્મસ્મૃતિ મંદિર (મ્યુઝિયમ) ની તેઓશ્રીએ મુલાકાત લીધી હતા. તેઓશ્રીએ મ્યુઝિયમનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર સાથે આપણી સંસ્થાના ધર્મવાત્સલ્ય સભર સંબંધો જળવાઈ રહ્યા છે. તા. ૦૯-૦૧-૨૦૨૩ ના રોજ પૂજ્યશ્રી રાકેશભાઈ આપણી સંસ્થામાં પધાર્યા હતા. તેઓના શુભાગમનથી વાતાવરણમાં સાત્ત્વિકતાના સ્પંદનો પ્રવહી ઊઠ્યા. સમગ્ર કોબા પરિવારે તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. ભાવવાહી ભક્તિ બાદ પૂજ્યશ્રી રાકેશભાઈએ શ્રી આત્મસ્મૃતિ મંદિર (મ્યુઝિયમ) ની મુલાકાત લીધી. તેઓશ્રીએ રસપૂર્વક મ્યુઝિયમ નિહાળીને પૂજ્યશ્રી આત્માનંદજીના જીવનસફરની સંક્ષિપ્ત માહિતી મેળવી અને પ્રસન્નતા વ્યક્ત કરી.

## પાલિતાણા મુકામે શ્રી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ સાનંદ સંપન્ન

પાલિતાણામાં ગિરિરાજ પર શ્રી જૈન દિગંબર મંદિરના જીર્ણોદ્ધાર સંદર્ભે બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈને શ્રી કુમારભાઈ દ્વારા જાણવા મળ્યું કે ૨૪ તીર્થંકરોની ખડગાસનયુક્ત પ્રતિમાજીઓ તેમજ યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન કે જેઓ ગિરિરાજથી મોક્ષે ગયા છે તેમની પુનઃ સ્થાપના કરવાની છે. આવા અપૂર્વ અવસરનો લાભ પૂજ્ય સાહેબજી ક્યાંથી ચૂકે ? તેઓશ્રીએ શ્રી નેમિનાથ ભગવાન તેમજ યુધિષ્ઠિર ભગવાનની સ્થાપનાનો લાભ લીધો. તેઓશ્રીએ મુમુક્ષુઓને પણ આ અવસરનો લાભ લેવા પ્રેરણા કરી અને પૂ. સાહેબની પ્રેરણા ઝીલીને ૨૪ તીર્થંકરોમાંથી ૧૯ તીર્થંકરોની સ્થાપનાનો લાભ પૂજ્યશ્રી ગોકુળભાઈ સાથે જોડાયેલા મુમુક્ષુ ભાઈ-બહેનોએ લીધો.

મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય સંપન્ન થતાં તા.૧૫-૦૧-૨૦૨૩ થી તા.૨૨-૦૧-૨૦૨૩ દરમિયાન શ્રી આદિનાથ પંચકલ્યાણક મહોત્સવ અને મૂર્તિસ્થાપનાના મહા મહોત્સવની ધર્મોલ્લાસપૂર્ણ વાતાવરણમાં ઉજવણી થઈ. પૂજ્યશ્રી ગોકુળભાઈના સાન્નિધ્યમાં દરેક મુમુક્ષુને સપરિવાર મૂર્તિસ્થાપના તેમજ દરેક દેરી પર ધજા અને કળશ ચડાવવાનો પ્રસંગ ભક્તિપૂર્વક ઉજવાઈ ગયો.

આ પ્રસંગે આપણી સંસ્થામાંથી યુવા ત્યાગી સાધકો તેમજ ટ્રસ્ટી મહોદયશ્રી શરદભાઈ ડેલીવાળા તેમજ આદ. શ્રી ઈલાબેન ડેલીવાળા ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવ બાદ કોબા સંઘે શ્રી દિગંબર જૈન મંદિર, સોનગઢતીર્થના દર્શન કર્યા. ધર્મયાત્રા દરમિયાન આચાર્ય ચંદનાજી (વીરાયતન) ના શિષ્યા સાધ્વી સંઘમિત્રા સાથે ધર્મચર્ચા થઈ. સ્થાનકવાસી સંપ્રદાયના પૂજ્યશ્રી અનિલાબાઈ મ.સ. સાથે સત્સંગ યોજાયો. શ્રીમદ્ રાજચંદ્ર સત્સંગ સેવા કેન્દ્ર, શેત્રુંજી ડેમ, પાલિતાણાની સૌએ મુલાકાત લીધી. આદ. શ્રી મનસુખભાઈ બારોટે સૌનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું.

## સંસ્થામાં મહાનુભાવોનું આગમન

[૧] સંસ્થાના નિમંત્રણને માન આપી લંડન સ્થિત ઉદ્યોગપતિ, જૈન અગ્રણી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજીના ચેરમેન, 'One Jain' સંસ્થાના પ્રમુખ, OBE ખિતાબથી નવાજિત, પૂજ્યશ્રીના આત્મીયજન અને આપણી

સંસ્થાના પાયાના પથ્થર આદ. શ્રી નેમુભાઈ તથા મીનાબેન ચંદરિયા તા. ૨૯-૦૧-૨૦૨૩ ના રોજ પધાર્યા હતા. તેઓની સાથે સમાજ અને ધર્મની સેવા બદલ OBE ખિતાબથી સન્માનિત, મહાવીર ફાઉન્ડેશનના સ્થાપક, વિદ્વાન લેખક, સ્વાધ્યાયકાર તથા પૂજ્યશ્રીના સત્સંગનો લાભ લેનાર ડૉ. વિનોદભાઈ તથા સુધાબેન કપાસી પણ પધાર્યા હતા. સાથે સાથે લંડનમાં રહીને ભારતીય સંસ્કૃતિ તથા વીતરાગ દર્શન તેમજ શાકાહારના પ્રચારક અને જીવદયા ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કરનારા આદ. શ્રી નીતિનભાઈ મહેતા પણ પધાર્યા હતા.

સંસ્થાના ટ્રસ્ટી આદ. ડૉ. રાજેશભાઈએ મહાનુભાવોનો પરિચય આપીને ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું. ટ્રસ્ટીઓ તથા મુમુક્ષુઓએ તેઓનું ભાવભીનું અભિવાદન કર્યું. ડૉ. કુમારપાળ દેસાઈના નિમંત્રણથી સૌ વિશ્વકોશ ગયા હતા. ઘણા સમયે બધાની મુલાકાતથી પૂજ્ય બહેનશ્રી તથા કોબાના સૌ સભ્યોને ખૂબ આનંદ થયો. સૌએ પૂજ્યશ્રી સાથેના ધર્મયાત્રા-સત્સંગ-ભક્તિના સંસ્મરણોને યાદ કર્યા. સૌએ ભાવપૂર્વક શ્રી પ્રભુ-ગુરુના દર્શન કરી શ્રી આત્મસ્મૃતિમંદિરના બધા વિભાગોના દર્શન કર્યા અને પૂજ્યશ્રીની આબેહૂબ મૂર્તિના દર્શન કરી ખૂબ આનંદિત થયા.

[૨] તા. ૧૯-૦૧-૨૦૨૩ ના રોજ ન્યૂજર્સી, અમેરિકાથી આદ. ડૉ. હેમંતભાઈ શાહ તથા તેઓના મિત્ર આદ. શ્રી હરિકિશનભાઈ તથા તેઓના સ્નેહીજનો આપણી સંસ્થાની મુલાકાતે પધાર્યા હતા. સંસ્થાના વિવિધ વિભાગો તેમજ મ્યુઝિયમને તેઓશ્રીએ ઝીણવટપૂર્વક નિહાળ્યા હતા. સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓથી તેઓ પ્રભાવિત થયા હતા. ઉદારદિલ એવા દાનવીર મહાનુભાવે સંસ્થાને દસ લાખ રૂપિયાની દાનરાશિ નોંધાવી છે, જે બદલ સંસ્થા તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવે છે. તેઓ ધાર્મિક ક્ષેત્રોમાં દાનની સરવાણી વહેવડાવતા રહે છે.

## પૂજ્યશ્રીની તૃતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન

પૂજ્યશ્રીની તૃતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તા. ૧૯-૦૧-૨૦૨૩ ના રોજ સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન થયા. સવારે શ્રી જિનાભિષેક બાદ પ્રતિભાસંપન્ન યુવાસાધક બા.બ્ર.આદ.કપિલભૈયા વિરચિત 'શ્રી કોબાતીર્થ પૂજા' કરવામાં આવી. પૂજ્યશ્રીનો સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે યોજાયો હતો. પૂજ્ય બહેનશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે પૂજ્યશ્રીનું વિરાટ લખાણ છે. આપણે સૌ પૂજ્યશ્રીના બોધને જીવનમાં ઉતારીએ. સત્પુરુષોની આજ્ઞામાં રહીને આપણું જીવન સફળ કરીએ. પૂજ્ય બહેનશ્રીએ પૂજ્યશ્રી આત્માનંદજીની ડાયરીમાં લિખિત બોધનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જે હકીકત છે તેનો સ્વીકાર કરો. અપ્રમત્ત સમાધિનો લક્ષ્ય રાખવો. એ દશા સિદ્ધ કરવા સત્સાધનોને દૃઢ નિશ્ચયપૂર્વક અંગીકાર કરવાં. સર્વ સત્સાધનોમાં સત્સંગ અને આત્મવિચાર મુખ્ય છે. આ સર્વની સિદ્ધિ માટે આહાર-વિહાર-નિહારની નિયમિતતા જાળવવી. જીવનની પ્રત્યેક પળનો સદુપયોગ કરવો. આદ. બા.બ્ર. સુરેશજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે જેઓનું સ્મરણ કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે તે પુણ્યતિથિ છે. સત્પુરુષના અનેકાનેક ગુણો હોય છે. પૂજ્યશ્રીના અનેક સદ્‌ગુણો પૈકી કોમળતાયુક્ત વૈરાગ્ય અને સતત આત્મજાગૃતિ ધ્યાનાકર્ષક ગુણો છે. પૂજ્યશ્રી કોઇને ખોટું ન લાગે તે રીતે સૌને વિશ્વાસમાં લઈને કાર્ય કરતા. પૂજ્યશ્રીને વ્યવહારમાં વાત્સલ્ય અને ભીતરમાં વૈરાગ્ય ઝળકતો હતો. કોઈની ભૂલ થઇ હોય તો કોમળતાથી કહે એટલે સામેની વ્યક્તિમાંથી દોષો ધીમે ધીમે જતા રહે. આત્મા આત્મસ્વભાવને પામે તેવી જાગૃતિ અને દૃઢતા જ્ઞાનીપુરુષો કરાવે છે. 'હું ચૈતન્ય સ્વભાવી આત્મા છું' તેવી જાગૃતિ પૂજ્યશ્રીને સતત રહેતી. લૌકિક બાબતોમાં તેઓશ્રીને કોઈ આશ્ચર્ય થતું નહિ. પૂજ્યશ્રીની ક્રિયામાં કરુણા, પરિણામમાં શાંતિ અને અભિપ્રાયમાં વીતરાગતા દૃષ્ટિગોચર થતા હતા.

સંસ્થામાં પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી વસુનંદિજી મહારાજના સંઘસ્થ આર્યિકા પૂજ્યશ્રી ૧૦૫ વર્ધસ્વનંદની માતાજી સંઘસહિત સંસ્થામાં પધારતાં પવિત્રતાના સ્પંદનો છવાઈ ગયા અને ધર્મોલ્લાસમય વાતાવરણ બની ગયું. પૂજ્ય આર્યિકા શ્રી ૧૦૫ વર્ધસ્વનંદની માતાજીએ હિતકારી બોધ આપતા જણાવ્યું કે અપ્રમત્ત યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યે આધ્યાત્મિક ઉન્નતિને અનેક શાસ્ત્રોના માધ્યમથી લિપિબદ્ધ કરવાનો પ્રયાસ કર્યો. શ્રાવક સત્ દેવ-ગુરુ-શાસ્ત્રનો ભક્ત હોય, સંસાર-શરીર અને ભોગોથી વિરક્ત હોય અને રત્નત્રયથી સંયુક્ત હોય. ગુરુના સાન્નિધ્યમાં રહેવાથી શરીર પ્રત્યે વિરક્ત થવાય છે. જેઓ સ્વાધ્યાયમાં મગ્ન હોય તે સમસ્ત ભોગોથી વિરક્ત હોય છે. જિનવાણી માતાની ગોદમાં બોધિની પ્રાપ્તિ થાય છે. આત્માનંદજી જેવા પુણ્યાત્માના કારણે પ્રાકૃતિક વાતાવરણમાં સંસ્થાની સ્થાપના થઈ અને ઘણા લોકો ધર્મથી જોડાયા. સૌ સમીચીન સાધના દ્વારા સમીચીન લક્ષ્ય પ્રાપ્ત કરે તેવા શુભાશીર્વાદ. સારા સંસ્કાર અને સારી સંગતિ જીવને ઉન્નતિના માર્ગે લઈ જાય છે.

સાંજે 'સમાધિમંદિર' માં પૂજ્યશ્રીના હસ્તલિખિત વચનામૃતનું વાંચન કરવામાં આવ્યું. મંત્રજાપ બાદ સૌએ ધ્યાનનો અભ્યાસ કર્યો. રાત્રે મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાવવાહી ગુરુભક્તિ પ્રસ્તુત કરી સૌના હૃદયને ગુરુપ્રેમથી પ્લાન્વિત કરી દીધા.

## સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના વિદ્યાર્થીઓનો રાજસ્થાનનો પ્રવાસ સંપન્ન

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના વિદ્યાર્થીઓનો તા. ૦૭-૦૧-૨૦૨૩ થી તા. ૦૮-૦૧-૨૦૨૩ સુધી બે દિવસનો હલ્દીઘાટી, ઉદેપુર, સીટી પેલેસ, શામળજીનો પ્રવાસ સંપન્ન થયો.

શ્રીનાથજી મંદિરના દ્વાર બંધ હોવાથી 'વિશ્વાસ સ્વરૂપ' નામના સ્થળે સૌ ગયા. ત્યાં ૩૬૯ ફૂટ ઊંચી શિવજીની પ્રતિમા છે. હલ્દીઘાટીમાં રાણા પ્રતાપ અને મુઘલો વચ્ચે થયેલ યુદ્ધની ઝાંખી કરાવતું પ્રદર્શન જોયું. ત્યારબાદ કુંભલગઢમાં રાત્રિનો 'લાઈટ શૉ' જોયા બાદ સૌએ ઉદેપુર તરફ પ્રયાણ કર્યું. ઉદયપુર પહોંચીને ગાઈડ સાથે સૌ સાઈડસીન જોવા નીકળ્યા; જેમાં સહેલીબાગ, રાજસ્થાનની સંસ્કૃતિ દર્શાવતું પ્રદર્શન ભૂલભૂલૈયા, કથપૂતળીના ખેલ, ફતેહસાગર અને રાજસ્થાનના આદિવાસીઓ દ્વારા હસ્તનિર્મિત સામગ્રીનું પ્રદર્શન જોયાં. સીટીપેલેસમાં રાણા પ્રતાપનું જીવનચરિત્ર, તેમના શસ્ત્રસરંજામ અને જીવનોપયોગી ચીજવસ્તુઓનું પ્રદર્શન નિહાળ્યું. ત્યારબાદ શામળાજીના દર્શન કરી સૌ કોબા પરત ફર્યા. ઐતિહાસિક સ્થળો નિહાળીને વિદ્યાર્થીઓને ખૂબ આનંદ આવ્યો. 'ગમ્મત સાથે જ્ઞાન' આ સિદ્ધાંતની સાર્થકતા પ્રવાસ દરમ્યાન થઈ. વિદ્યાર્થીઓના આ પ્રવાસ માટે આદ. શ્રી મહેન્દ્રભાઈ શરતચંદ્ર મહેતા (પૂના) નો આર્થિક સહયોગ સાંપડ્યો છે; જે બદલ સંસ્થા તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવે છે.

## કરુણાની ભાવનાને વાચા આપતા 'આત્માનંદ અન્નક્ષેત્ર' નો શુભારંભ

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે,

"ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન." "મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર; કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર."

આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતાં; પરોપકાર, વિનય, ક્ષમા, સાદગી, સંતોષ, સરળતા, કરુણા જેવા અનેક સદ્‌ગુણોરૂપી જળથી પોતાની જીવનલત્તાને નિરંતર નવપલ્લવિત રાખતાં, પૂજ્યશ્રીને સમર્પિત એવા ઉત્તમ મુમુક્ષુ આદ. શ્રી સુધાબેન તથા આદ. શ્રી પ્રફુલભાઈ લાખાણીએ તેઓની કરુણાની ભાવનાને વાચા આપતા 'આત્માનંદ અન્નક્ષેત્ર' નો શુભારંભ સુઘડ તથા મોટેરા ગામમાં કર્યો છે. તા. ૧૯-

૦૧-૨૦૨૩ ના રોજ પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન તથા આદ. બા.બ્ર. સુરેશજીના વરદ હસ્તે આ અન્નક્ષેત્રનો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મહાનુભાવો આદ. શ્રી બિપીનભાઈ મણિયાર, આદ. શ્રી પંકજભાઈ શાહ તથા આકાંક્ષાદીદી ઉપસ્થિત રહ્યા હતા. આદ. શ્રી પ્રફુલભાઈના પિતાશ્રી જેઠાલાલ મૂળજીભાઈ લાખાણી અન્નક્ષેત્રો ચલાવતા હતા. પિતાશ્રીના આ સુસંસ્કારના વારસાને પ્રફુલભાઈએ સુપેરે જાળવી રાખેલ છે અને આત્મકલ્યાણ સાથે આવા સુંદર પરોપકારના કાર્યો દ્વારા પૂજ્યશ્રી આત્માનંદજી દ્વારા સિંચવામાં આવેલા સુસંસ્કારોને દીપાવ્યા છે. આ અન્નક્ષેત્રમાં દરરોજ ૧૨૦ જેટલા જરૂરતમંદો લાભ લે છે. અન્નક્ષેત્ર માટે જૈન પદ્ધતિથી ભોજન બનાવવામાં આવે છે અને તિથિનું પાલન કરવામાં આવે છે. અન્નક્ષેત્રમાં ખીચડી-કઢી, રોટલી-શાક, થેપલા, પરોઠા, રોટલા જેવી પૌષ્ટિક વાનગીઓ પીરસવામાં આવે છે. આ કાર્ય માટે ડોનેશન સ્વીકારવામાં આવતું નથી, પરંતુ જો કોઈને જરૂરતમંદો માટે મિષ્ટાન્ન આપવાની ભાવના હોય તો આપી શકે છે. પરોપકારની આવી સુંદર પ્રવૃત્તિ કરવા બદલ સમસ્ત કોબા પરિવાર આદ. શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણીને અનેકશઃ ધન્યવાદ પાઠવે છે.

## બ્રિટનની પાર્લામેન્ટમાં અહિંસા એવોર્ડ મેળવનાર ડૉ. કુમારપાળ દેસાઈનું અભિવાદન

ગુજરાતની અગ્રણી સાહિત્યિક, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા બ્રિટનની પાર્લામેન્ટમાં ડૉ. કુમારપાળ દેસાઈને અપાયેલા પ્રતિષ્ઠિત અહિંસા ઍવોર્ડ માટે અમદાવાદ મેડિકલ હૉલમાં અભિવાદન કરવામાં આવ્યું. ધર્મજાગૃતિ કેન્દ્રના પ્રમુખ શ્રી પ્રમોદભાઈ શાહે કહ્યું કે છેક ૧૯૭૫થી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અમને કુમારપાળ દેસાઈનાં પ્રવચનોનો લાભ મળે છે તેમજ અન્ય પ્રસંગોએ પણ એમની પાસેથી સતત પ્રેરણા મળતી રહે છે. નેલ્સન મંડેલા, દલાઈ લામા અને આચાર્ય મહાપ્રજ્ઞજીને જે સન્માન પ્રાપ્ત થયું, તે આપણા સ્વજન કુમારપાળ દેસાઈને પ્રાપ્ત થયું છે, તેનો સહુને અપાર હર્ષ છે. જ્યારે પોઝિટિવ મિડિયાના સ્થાપક શ્રી રમેશભાઈ તન્નાએ કહ્યું કે ગુજરાતની સંસ્કારપ્રિયતાનો છેલ્લા ૬૭ વર્ષથી ચાલતી 'ઈંટ અને ઈમારત' કૉલમમાં પડઘો પડતો રહ્યો છે અને આજે એ કૉલમ સમગ્ર ભારતભરમાં વિક્રમ ધરાવે છે. તો શ્રીમતી ભારતીબેન મહેતાએ એમના જૈનદર્શનના ક્ષેત્રના કાર્યની વાત કરતાં કહ્યું કે વિશ્વની પરિષદોમાં એમના વિચારો સાંભળવા માટે સહુ કોઈ આતુર હોય છે. જૈન ધર્મ વિશે ૮૦ થી વધુ ગ્રંથો અને હજારોની સંખ્યામાં સામયિકો અને અખબારોમાં લેખ લખીને એમણે જૈનદર્શનને સાચા પરિપ્રેક્ષ્યમાં જગત સમક્ષ મૂક્યું છે. ડૉ. સુધીર શાહે કહ્યું કે જેમ સૂર્યના રથને સાત અશ્વ છે, એ જ રીતે કમારપાળભાઈ એક સાથે સાત પ્રવૃત્તિઓ કરે છે અને એ સાતેયમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરે છે. શ્રી ગૌરવભાઈ શેઠે એમની વિશ્વકોશની વૈશ્વિક કામગીરીને બિરદાવી, ત્યારે શ્રી બળવંત જાનીએ એમણે કરેલા મધ્યકાલીન સાહિત્યના યોગદાનની વાત કરી. સમારંભના પ્રમુખ શ્રી પી. કે. લહેરીએ કુમારપાળ દેસાઈના વ્યક્તિત્વનાં કેટલાંક વિલક્ષણ પાસાંઓ ઉજાગર કરી આપ્યાં. એમની કાર્યનિષ્ઠા, સમતા, પરગજુપણું, નમ્રતા અને મૅનેજમેન્ટના કેટલાંક ઉદાહરણો રજૂ કર્યા. પોતાના પ્રતિભાવમાં ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે પ્રત્યેક ઍવોર્ડ નવી જવાબદારી લઈને આવે છે. ઍવોર્ડને હું માન-સન્માન નહીં, પણ નવી પ્રેરણા અને પડકાર માનું છું. અંતે શ્રી અજયભાઈ દોશીએ આભારવિધિ કરી હતી અને મોટી સંખ્યામાં શહેરના અગ્રણી નાગરિકો આ પ્રસંગમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## શ્રીમદ્ લાલજીબાપા સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સાનંદ સંપન્ન

ચિત્રોડાના સંત પૂજ્ય લાલજીબાપાની સ્મૃતિમાં સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ ચિત્રોડા મુકામે તા. ૦૬-૦૧-૨૦૨૩ થી તા. ૦૭-૦૧-૨૦૨૩ દરમિયાન ધર્મોલ્લાસમય વાતાવરણમાં સંપન્ન થયો. શ્રીમદ્

રાજચંદ્ર આશ્રમ, ધરમપુરના અધિષ્ઠાતા પૂજ્યશ્રી રાકેશભાઈ તથા બા.બ્ર. આદ. સુરેશજીનું પાવન સાન્નિધ્ય આ કાર્યક્રમ માટે સાંપડ્યું હતું. શ્રીમદ્ લાલજીબાપા સ્મૃતિમંદિર સમિતિ (પ્રેસિડેન્ટ-શ્રી ભાવનાબેન કિરણભાઈ શાહ) અને સંપૂર્ણ ગ્રામજનોના સુંદર સહકારથી આ મહોત્સવ સંપન્ન થયો. વિશાળ સંખ્યામાં ભાવુક ભક્તોએ આ મહોત્સવમાં ભાગ લીધો હતો. તા. ૦૬-૦૧-૨૦૨૩ ના રોજ ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. પધારેલાં સંતો અને મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવ્યું. પૂજ્યશ્રી રાકેશભાઈએ વચનામૃતજીના આધારે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. આદ. બા.બ્ર. સુરેશજીએ 'ભગવાનના દર્શન કેવી રીતે કરવાં અને તેનાથી થતા લાભ' તેમજ 'ભોજનશુદ્ધિ અને વિચારશુદ્ધિ' વિષયના આધારે સચોટ શૈલીમાં સ્વાધ્યાય આપ્યા હતા. ધરમપુરથી પધારેલા ભક્તિકારોએ ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા. તા. ૦૭-૦૧-૨૦૨૩ ના રોજ ભગવાન મહાવીર, પરમકૃપાળુદેવ તથા પૂજ્ય લાલજી બાપાની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી અને પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્ય નાથૂબાપા અને પૂ. લાલજીબાપાના ચિત્રપટોની સ્થાપના કરવામાં આવી.

## બાબરા (તલોદ) ગામમાં સત્સંગ મેળાવડો સંપન્ન

તા. ૦૮-૦૧-૨૦૨૩ ના રોજ તલોદ પાસે આવેલા બાબરા ગામમાં શ્રી યમુનાબેનની ભાવનાને કારણે શ્રી જશુભાઈ પટેલ દ્વારા સત્સંગ મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. આદ.બા.બ્ર. સુરેશજીએ 'સત્સંગીથી સાધક બનવું' વિષયના આધારે સ્વાધ્યાય આપ્યો હતો. આશરે ૩૦૦૦ જેટલા ભક્તોએ સત્સંગનો લાભ લીધો હતો.

## અનુમોદના

ઘણા સમયથી દર વર્ષે શિયાળામાં ગુરુકુળના વિદ્યાર્થીઓ અને મુમુક્ષુઓ માટે સેવાભાવી સાધકો આદ. શ્રી મહેન્દ્રભાઈ અને આદ. શ્રી વીણાબેન ખંધાર લીંબડીથી ખાસ ગુંદર, દેશી ગોળ, સૂકોમેવો અને વસાણું સાથેનું શુદ્ધ કાળા તલનું કચરિયું મંગાવીને દરેકને ૫૦૦ ગ્રામ (કુલ ૬૦ કિલો)ની પ્રભાવના કરે છે. આ વર્ષે પણ તેઓએ કચરિયાની પ્રભાવના કરેલ છે તે સરાહનીય છે અને સંસ્થા તેની અનુમોદના કરે છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| | | | |
|---|---|---|---|
| **સાધારણ :** | (૧) | શ્રી રાજેન્દ્રભાઈ ભક્તા, U.S.A. | રૂા. ૩૦,૦૦,૦૦૦/- |
| | (૨) | શ્રી ચંદ્રકાંત ડી. લશ્કરી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ<br>હસ્તે : શ્રી જાબાલભાઈ લશ્કરી | રૂા. ૨૫,૦૦૦/- |
| | (૩) | બીનાબેન સોમાણી, અમદાવાદ | રૂા. ૧૦,૦૦૦/- |
| **પાણીના હવાડા માટે :** | (૧) | શ્રી નિરૂપમાબેન પ્રમોદભાઈ તલસાણીયા, મુંબઈ | રૂા. ૨૧,૦૦૦/- |
| **ગુરુકુળ :** | (૧) | શ્રી લતાબેન રમેશભાઈ શાહ, અમદાવાદ | રૂા. ૧૦,૦૦૦/- |
| **વવાણિયા પ્રતિષ્ઠા :** | (૧) | ડૉ. રાજેશભાઈ સોનેજી, અમદાવાદ | રૂા. ૧૧,૦૦૦/- |
| | (૨) | શ્રી દીનાબેન નીતિનભાઈ પારેખ, મુંબઈ | રૂા. ૧૧,૦૦૦/- |
| | (૩) | શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ, અમદાવાદ | રૂા. ૧૧,૦૦૦/- |
| | (૪) | શ્રી બકુલભાઈ પારેખ, ચેન્નાઈ | રૂા. ૧૧,૦૦૦/- |

|  |  |  |  |
|---|---|---|---|
|  | (૫) | શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણી, કોબા | રૂા. ૧૧,૦૦૦/- |
|  | (૬) | શ્રી પ્રદીપભાઈ અને શ્રી હાર્દિકાબેન શાહ, U.S.A. | રૂા. ૧૧,૦૦૦/- |
| **વૈયાવચ્ચ :** | (૧) | શ્રી મનીષાબેન સુધીરભાઈ છેડા, મુંબઈ (જ્ઞાનદાન) | રૂા. ૧૦,૦૦૦/- |

## 'દિવ્યધ્વનિ સહાયક અનુદાતા' દાનવીર મહાનુભાવો

સંસ્થામાં 'દિવ્યધ્વનિ સહાયક અનુદાતા' તરીકે યોગદાન આપનારા દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

|  |  |  |
|---|---|---|
| (૧) | શ્રી ગુણવંતીબેન મનહરલાલ જસવાણી, મુંબઈ | રૂા. ૨,૧૦૦/- |
| (૨) | શ્રી રોહિતકુમાર અંબાલાલ ખંધાર, મુંબઈ | રૂા. ૨,૧૦૦/- |
| (૩) | શ્રી મહેન્દ્રભાઈ શરતચંદ્ર મેહતા, પૂના | રૂા. ૨,૧૦૦/- |

## વિશેષ નોંધ

**શ્રી 'દિવ્યધ્વનિ'ના નવેમ્બર-૨૦૨૨ ના અંકમાં અદોશ મેમોરીઅલ ચેરીટેબલ ટ્રસ્ટ-USA (હ.શ્રી સિદ્ધાર્થભાઈ) દ્વારા મોકલેલ દાન આદરણીય સ્વ. શ્રી ઉષાબેન કિશોરભાઈ શેઠની online પ્રાર્થનાસભા દરમિયાન તેમના પરિવારજનો દ્વારા જાહેર કરેલ સહયોગ પેટે આ દાનરાશિ ગુરુકુળ તેમજ અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓને વેગ આપવા મોકલેલ છે.**

## વૈરાગ્ય સમાચાર



**[૧] મુંબઈ :** પરમકૃપાળુદેવના અનન્ય ભક્ત, પૂજ્યશ્રી આત્માનંદજીના અનુયાયી, આપણી સંસ્થાના ભૂતપૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી સ્વ. શ્રી જયંતભાઈ એમ. શાહના ધર્મપત્ની **શ્રીમતી ઈન્દિરાબેન જયંતભાઈ શાહ**નું તા. ૨૭-૧૨-૨૦૨૩ ના રોજ ૮૮ વર્ષની વયે દેહાવસાન થયું છે. બાળપણથી જ તેઓ તત્ત્વમાં રુચિ ધરાવતા હતા. ધર્મમાં રુચિ ધરાવતા શ્રી જયંતભાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાતાં ઈન્દિરાબેનની આધ્યાત્મિક યાત્રાને વેગ મળ્યો. સને ૧૯૯૦ થી તેઓએ આપણી સંસ્થામાં સ્થાયી નિવાસ કરીને સાધના અને સેવામાં નિમગ્ન બની ગયા. તેમણે સંસ્થાના ભોજનાલય વિભાગમાં નિઃસ્વાર્થ સેવાઓ પૂરી પાડી હતી. સાધકોને સાત્ત્વિક આહાર મળી રહે તેમજ રસોઈમાં વપરાતા અનાજ અને મસાલાની શુદ્ધિ જળવાઈ રહે તેની તેઓ ખૂબ કાળજી રાખતા. તેઓશ્રીનું જીવન એક આદર્શ જીવન હતું. તેઓ સાદગીપૂર્ણ અને શિસ્તબદ્ધ વ્યવહારના આગ્રહી હતા. ભારતીય સંસ્કૃતિના વિશેષ હિમાયતી હતા. તેઓશ્રીએ પોતાની જીવનરૂપી લત્તાને અનેક સદ્ગુણોરૂપી જળના સિંચન દ્વારા નવપલ્લવિત રાખી હતી. તેઓ સત્શાસ્ત્રોના ખૂબ અભ્યાસી હતા. તત્ત્વરુચિ એ તેઓશ્રીના જીવનની ધ્યાનાકર્ષક વિશેષતા હતી. સ્વ. જયંતભાઈ તથા ઈન્દિરાબેનની સાધના અને સેવા આપણા સૌ માટે ખૂબ પ્રેરણાદાયી છે. તેઓએ પોતાના કુટુંબીજનોને સત્યધર્મ અને ભારતીય સંસ્કૃતિના સંસ્કાર આપ્યા છે. તેઓશ્રીના વિનય, સરળતા, સ્વાધ્યાયશીલતા, પ્રેમપૂર્ણ વ્યવહાર વગેરે સદ્ગુણો આપણા હૃદયને સ્પર્શી જાય છે. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને અત્યંત અહોભાવ હતો.

જીવનના અંતિમ દિવસ પર્યંત તેઓએ નિત્યક્રમ, જાપ, ભાવપૂજા અને સ્વાધ્યાયમાં સમય વીતાવ્યો અને પરમકૃપાળુદેવ તથા સદ્ગુરુ સાથે અનુસંધાન જાળવી રાખ્યું હતું. માંદગીના સમયે તેઓએ શાંતિ અને સમતાભાવ રાખ્યો હતો. 'હું દેહ નથી પણ આત્મા છું' તેનું સ્મરણ તેઓ કરતા હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને આવતા ભવોમાં તેઓ વિશેષ આરાધના કરી શીઘ્ર પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.





શ્રી પંચકલ્યાણક પ્રતિષ્ઠા (પાલિતાણા)

ડૉ. કુમારપાળ દેસાઈનું અભિવાદન





શ્રી લાલજીબાપા સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા (ચિત્રોડા)






'આત્માનંદ અન્નક્ષેત્ર'નો શુભારંભ





ગુરુકુળના બાળકોનો રાજસ્થાન પ્રવાસ

ગુરુકુળના બાળકોને પ્રભાવના

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**

**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : L-5-131-GAMC-309/2021-2023 issued by SSP Ahmedabad Valid upto 31-12-2023 - Publication Date 15th of every month**



**પૂજ્યશ્રીની તૃતીય પુણ્યતિથિના અવસરે 'સમાધિમંદિર' માં મંત્રજાપ તથા ધ્યાન**

## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી - ૨૦૨૩ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**સ્વ. શ્રીમતી શૈલાદેવી નવલકિશોર જૈનના આત્મસ્મરણાર્થે**

(પં. સિદ્ધસેન જૈન પરિવાર) હસ્તે : શ્રી સુરેખાબેન પ્રદીપકુમાર જૈન, ઉસ્માનપુરા, અમદાવાદ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી - ૨૦૨૩ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**શ્રી ઉષાબેન રસિકલાલ મહેતા પરિવાર, પૂના**

હસ્તે : શ્રી ઉષાબેન મહેતા

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,